# સમ્યક્દર્શન અને આત્મશકિત

-: સંપાદક :-

એક સાધક મુમુક્ષુ


❖ પ્રકાશક ❖

**સાધક મુમુક્ષુવતી-રસિકભાઈ શાહ**

એ/૪૪, આશિષ - કર્મચારીનગર, વિભાગ-૨,

ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

# વિચાર કણિકા

(૧) મૌન એ સાધનાનું મુખ્ય હથિયાર છે. અંતર્મુખ થવા માટે એ અગત્યનું સાધન છે.

(૨) સાધના કરતાં કરતાં પોતાની સ્થિતિ જેવી હોય તેવી જ સમજીને ચાલવાથી જ ફાયદો થાય તેમ છે.

(૩) 'આત્મલક્ષી' સાધના એ બે ચાર કલાક માટેની નથી, પણ તે તો અહોનિશ કરવાની સાધના છે.

(૪) જેમ જેમ વૈરાગ્ય અને ઉપશમભાવ વધે તેમ તેમ વિવેક યથાતથ્ય પ્રગટે અને સાધનામાં આગળ વધવું સહેલું થઈ જાય.

(૫) સાધનાના દાતા પ્રત્યે, સાધના પ્રત્યે, શ્રધ્ધા, નિષ્ઠા અને અપૂર્વતામાં સતત વધારો થવો જરૂરી છે.

(૬) હૃદયની વિશાળતા, જિતેન્દ્રિયપણું, સરળતા અને માધ્યસ્થભાવમાં સતત વધારો થવો એ સાધના માટે જરૂરી છે.

(૭) સાધક તરીકેના સંસ્કાર એ પહેરવા-ઓઢવાની વસ્તુ નથી તેને તો હૃદયમાં ઉગાડવાના છે, જાળવવાના છે, પોષવાના છે. અને જીરવવાના છે.

(૮) માણસમાં અંતઃકરણ અને જીભ સૌથી શ્રેષ્ઠ અને બુરામાં બુરી વસ્તુ છે. જો અંતઃકરણમાં ભલાઈનો વાસ અને જીભમાં સચ્ચાઈનો વાસ હોય તો શ્રેષ્ઠ ગણાય, પણ તે બન્નેનો દુરુપયોગ કરવાથી મનમાં વાસનાઓ ઊભરાય અને જીભમાં જૂઠાણું ઊભરાય.

(૯) સાધકે સ્વાધીન બનવાનું છે, સ્વચ્છંદી નહીં.

(૧૦) સાધકે ગતિભ્રષ્ટ, મતિભ્રષ્ટ અને વૃત્તિભ્રષ્ટનો શિકાર ન બને તે જોતા રહેવાનું છે.

# સમ્યક્દર્શન
# અને
# આત્મશક્તિ

-: સંપાદક :-

એક સાધક મુમુક્ષુ

❖ પ્રકાશક ❖

**સાધક મુમુક્ષુવતી–રસિકભાઈ શાહ**

એ/૪૪, આશિષ - કર્મચારીનગર, વિભાગ-૨,

ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧

**પ્રથમ આવૃત્તિ :** સં.-૨૦૬૨, કારતકસુદ-૫ (જ્ઞાનપાંચમ)
ઈ.સ. ૨૦૦૫ -'૫ નવેમ્બર

**પ્રત :- ૫૦૦**

**મૂલ્ય : સ્વાધ્યાય**

**પ્રાપ્તિસ્થાન :**
**રસિકભાઈ શાહ**
એ/૪૪, આશિષ-કર્મચારીનગર,
વિભાગ-૨, ઘાટલોડિયા
અમદાવાદ-૩૮૦૦૬૧

**મુદ્રક :**
**નૈષધ પ્રિન્ટર્સ**
મ્યુનિસિપલ શાળા પાસે,
નારાણપુરા, ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૨૭૪૯૧૬૨૭

## ❖ પ્રસ્તાવના ❖

થોડાક સાધકોએ નિવૃત્તિ ક્ષેત્રમાં ભેગા થઈને આજ્ઞાભકિત, ધ્યાન, આત્મસિધ્ધિનું પારાયણ તેમજ સ્વાધ્યાય કરેલા. તે વખતે થયેલા સ્વાધ્યાયની નોટ એક સાધક મુમુક્ષુએ કરેલ. તે નોટને વ્યવસ્થિત કરીને તેમજ બીજા જરૂરી પુસ્તકોનો સહારો લઈને આ અધ્યાત્મને પોષણ મળે તેવું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આત્મસાધના કરતા સાધકોને સાધના વિષેની ઘણી માહિતી મળી રહે તેવી રચના છે. તેનો ઉપયોગ કરી સાધકો આગળ વધવા માટે પ્રયત્ન કરશે તો આ પુસ્તકનું પ્રકાશન થયું છે તે સફળ થયું ગણાશે.

- એક સાધક

## -: અનુક્રમણિકા :-


| | | |
|---|---|---|
| (૧) | પંડિત પ્રવર ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી | ૩. |
| (૨) | પરમાર્થ વચનિકા - પં. બનારસીદાસજી | ૩૨. |
| (૩) | ઉપાદાન નિમિત્તની ચિઠ્ઠી - પં. બનારસીદાસજી | ૪૭. |
| (૪) | આત્મ વિચારણા-(નિયમસાર કળશના આધારે) | ૫૫. |
| (૫) | આત્મની ૪૭ શકિતઓ | ૭૦. |

## પ્રકરણ :- ૧

# પંડિત પ્રવર ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી

## શ્રી

**સિધ્ધ શ્રી મુલતાન નગર મહાશુભસ્થાનવિષે સ્વધર્મી ભાઈ અનેક ઉપમાયોગ્ય અધ્યાત્મરસરોચક ભાઈશ્રી ખાનચંદજી, ગંગાધરજી, શ્રીપાલજી સિદ્ધારથદાસજી આદિ સર્વ સ્વધર્મી યોગ્ય લિ. ટોડરમલના શ્રી પ્રમુખ વિનય શબ્દ અવધારજોવ અહીં યથાસંભવ આનંદ છે, તમને ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃધ્ધિ ચાહું છું.**

પં. શ્રી ટોડરમલજીએ આજથી ૨૫૦ વર્ષ પહેલાં (સં.-૧૮૧૧)મા લખેલ છે. પત્રની શરૂઆત 'શ્રી' એટલે સિધ્ધસ્વરૂપ જે આત્મલક્ષ્મી તેનું પ્રથમ સ્મરણ કરીને કરી છે. વળી કહે છે કે અમને અહીં યથાસંભવ આનંદ છે, અને તમને ચિદાનંદના અનુભવથી સહજાનંદની વૃધ્ધિ ચાહું છું. એટલે કે સહજ આનંદ તો ચૈતન્યના અનુભવમાં જ છે અને એની જ ઈચ્છા છે, એના સિવાય **બીજી** કોઈ ઈચ્છા **નથી**. **તમને** પણ **એમ** જ હો. **અતીન્દ્રિય્** સુખની વૃધ્ધિ સામાને પણ **થાઓ એમ ઈચ્છે** છે. **અંદરથી આત્મા પ્રત્યે પ્રેમ** જાગવો જોઈએ. અધ્યાત્મનો **રસ જેને કંઈક** હોય અને પોતાના આત્માનું કલ્યાણ કરવાની ધગશ હોય એને આ વાત ગમે તેવી છે. પણ આવા જીવો મળવા દુર્લભ છે.

**બીજું, તમારો એક પત્ર ભાઈશ્રી રામસિંઘજી ભુવાનીદાસજીને આવ્યો હતો. તેના સમાચાર જહાનાબાદથી અન્ય સ્વધર્મીઓએ લખ્યા હતા.**

**ભાઈશ્રી, આવા પ્રશ્ન તમારા જેવા જ લખે. આ વર્તમાનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. ધન્ય છે તેમને જે સ્વાનુભવની વાર્તા પણ કરે છે.**

'સિધ્ધ સમાન સદા પદ મેરો' એવી અંતરદષ્ટિ અને એના સ્વાનુભવની ભાવના કરનાર જીવો ખરેખર ધન્ય **છે**. **એ** આ વાતનો આધાર આપતાં પત્રમાં લખે છે કે :-

**तत्प्रति प्रीतिचितेन, येन वार्तापि हि श्रुता ।**
**निश्चितं सः भवेद्भव्यो, भाविनिर्वाणभाजनम् ॥**

**पद्मनन्दिपंचविंशतिका ( एकत्वशोतिः २३ )**

**અર્થ :- જે જીવે પ્રસન્નચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત જ સાંભળી છે તે ભવ્યપુરૂષ ભવિષ્યમાં થનારી મુકિતનો નિશ્ચયથી પાત્ર થાય છે, અર્થાત્ તે જરૂર મોક્ષમાં જાય છે.**

અહીં કહ્યું કે જે જીવે માત્ર આત્માની વાત જ સાંભળી છે તે નિશ્ચયથી મોક્ષનો પાત્ર બને છે. તે ચૈતન્યસ્વરૂપની વાત પ્રસન્નચિત્તથી સાંભળે તેની મુકિત નિશ્ચિત છે. તો પ્રસન્નચિત્ત કોને કહેવાય ?

જ્યાં સુધી જીવમાં મળ-કષાય પરિણતિ એટલે રાગ-દ્વેષરૂપ પરિણામ વર્તે છે ત્યાં સુધી તે મલિન ચિત્તવાળો કહેવાય. જેમ જેમ કષાય મંદ થાય તેમ તેનામાં વિશુધ્ધિ આવે છે. અને ત્યારે તેને આત્માની વાતો સાંભળવાની રૂચિ થાય છે, પછી તે પ્રમાણે તેમ વર્તવાનો પુરૂષાર્થ કરતાં ક્યારેક વિશુધ્ધિનાં અંશો વધતાં તેને આત્મઅનુભવ થાય છે. અને તેનાં આધારે તે છેવટની સ્થિતિ પ્રાપ્ત કરે છે. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ સાહેલ પહેલા ઋષભદેવ સ્વામીના સ્તવનમાં કહે છે કે :-

**"ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ"**

અંતરમાં જે મળાદિ દોષો ભર્યા છે તેને દૂર કરીને જે ચિત્ત વિશુધ્ધ થયું (પ્રસન્ન થયું) અને તે દ્વારા કરવામાં આવેલી પૂજા છે તે અખંડિત છે. એટલે કે ખંડપણાને પામતી નથી. માટે જ અહીં કહ્યું કે પ્રસન્નચિત્તથી જો આત્માની વાત પોતાના શુધ્ધસ્વરૂપને પામવાના લક્ષે સાંભળે તો તે પોતાના શુધ્ધસ્વરૂપને અવશ્ય પામશે.

સમયસાર ગાથા-૪માં કહ્યું છે કે :- કામભોગ અને બંધનની કથા તો સર્વે જીવોએ પૂર્વે અજ્ઞાનીપણે અનંતવાર સાંભળી છે, પરિચયમાં લીધી છે અને તેનો અનુભવ પણ કર્યો છે, પરંતુ પરથી વિભકત-(જુદો) જ્ઞાનાનંદસ્વરૂપ એકાકાર આત્માની વાત પૂર્વે કદી સાંભળી નથી, પરિચયમાં લીધી નથી ને તેનો અનુભવ પણ કર્યો નથી. તેણે ચૈતન્યનો પક્ષ નથી કર્યો પણ રાગના પક્ષમાં જ તે રોકાયો છે. સ્વભાવમાં ઉલ્લાસ આવે તો તે તરફ વળીને પુરૂષાર્થ વડે તેનો અનુભવ કરે જ.

**ભાઈશ્રી, તમે જે પ્રશ્નો લખ્યા તેના ઉત્તર મારી બુધ્ધિ અનુસાર કંઈક લખું છું તે જાણશો અને અધ્યાત્મ આગમનો ચર્ચાગર્ભિત પત્ર તો શીઘ્ર**

**શીઘ્ર આપ્યા કરશો. મેળાપ તો કદી થવો હશે ત્યારે થશે, અને નિરંતર સ્વરૂપાનુભવનો અભ્યાસ રાખશોજી શ્રીઃ અસ્તુ.**

કેવી સરસ આધ્યાત્મિક ભાવના ભાવે છે, અને પોતાની નિર્માનતા બતાવે છે.

**હવે, સ્વાનુભવદશા વિષે પ્રત્યક્ષ-પરોક્ષાદિક પ્રશ્નોના ઉત્તર સ્વબુધ્ધિ અનુસાર લખું છુ-**

**તેમાં પ્રથમ જ સ્વાનુભવનું સ્વરૂપ, જાણવા અર્થે લખું છું :-**

**જીવ (નામનો ચેતન) પદાર્થ અનાદિ (કાળ)થી મિથ્યાદૃષ્ટિ છે; ત્યાં સ્વપરના યથાર્થરૂપથી વિપરીત શ્રધ્ધાનનું નામ મિથ્યાત્વ છે. વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ-ક્ષય-ક્ષયોપશમથી સ્વ-પરના યથાર્થશ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થશ્રધ્ધાન થાય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. માટે સ્વ-પરના શ્રધ્ધાનમાં શુધ્ધાત્મશ્રધ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે.**

ચેતન નામનો પદાર્થ જે કર્મ સહિત છે તેને જીવ કહેવામાં આવે છે અને તેને અનાદિથી મિથ્યાદૃષ્ટિ કહ્યો છે કારણ સ્વ અને પરનું યથાર્થરૂપથી શ્રધ્ધાન કર્યું નથી. મિથ્યાત્વ એટલે ઊંધી સમજણ દા.ત. દેહને જ આત્મા માનવો અને તેને પોતાનો માનીને બધી ક્રિયાઓ કરવી. અનાદિકાળથી આવી ઊંધી સમજણના કારણે ચૈતન્ય પદાર્થ આત્મા હું પોતે જ પ્રયોજનભૂત પદાર્થ ઉપાદેય છું એમ જાણ્યું નથી અને જડ પદાર્થ તે હેય તત્ત્વ છે, તે છોડવા યોગ્ય છે એમ જાણ્યું નથી, શ્રધ્ધાનમાં આવ્યું નથી **તેથી** ભવભ્રમણ ટળ્યું નથી. આ મિથ્યાતત્વનું ફળ છે.

હવે કોઈક જીવ દર્શનમોહનો અનુભાગ ઘટવાથી તેના ઉપશમ-ક્ષય-ક્ષયોપશમથી સ્વ-પરના યર્થાથ શ્રધ્ધાનરૂપ તત્ત્વાર્થ શ્રધ્ધાન કરે ત્યારે તે સમ્યક્ત્વી થાય છે.

યથાર્થ શ્રધ્ધાના એટલે શું ? જે વસ્તુ છે તેને જેમ છે તેમ જાણવી અને તે પ્રમાણે તેની સાથે તેવું આચરણ કરવું. સ્વ એ મારા માટે ઉપાદેય તત્ત્વ છે એમ જાણી તેનો આદર કરવો અને પર એ મારા માટે હેય તત્ત્વ છે અમે જાણી તેને છોડવું.

તત્ત્વાર્થ શ્રધ્ધાન એટલે શું ? તત્ત્વ અને અર્થ સહિત શ્રધ્ધાન કરવું.

જેમ કોઈને જ્ઞાન-દર્શનાદિક વા વર્ણાદિકનું તો શ્રધ્ધાન હોય કે 'આ જાણપણું છે, આ શ્વેતવર્ણ છે'. ઈત્યાદિ પ્રતીતિ તો હોય પરંતુ જ્ઞાનદર્શન આત્માનો સ્વભાવ છે અને હું આત્મા છું તથા વર્ણાદિક પુદ્‌ગલનો સ્વભાવ છે અને પુદ્‌ગણ મારાથી ભિન્ન જાુદો પદાર્થ છે. એ પ્રમાણે પદાર્થનું શ્રધ્ધાન ન હોય તો ભાવનું શ્રધ્ધાન કાર્યકારી નથી. 'હું આત્મા છું' એવું શ્રધ્ધાન કર્યું પણ આત્માનું સ્વરૂપ જેવું છે તેવું શ્રધ્ધાન ન કર્યું તો ભાવના શ્રધ્ધાન વિના પદાર્થનું શ્રધ્ધાન પણ કાર્યકારી નથી માટે તત્ત્વસહિત અર્થનું શ્રધ્ધાન તે જ કાર્યકારી છે. (મો.પ્ર.પાનું-૩૨૭) એટલે હું આત્મા છું અને મારો જાણપણાનો ગુણ છે એ ભાવ કાર્યકારી છે.

હવે જે જીવ આવી રીતે યર્થાથપણે તત્ત્વાર્થ શ્રધ્ધાન પ્રથમ બુધ્ધિના સ્તરે સ્થિર કરે છે તો તેને તેમાંથી સમ્યકૃત્વનો આર્વિભાવ થવાની શકયતા રહેલી છે. માટે જ કહ્યું કે સ્વ-પરના શ્રધ્ધાનમાં શુધ્ધાત્મશ્રધ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે.

**વળી જો સ્વ-પરનું શ્રધ્ધાન નથી અને જૈનમતમાં કહેલા દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેને માને છે તથા સાત તત્ત્વોને માને છે, અન્ય મતમાં કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માનતો નથી તો એવા કેવળ વ્યવહાર સમ્યકૃત્વ વડે તે સમ્યકૃત્વી નામને પામે નહિ, માટે સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રધ્ધાન હોય તે સમ્યકૃત્વ જાણવું.**

અરિહંતાદિકનું શ્રધ્ધાન થવાથી વા કુદેવાદિનું શ્રધ્ધાન દૂર થવાથી ગૃહિત મિથ્યાત્વનો અભાવ થાય છે, પણ તે સમ્યકૃત્વનું સર્વથા લક્ષણ નથી. તેણે અરિહંતાદિકનું શ્રધ્ધાન કર્યું પણ જયાં સુધી તત્ત્વાર્થ શ્રધ્ધાન નથી થયું ત્યાં સુધી તે અરિહંતાદિકના સ્વરૂપને પણ યથાર્થપણે ઓળખી ન શકે અને તેનો પક્ષ કરે. તે અરહિંત-ભગવાનનું જેવું શુધ્ધ સ્વરૂપ છે તેવું શુધ્ધસ્વરૂપ મારું સત્તામાં પડયું છે. વળી તે સ્વરૂપ પ્રગટ કરવા સદ્‌ગુરુ કે જેમણે તત્ત્વાર્થ શ્રધ્ધાન કર્યું છે તેમનો આશ્રય સ્વીકારવો જોઈએ અને તો મારો રત્નત્રય પ્રગટ થવારૂપ સ્વરૂપ રમણતારૂપ ધર્મ આર્વિભાવ પામે. આ લક્ષ તે ત્રણે, દેવ, ગુરુ અને ધર્મને માનતો હોવા છતાં હોતો નથી તેથી સમ્યકૃત્વ કહ્યું નથી. વળી તે સાત તત્ત્વ-જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ તત્ત્વોનું અસ્તિત્વ છે એમ માને છે. જીવ છે પણ તે જીવ તત્ત્વ હું

અને અજીવ છે પણ તે અજીવ તત્ત્વ મારાથી જીુદું છે એમ જાણતો નથી. જીવ અને અજીવ બન્ને તત્ત્વમાં પોતાપણું સ્થાપ્યું છે. તેથી સાત તત્ત્વના અસ્તિત્વને માનવાથી પણ સમ્યક્ત્વ કહેવાય નહીં. પણ જ્યારે તે સ્વ-પરના ભિન્ન શ્રધ્ધાનનું પ્રયોજન સમજી સ્વને-પોતાને પોતારૂપ જાણે એટલે કે આત્મામાં અહંબુધ્ધિ ધારણ કરે અને શરીર આદિ જડ પદાર્થમાં પર-બુધ્ધિ ધારણ કરી પરરૂપે તેની સાથે પ્રવર્તન કરે. આમ સ્વ-પર ભેદ-વિજ્ઞાનપૂર્વક જ્યારે તે પ્રવર્તે ત્યારે સમ્યગ્દર્શન થયું જાણવું.

હે ભાઈ ! આ તો સર્વજ્ઞનો નિર્ગ્રંથમાર્ગ છે. જો તું સ્વાનુભવ વડે મિથ્યાત્વની ગાંઠ ન તોડ તો નિર્ગ્રંથમાર્ગમાં કઈ રીતે આવ્યો ગણાય ? જન્મ મરણની ગાંઠ ન તોડી તો નિર્ગ્રંથમાર્ગમાં જન્મીને તે શું કર્યું ? ભાઈ ! આવો અવસર મળ્યો તો એવો ઉદ્યમ કર કે જેથી આ જન્મમરણની ગાંઠ તૂટે ને અલ્પકાળમાં મુકિત થાય.

**વળી એવા સમ્યક્ત્વી થતાંની સાથે, જે જ્ઞાન (પૂર્વે) પાંચ ઈન્દ્રિય તથા છઠ્ઠા મન દ્વારા ક્ષયોપશમરૂપ મિથ્યાત્વદશામાં કુમતિ, કુશ્રુતરુપ થઈ રહ્યું હતું તે જ જ્ઞાન હવે મતિશ્રુતરૂપ સંમ્યક્જ્ઞાન થયું. સમ્યગ્દષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાનરૂપ છે.**

એકવાર સમ્યગ્દર્શન થયું પછી સમ્યગ્દષ્ટિ જે કોઈપણ પદાર્થનું જાણપણું કરશે તેમાં હેય તત્ત્વને હેય સમજીને છોડશે અને ઉપાદયે તત્ત્વને આદરવા યોગ્ય સમજીને આદરશે માટે તેના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે. મિથ્યાત્વરૂપી વિષ નીકળી જવાથી અને સમ્યગ્દર્શનનું બળ હોવાથી તેનું જાણપણું સમ્યક્ થાય છે.

આ જ અર્થનું એક વાકય પરમકૃપાળુદેવ પત્રાંક ૮૩૯માં લખે છે :-

**'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું. તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપે કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'**

અહીં પણ સમ્યગ્દર્શનનું મહાત્મ્ય ગાયું છે કારણ અનંતકાળથી જે મિથ્યાત્વદશામાં જે જ્ઞાન કુમતિ, કુશ્રુતરૂપે પ્રવર્તતું હતું તે સમ્યગ્દર્શન પ્રગટ થતાની સાથે સમ્યક્રૂપે પ્રવર્તવા લાગ્યું. તેથી સમ્યગ્દર્શનને નમસ્કાર કર્યા.

**એ (સમ્યગ્દષ્ટિગ જો કદાચિત્ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ પણ જાણે તો તે આવરણજનિત ઔદયિક અજ્ઞાનભાવ છે; અને ક્ષયોપશમરૂપ પ્રગટ જ્ઞાન છે તે તો સર્વ સમ્યગ્‌જ્ઞાન જ છે, કેમકે જાણવામાં પદાર્થોને વિપરીત રૂપે સાધતું નથી. માટે તે સમ્યગ્‌જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. જેમ થોડુંક મેઘપટલ (-વાદળ) વિલય થતાં જે કાંઈ પ્રકાશ પ્રગટે છે તે સર્વ પ્રકાશનો અંશ છે (તેમ)**

ઉપર કહેલી વાત સમજવા માટે મોક્ષમાર્ગ પ્રકાશ અધિકાર-૪થો પાનું ૮૦ ઉપર લખ્યું છે તે જોઈએ.

અપ્રયોજનભૂત વા પ્રયોજનભૂત પદાર્થોને ન જાણવા વા યથાર્થ-અયથાર્થ જાણવામાં આવે છે તેમાં તો માત્ર જ્ઞાનની જ હીનતા-અધિકતા થાય છે એટલો જ જીવનો બગાડ-સુધાર છે અને તેનું નિમિત્ત તો જ્ઞાનાવરણ કર્મ છે. પરંતુ પ્રયોજનભૂત પદાર્થોને અન્યથા વા યથાર્થ શ્રધ્ધાન કરવાથી જીવનો કાંઈ બીજો પણ બગાડ સુધાર થાય છે તેથી તેનું નિમિત્ત દર્શનમોહ કર્મ છે.

આ વાત એવી છે કે જો સમજે તો અંદર સ્વાનુભૂતિનો રંગ ચડી જાય, ને રાગનો રંગ ઊતરી જાય. આત્માની શુધ્ધ અનુભૂતિ રાગના રંગ વગરની છે; જેને આવી અનુભૂતિનો રંગ છે તે રાગથી રંગાઈ જતો નથી.

હે જીવ ! એકવાર આત્મામાંથી રાગનો રંગ ઊતારી સ્વાનુભૂતિનો રંગ ચડાવ.

સ્વાનુભૂતિપૂર્વક થતું સમ્યગ્‌દર્શન તે મોક્ષનું દ્વાર છે; તેના વડે જ મોક્ષનો માર્ગ ઊઘડે છે એનો ઉદ્યમ એ જ દરેક મુમુક્ષુનું પહેલું કામ છે અને દરેક મુમુક્ષુથી આ થઈ શકે તેવું છે.

એક ક્ષણભરના સ્વાનુભવથી જ્ઞાનીને જે કર્મો તૂટે છે. અજ્ઞાનીને લાખો ઉપાય કરતાં પણ એટલાં કર્મ તૂટતાં નથી. આમ સમ્યક્‌ત્વનો-સ્વાનુભવનો કોઈ અચિંત્ય મહિમા છે એમ સમજીને હે જીવ ! તેની આરાધનામાં તત્પર થા.

હજારો વર્ષના શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવ સમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે.

અહીં સમ્યગ્‌દષ્ટિ જે ઘટપટાદિ પદાર્થોને અયથાર્થપણે જાણે એટલે

કે તેને વિપરીત જાણે તો તેનું કારણ જ્ઞાનાવરણ કર્મ છે અને જે સમ્યગ્દર્શન પ્રગટ થયું તે દર્શનમોહનો ક્ષયોપશમ થવાથી થયું છે તેથી ઘટપટાદિ જે અપ્રયોજનભૂત પદાર્થને યથાર્થ ન જાણે તો પણ સમ્યગ્દર્શન તેમનું તેમ રહે છે. માટે સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી સમ્યગ્જ્ઞાનથી સમ્યક્પણે જ જાણવાનું બને છે અને તેથી તેને કેવળજ્ઞાનનો અંશ કહ્યું છે. એના માટે દાખલો આપે છે કે વાદળ ઘેરાયેલા હતાં તેથી સૂર્યનો પ્રકાશ દેખાતો નહોતો. પણ થોડું વાદળ ખસતાં એના થોડા કિરણો દેખાયા અને તે સંપૂર્ણ દૂર ખસવાથી સૂર્યનો પ્રકાશ સંપૂર્ણપણે જોઈ શકાય છે તેમ સમ્યગ્જ્ઞાન વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ જ અર્થમાં એક વાકય **ઉપદેશ-છાયા-૧૦માં** પરમકૃપાળુદેવ લખે છે :- સમ્યગ્દૃષ્ટિ જીવને 'કેવળજ્ઞાન' કહેવાય. વર્તમાનમાં ભાન થયું છે માટે 'દેશે કેવળજ્ઞાન' થયું કહેવાય; બાકી તો આત્માનું ભાન થયું એટલે કેવળજ્ઞાન.

**જે જ્ઞાન મતિ-શ્રુતરૂપ થઈ પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાનરૂપ થાય છે, તેથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે.** આ માટે પરમકૃપાળુદેવ ઉપદેશછાયામાં લખે છે કે :-સમ્યક્દૃષ્ટિને આત્માનું ભાન થાય ત્યારે તેને કેવળજ્ઞાનનું ભાન પ્રગટયું અને ભાન પ્રગટયું એટલે કેવળજ્ઞાન અવશ્ય થવાનું....સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અનંતાભવ મટી એક ભવ આડો રહ્યો માટે સમ્યક્ત્વ ઉત્કૃષ્ટ છે. સમ્યક્ત્વ આવ્યે માંહી-અંતરમાં દશા ફરે; કેવળજ્ઞાનનું બીજ પ્રગટ થયું. સમકિતી એટલે મિથ્યાત્વમુકત, કેવળજ્ઞાની એટલે ચારિત્રાવરણથી સંપૂર્ણ મુકત આ (ગુણની) અપેક્ષાએ બન્નેની જાતિ એક છે.

**વળી એ સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં (એ જ્ઞાન) સવિકલ્પ તથા નિર્વિકલ્પ થઈ બે પ્રકારે પ્રવર્તે છે. ત્યાં જે પરિણામ વિષય-કષાયરૂપ વા પૂજા-દાન-શાસ્ત્રાભ્યાસાદિકરૂપ પ્રવર્તે છે તે સવિકલ્પરૂપ જાણવા.**

જીવે એકવાર આત્માનો અંશે અનુભવ કર્યો ત્યારથી તેનું સમ્યગ્દર્શન આર્વિભાવ પામ્યું તેમ કહેવાય. ત્યાર પછી તેના બે પ્રકારના પરિણામ વર્તે-સવિકલ્પ તથા નિર્વિકલ્પ.

સવિકલ્પમાં પણ તે ચારિત્રમોહના ઉદયને કારણે તેના પરિણામ વિષયકષાયાદિરૂપ પણ પ્રવર્તે અને પૂજા-દાન-શાસ્ત્રાભ્યાસાદિકરૂપ પણ

પ્રવર્તે.

જેમ કોઈ રોગી પુરૂષને એવી પ્રતીતિ છે કે હું મનુષ્ય છું, તિર્યંચ નથી, મને આ કારણથી રોગ થયો છે અને હવે એ કારણ મટાડી રોગને ઘટાડી નીરોગી થવું જોઈએ, હવે તે મનુષ્ય જ્યારે અન્ય વિચારાદિરૂપ પ્રવર્તે ત્યારે પોતે મનુષ્ય છે એવો વિચાર હોતો નથી પણ એનું શ્રધ્ધાન એને રહ્યા કરે છે એમ અહીં એકવાર અનુભવ થયા પછી આત્મા છું એ શ્રધ્ધાન થયું છે પણ ચારિત્રમોહનીય કર્મની પ્રકૃત્તિના ઉદયને કારણે તેના પરિણામ વિષય-કષાયાદિરૂપ થઈ કર્મબંધ. થવાના કારણોમાં પ્રવર્તે છે તોપણ તેના અંતરંગ શ્રધ્ધાનનો નાશ નથી. દર્શનમોહ ગયો હોવાથી મિથ્યાત્વથી આવતાં કર્મ અટકે છે પણ ચારિત્રમોહના ઉદયમાં ભળવાથી તેને કર્મનો બંધ તો થાય છે પણ સમ્યક્દર્શન થયું હોવાથી આવા જીવના પરિણામને પણ સવિકલ્પ પરિણામ કહ્યા છે.

હવે જ્યારે તે પૂજા-દાન-શાસ્ત્રાભ્યાસાદિકરૂપ પ્રવર્તે છે તે પણ પરિણામ સવિકલ્પ કહ્યા. અહિંયા તો હજી અંશે અનુભવ થયો છો અને પ્રતીતિ સતતપણે રહેતી નથી તે ક્વચિત તીવ્ર, ક્વચિત મંદ, ક્વચિત વિસ્મરણ-સ્મરણરૂપ હોવાથી તે પ્રતીતિને દઢ કરવા તે તેનો ઉપયોગ પૂજા,-દાન-શાસ્ત્રાભ્યાસમાં જોડે છે, જેથી તેની પ્રતીતિ સહજપણે રહે માટે આ પરિણામને પણ સવિકલ્પ કહ્યા. અહિંયા પણ તેને કર્મનો બંધ તો થાય છે પણ તે મોટા ભાગે શુભ હોય છે.

**નિર્વિકલ્પ પરિણામ** :-રાગ-દ્વેષ વશથી કોઈ જ્ઞેયને જાણવામાં ઉપયોગ લગાવવો, વા કોઈ જ્ઞેયને જાણતાં ઉપયોગને છોડાવવો એ પ્રમાણે વારંવાર ઉપયોગને ભમાવવો તેનું નામ વિકલ્પ પણ જ્યાં વીતરાગરૂપ થઈ જેને જાણે છે તેને યથાર્થ જાણે છે, અન્ય અન્ય જ્ઞેયને જાણવા માટે ઉપયોગને ભમાવતો નથી ત્યાં નિર્વિકલ્પપરિણામ-દશા કહી છે.

**પ્રશ્ન :- જ્યાં શુભ-અશુભરૂપ પરિણમતો હોય ત્યાં સમ્યક્ત્વનું અસ્તિત્વ કેવી રીતે હોય ?**

**સમાધાન :- જેમ કોઈ ગુમાસ્તો શેઠના કાર્યમાં પ્રવર્તે છે, તે કાર્યને પોતાનું કાર્ય પણ કહે છે, હર્ષ-વિષાદને પણ પામે છે, એ કાર્યમાં પ્રવર્તતાં તે પોતાની અને શેઠની આપસમાં જુદાઈ પણ વિચારતો નથી, પરંતુ તેને એવું અંતરંગ**

**શ્રધ્ધાન છે કે 'આ મારૂં કામ નથી.' એ પ્રમાણે કાર્ય કરનાર તે ગુમાસ્તો શાહુકાર છે, પણ તે શેઠના ધનને ચોરી તેને પોતાનું માને તો તે ગુમાસ્તો ચોર જ કહેવાય; તેને કર્મોદયજનિત શુભાશુભરૂપ કાર્યનો કર્તા થઈ તદ્રુપ પરિણમે, તોપણે તેને એવા પ્રકારનું અંતરંગ શ્રધ્ધાન છે કે 'આ કાર્ય મારાં નથી.' જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદૃષ્ટિ થાય. આવી રીતે સવિકલ્પ પરિણામ હોય છે.**

અહીં જે ગુમાસ્તાની વાત કરી તે આગળ સવિકલ્પ પરિણામમાં કહ્યું તે જ કહ્યું છે. અનુભવ થયો છે. પણ વિકલ્પ રહેલા છે તેથી સવિકલ્પ: ત્યાં શ્રધ્ધાનને નુકસાન નથી. પણ જો ચારિત્રમોહના ઉદયમાં ભળે તો પ્રતીતિ સમ્યક્ચારિત્રનો લાભ ન મળે એટલે સ્વરૂપરમણતાનો લાભ ન મળે.

**હવે સવિકલ્પ દ્વારા જ નિર્વિકલ્પ પરિણામ થવાનું વિધાન કહીએ છીએ :-**

સવિકલ્પદશામાંથી નિર્વિકલ્પ દશામાં જવા માટે સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદજ્ઞાન ચિંતન દ્વારા કરે છે.

**તે સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યાં પ્રથમ સ્વ-પરનું ભેદવિજ્ઞાન (વિવેક) કરે; નોકર્મ, ભાવકર્મરહિત કેવળ ચૈતન્યચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવલ સ્વાત્મવિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુધ્ધિ ધારેછે, 'હું ચિદાનંદ છું, શુધ્ધ છું, સિધ્ધ છું,' ઈત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો તો છૂટી જાય, કેવલ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે; ત્યાં સર્વ પરિણામ તે સ્વરૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે છે. દર્શન-જ્ઞાનાદિક વા નય-પ્રમાણાદિકના વિચાર (વિકલ્પ) પણ વિલય થઈ જાય.**

પરમકૃપાળુદેવ આવી દશામાં જવા માટે પત્રાંક-૮૩૩માં લખે છે કે : સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુધ્ધ ચૈતન્યસ્વરૂપ પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુધ્ધ અનુભવરૂપ હું છું ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુધ્ધશુધ્ધ, પ્રકૃષ્ટશુધ્ધ, પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજ-સ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું.

**સવિકલ્પ વડે જે ચૈતન્યસ્વરૂપનો નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે છે કે જયાં ધ્યાતા-ધ્યેયપણું દૂર થઈ જાય એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે.**

અહીં ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય બધુ એક થઈ જાય છે.

અહો ! આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાતો પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે, ને એ અનુભવદશાની તો શી વાત ! મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન નિર્વિકલ્પ સ્વાનુભવ વડે થાય છે. હવે સવિકલ્પમાંથી નિર્વિકલ્પ અનુભવ થવાની જે વાત કરી તે સંબંધમાં શાસ્ત્રાધાર આપીને સ્પષ્ટ કરે છે.

મોટા નયચક્રગ્રંથમાં એમ જ કહ્યું છે કે :-

**तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण ।**

**णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा ॥२६६॥**

**અર્થ :- તત્ત્વના અવલોકન (અન્વેષણ) સમયે અર્થાત્ શુધ્ધાત્માને યુકિત અર્થાત્ નય-પ્રમાણવડે પહેલાં જાણે, પછી આરાધન સમય જે અનુભવકાળ છે તેમાં નય-પ્રમાણ છે નહિ, કારણ કે પ્રત્યક્ષ અનુભવ છે.**

શુધ્ધાત્માને યુકિત અર્થાત્ નય-પ્રમાણ વડે એનો નિશ્ચય કરવા માટે જાણે છે, પણ વસ્તુનો-આત્માનો નિશ્ચય થતાં એનું પ્રયોજન રહેતું નથી, કારણ સાક્ષાત્ અનુભવ-પ્રાપ્તિ છે.

**જેમ રત્નની ખરીદ વખતે અનેક વિકલ્પ કરે છે પણ જ્યારે તે રત્ન પ્રત્યક્ષ પહેરવામાં આવે છે ત્યારે વિકલ્પ હોતો નથી, પહેરવાનું સુખ જ છે. એ પ્રમાણે સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ અનુભવ થાય છે.**

જ્યારે રત્નની ખરીદી કરવા ગયા ત્યારે અનેક પ્રકારના રત્ન જોઈને અંદર ઘણા વિચાર પ્રવર્તતા હતા કે કયું લેવું ? પણ જયારે નક્કી કરીને ખરીદી લીધું, પૈસા આપી દીધા પછી તેને પહેરવાનું જ સુખ હોય છે. પછી વિકલ્પ રહેતા નથી. તેમ આત્માના લક્ષણોનું કે ગુણોનું ચિંતન કરે છે ત્યાં સુધી વિકલ્પ છે પણ પછી જયારે એ વિકલ્પ છૂટી જાય છે ત્યારે તે નિર્વિકલ્પ થાય છે અને આનંદ અનુભવાય છે.

હવે નિર્વિકલ્પ અનુભવમાં જ્ઞાન કયા પ્રકારે વર્તે છે તે દેખાડે છે.

**વળી જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ આ નિર્વિકલ્પ અનુભવમાં કેવલ સ્વરૂપસન્મુખ થયું; કારણે કે તે જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તેથી એક કાળમાં એક જ્ઞેયને જ જાણે છે, તે જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજ જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. વળી નયાદિકના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. એવું વર્ણ સમયસારની ટીકા-આત્મખ્યાતિમાં છે તથા આત્મઅવલોકનાદિમાં છે.**

છદ્મસ્થ એક કાળમાં એક જ્ઞેયને જ જાણે તેથી જયારે નિર્વિકલ્પ અનુભવમાં હોય ત્યારે બહારનું કોઈ જ્ઞાન થાય નહીં. અંદર હોય ત્યારે બહારનું જ્ઞાન ન થાય અને બહાર હોય ત્યારે અંદરનું જ્ઞાન ન હોય એટલે અંદર ગયો તેથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું.

**એટલા માટે જ નિર્વિકલ્પ અનુભવને અતીન્દ્રિય કહીએ છીએ; કારણ કે ઈન્દ્રિયોનો ધર્મ તો એ છે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણને જાણે તે અહીં નથી અને મનનો ધર્મ એ છે કે તે અનેક વિકલ્પ કરે, તે પણ અહીં નથી; તેથી જે જ્ઞાન ઈન્દ્રિયો તથા મનમાં પ્રવર્તુ હતું તે જ જ્ઞાન હવે અનુભવમાં પ્રવર્તે છે, તથાપિ આ જ્ઞાનને અતીન્દ્રિય કહીએ છીએ.**

અહીં દર્શન પણ પોતાનું અને જ્ઞાન પણ પોતાનું; ઈન્દ્રિયના વિષયો તથા મનના વિકલ્પોમાં કયાંય આ જ્ઞાન પ્રવર્તતું નથી તેથી અતીન્દ્રિય જ્ઞાન કહ્યું છે. પોતાની સ્વસત્તાના અવલંબને જ્ઞાની નિજાત્માને અનુભવે છે. અહો ! આવા સ્વાનુભવજ્ઞાનથી મોક્ષમાર્ગને સાધનારા જ્ઞાનીના મહિમાની શી વાત! એની દશાને ઓળખનારા જીવો આત્મસંપત્તિને પ્રાપ્ત કરીને ન્યાલ થઈ જાય છે.

**વળી આ સ્વાનુભવને મન દ્વારા થયો એમ પણ કહીએ છીએ કેમકે આ અનુભવમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન જ છે, અન્ય કોઈ જ્ઞાન નથી.**

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મનને આધારે હોય છે. તેથી જે અનુભવ થયો તે મનને કારણે થયો તેથી એમ કહ્યું છે.

**મતિ-શ્રુતિજ્ઞાન ઈન્દ્રિય તથા મનના અવલંબન વિના હોતું નથી પણ અહીં ઈન્દ્રિયનો તો અભાવ જ છે, કારણ કે ઈન્દ્રિયોનો વિષય મૂર્તિક પદાર્થ**

જ છે. વળી અહીં મનજ્ઞાન છે, કારણ મનનો વિષય અમૂર્તિક પદાર્થ પણ છે, તેથી અહીં મન સંબંધી પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થઈ અન્ય ચિન્તાનો નિરોધ કરે છે તેથી તેને મન દ્વારા થયું એમ કહીએ છીએ,

'एकाग्रचिन्तानिरोधो ध्यानम्' (મોક્ષશાસ્ત્ર અ.-૮, સૂત્ર-૨૭) એવું ધ્યાનનું પણ લક્ષણ એવી અનુભવદશામાં સંભવે છે.

અનુભવ થયો તે અતિન્દ્રિય છે કારણ ઈન્દ્રિયનો વિષયરૂપી પદાર્થ છે અને આત્મા અરૂપી પદાર્થ છે. માટે અનુભવ વખતે ઈન્દ્રિયોનો અભાવ હોય છે. મન છે તે બે પ્રકારનું છે. દ્રવ્ય મન અને ભાવ મન. દ્રવ્યમનનો લય ૧૪મા ગુણસ્થાનકે થાય છે. દ્રવ્યમનનું કાર્ય સંદેશવાહકનું છે, બીજું કાંઈ નહીં. જ્યારે ભાવમન છે તે આત્માનો બહિર્મુખ ઉપયોગ છે. અહીં જે મનના પરિણામ એકાગ્ર થાય તે ભાવમનના લેવા મનનો વિષય રૂપી તેમજ અરૂપી પદાર્થ છે. અત્યાર સુધી જે મન બાહ્ય ભાવોમાં ફરતું હતું તે અંતર્મુખ થતાં ઉપયોગ સાથે ભળી ગયું. કોઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં મળી શકે નહી, એમ વસ્તુસ્થિતિ છે. માટે અહીં જે મનની વાત કરી છે ત્યાં ભાવમન લેવું. પરમકૃપાળુદેવ પત્રાંક ૩૭૩માં આ વિષે લખે છે કે : 'મનને લઈને આ બધું છે.' એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન', તેને લઈને' અને 'આ બધું' અને 'તેનો નિર્ણય' એવા જે ચાંર ભાગ એ વાકયના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે, તથાપિ ન વર્તતું હોય તોપણ તે આત્મસ્વરૂપને વિષે વર્તે છે.

વળી સમયસાર-નાટકના કવિતમાં કહ્યું છે કે :-

वस्तु विचारित ध्यावतै, मन पावै विश्राम ।
रस स्वादत सुख उपजै, अनुभव याकौ नाम ।।

વસ્તુનો વિચાર કરી તેનું ધ્યાન કરે છે તેનું મન વિશ્રાંતિને પામે છે. તેનો આસ્વાદ કરતાં સુખનું વેદન થાય છે તેને અનુભવ કહ્યો છે.

એ પ્રમાણે મન વિના જુદા જ પરિણામ સ્વરૂપમાં પ્રવર્તતા નથી, તેથી સ્વાનુભવને મનજનિત પણ કહીએ છીએ, તેથી તેને અતીન્દ્રિય કહેવામાં અને મનજનિત કહેવામાં કાંઈ વિરોધ નથી; વિવક્ષાભેદ છે.

ભાવમન શુભ તથા અશુભભાવ કરે છે. જ્યારે બહારમાં હોય ત્યારે રાગ-દ્વેષ કરે અને એ જ અંતર્મુખ થાય ત્યારે આત્મામાં ભળી જાય છે. માટે અનુભવને મનજનિત પણ કહ્યો છે.

આત્માનો સ્વાનુભવ થતાં સમકિતી જીવ કેવળજ્ઞાની જેટલા જ નિ:શંક થઈ જાણે છે કે આત્માનો આરાધક થયો છું. અને પ્રભુના માર્ગે વળ્યો છું. હવે સ્વાનુભવ થયો એટલે ભવકટી થઈ ગઈ. હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ એવી ખાત્રી થઈ જાય છે.

**વળી તમે લખ્યું કે 'આત્મા અતીન્દ્રિય છે તેથી અતીન્દ્રિય વડે જ ગ્રાહ્ય થઈ શકે, તો ભાઈશ્રી ! મન-અમૂર્તિક પદાર્થને પણ ગ્રહણ કરે છે, કારણ કે મતિ શ્રુતિજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો કહ્યાં છે. તત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે :-**

**मति श्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु ॥१-२६॥**

**વળી તમેક પ્રત્યક્ષ-પરોક્ષનો પ્રશ્ન લખ્યો. પણ ભાઈશ્રી! સમ્યક્ત્વમાં તો પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ નથી. ચોથા ગુણસ્થાને સિધ્ધ સમાન ક્ષાયિક સમ્યક્ત્વ થઈ જાય છે, તેથી સમ્યક્ત્વ તો માત્ર યથાર્થ શ્રધ્ધાનરૂપ જ છે. તે (જીવ) શુભ-અશુભ કાર્ય કરતો પણ રહે છે. (તેથી કાંઈ યથાર્થ પદાર્થ શ્રધ્ધાન ન હોય એમ હોતું નથી;) તેથી તમે જે લખ્યું હતું કે 'નિશ્ચયસમ્યક્ત્વ પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમ્યક્ત્વ પરોક્ષ છે તે એમ નથી. સમ્યક્ત્વનાં તો ત્રણ ભેદ છે. તેમાં ઉપશમસમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વ તો નિર્મળ છે કેમકે તે મિથ્યાત્વના ઉદય રહિત છે, તથા ક્ષયોપશમસમ્યક્ત્વ સમળ છે કેમકે સમ્યકત્વમોહનીયના ઉદયસહિત છે, પણ આ સમ્યક્ત્વમાં પ્રત્યક્ષ-પરોક્ષના કોઈ ભેદ તો છે નહિ.**

ચોથા ગુણસ્થાનકે પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોઈ શકે છે. સમ્યક્ત્વના ત્રણ ભેદ છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક.

ઉપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને મળરહિત કહ્યાં છે અને ક્ષયોપશમ સમ્યક્ત્વને મળસહિત કહ્યું છે.

ઉપશમ સમ્યક્ત્વમાં બધી **જ પ્રકૃત્તિ**ઓ ઉપશમમાં હોય છે એટલે મળ રહિત કહ્યું છે અને ક્ષાયિક સમ્યક્ત્વમાં બધી જ પ્રકૃત્તિઓનો ક્ષય થયો હોય છે એટલે મળરહિત કહ્યું છે જ્યારે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ

મોહનીય ઉદયમાં છે તેથી મળસહિત કહ્યું છે. સમ્યક્ત્વમોહનીયની પ્રકૃત્તિને દેશઘાતી કહી છે પણ તે જો જોર કરી જાય તો જીવ મિથ્યાત્વમાં આવી શકે છે માટે જયાં સુધી તે પ્રકૃત્તિનો ક્ષય ન થાય ત્યાં સુધી પરમજ્ઞાની પુરૂષોએ જ્ઞાનીપુરૂષોને ક્ષણે ક્ષણે જાગૃત રહેવાનું કહ્યું છે.

ઉદયમાં જીવ મિથ્યાત્વગુણસ્થાનકમાં છે ત્યાં સુધી મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય સત્તામાં નથી પણ જયારે જીવ ઉપશમ સમ્યક્ત્વને પામે છે ત્યારે મિથ્યાત્વના પરમાણુઓ મિશ્રમોહનીયરૂપ વા સમ્યક્ત્વ-મોહનીયરૂપે પરિણમાવે છે, ત્યારે ત્રણે પ્રકૃત્તિનો ઉપશમ હોય અને ક્ષયોપશમ સમ્યક્ત્વમાં પહેલી બે પ્રકૃત્તિનો ઉદય નથી માત્ર સમ્યક્ત્વ-મોહનીયનો ઉદય રહે છે.

**પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૭૧૦માં સમ્યક્ત્વ વિષે લખ્યું છે કે :**

**તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે.**

**નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ. (બધી પ્રકૃત્તિનો ક્ષય છે તેથી સતત પ્રતીતિ રહે છે.**

**ક્વચિત મંદ, ક્વચિત તીવ્ર, ક્વચિત વિસર્જન, ક્વચિત સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને, ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ. (સમ્યક્ત્વમોહનીયનો ઉદય છે એટલે પ્રતીતિ સતત નથી)**

**તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી, ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ. (બધી પ્રકૃત્તિ ઉપશમમાં છે)**

નિશ્ચય સમ્યક્ત્વમાં ભલે કોઈને ઉપશમ, કોઈને ક્ષયોપશમ કે કોઈને ક્ષાયિક હોય. શુધ્ધાત્માની પ્રતીતિ તો ત્રણેમાં સરખી છે. ક્ષાયિકમાં સર્વથા નિર્મળ છે. ઉપશમમાં પણ વર્તમાનમાં તો ક્ષાયિક જેમ નિર્મળ છે. પણ તેને હજી મિથ્યાત્વની પ્રકૃતિનો નાશ થયો નથી અને સત્તામાં પડેલી છે. વળી ક્ષયોપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વને બાધા ન પહોંચાડે એવા પ્રકારનો સમ્યક્ત્વ મોહનીય સંબંધી વિકાર છે. ત્રણે પ્રકારના સમકિતમાં શુધ્ધાત્માની પ્રતીતિ વર્તે છે. પ્રતીતિ અપેક્ષાએ તો સમ્યગ્દષ્ટિને સિધ્ધ સમાન કહ્યો છે.

**શુભાશુભરૂપ પ્રવર્તતા વા સ્વાનુભવરૂપ પ્રવર્તતા ક્ષાયિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ ગુણ તો સમાન જ છે, તેથી સમ્યક્ત્વના તો પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ**

**ન માનવાં.**

સમ્યક્દર્શનમાં ઉપશમાદિ ત્રણ પ્રકારો છે અથવા નિમિત્ત અપેક્ષાએ અધિગમ અને નિસર્ગ એવા બે પ્રકાર છે, પરંતુ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા પ્રકારો સમ્યગ્દર્શનમાં નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ તો પ્રમાણ-જ્ઞાનમાં છે.

જ્યારે કોઈપણ વિપરીત પ્રસંગ આવે ત્યારે પરિણતિ ચપળતા પામે તો તે ક્ષાયિક સમ્યક્ત્વ નથી. આ જ સંદર્ભમાં **પરમકૃપાળુદેવ પત્રાંક-૧૭૮ માં લખે છે કે :- સોળભાવનાથી ભૂષિત થયેલો છતાં પણ પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે ત્યાં બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યૂનતા થતી હોય અને કાંઈ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો તેને ઉપશમભાવ હતો, ક્ષાયિક નહોતો. એ નિયમા છે.**

જો ઉદયને અનુસરીને શુભાશુભ પ્રવર્તન હોય પણ તે ઉદયને ઉદયરૂપ જ માને અને તેમાં તે પોતાપણું કરતાં નથી તો ક્ષાયિક સમ્યક્ત્વને બાધ નથી. આનું દૃષ્ટાંત છે : શ્રેણિક મહારાજ.

મહારાજા શ્રેણિકને તેના પુત્ર કોણિકે રાજપદ્‌ની લાલસાને કારણે જેલમાં પૂર્યા અને તે રાજા બન્યો. એકવાર કોણિક તેના પુત્રને ખોળામાં બેસાડીને રમાડતો હતો અને બાજુમાં તેની માતા ચેલણા બેઠી હતી. તેણીએ કહ્યું કે મેં તો તારો જન્મ થયો એટલે તને ઉકરડામાં ફેંકી દેવડાવ્યો હતો પણ તારા પિતા શ્રેણિક તને લઈ આવ્યા અને આવી રીતે જ રમાડતા હતા, અને તેમને તે જેલમાં પૂર્યા અને એમ કહેતા ચેલણાના આંખમાં આંસુ આવી ગયાં. આ વાત સાંભળીને કોણિકને પશ્ચાતાપ થયો અને કુહાડી લઈ પોતે જેલમાં એના પિતા શ્રેણિકના સાંકળના બંધન તોડવા ગયો. શ્રેણિક રાજાએ તેને આવતો જોયો અને ભાવ થયો કે એ કુહાડીથી મને મારી નાખશે. ક્ષાયિક સમ્યક્ત્વ હોવા છતાં આવો વિપરીતભાવ થયો પણ ઉદય નરકમાં જવાનો હતો એટલે જેવો બંધ હોય એવી લેશ્યા થાય છતાં એનાં ક્ષાયિક સમ્યક્ત્વને બાધ આવ્યો નહીં કારણ એ ચારિત્રમોહના ઉદયના પરિણામ હતાં. દર્શનમોહનીયની બધી પ્રકૃત્તિઓ ક્ષય થઈ ગઈ હતી એટલે એ ફરી ઉદયમાં આવી શકે નહી. અને બીજું કારણ એ હતું કે કોણિક મારી હત્યા કરશે તો તેને મારી મારી હત્યાનું પાપ લાગશે એટલે એને મારી હત્યા ન

કરવી પડે-એટલે વીંટીમાંથી ઝેર ચૂસી લીધું એટલે ચારિત્રમોહના ઉદયના પરિણામથી ક્ષાયિક સમ્યક્ત્વને બાધ આવતો નથી.

પણ પ્રમાણના પ્રત્યક્ષ-પરોક્ષરૂપ બે ભેદ છે. તે પ્રમાણ સમ્યગ્જ્ઞાન છે. તેથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તો પરોક્ષ પ્રમાણ છે, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. યથા "**स्पष्टप्रतिभासात्मकं प्रत्यक्षमस्पष्टं परोक्षम.**" સ્પષ્ટપણે જણાય તે પ્રત્યક્ષ અને અસ્પષ્ટ જણાય તે પરોક્ષ છે.

જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળરૂપે સ્પષ્ટ જાણે તે પ્રત્યક્ષ છે. અને જે જ્ઞાન સારી રીતે સ્પષ્ટ ન જાણે તે પરોક્ષ છે; ત્યાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનના વિષય તો ઘણા છે પરંતુ એક પણ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતાં નથી તેથી તે પરોક્ષ છે. અવધિ-મનઃપર્યવજ્ઞાનનો વિષય થોડો છે તથાપિ તે પોતાના વિષયને સ્પષ્ટ સારી રીતે જાણે છે તેથી તે એકદેશ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સર્વ જ્ઞેયને પોતે સ્પષ્ટ જાણે છે તેથી સર્વ પ્રત્યક્ષ છે.

ઈન્દ્રિયો તથા મન દ્વારા થાય તે મતિજ્ઞાન. મતિજ્ઞાનવડે જે અર્થને જાણ્યો હોય તેના સંબંધથી અન્ય અર્થને જે વડે જાણીએ તે શ્રુતજ્ઞાન છે. (મોક્ષમાર્ગ પ્રકાશક : પાનુ : ૩૮)

મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનના ઘણા ભેદ છે પરંતુ જ્ઞેયને સંપૂર્ણ જાણતાં નથી તેથી પરોક્ષ કહ્યાં છે.

પરમકૃપાળુદેવ વ્યાખ્યાનસાર ૧/૫૩/૫૬માં લખે છે કે : મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જે કાંઈ જાણી શકાય છે તેમાં અનુમાન સાથે રહે છે અને તે અનુમાનને લઈને જાણેલું ફેરફારરૂપ પણ થાય છે.

અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનને પોતાનો વિષય થોડો છે પણ જેમ છે તેમ જાણે છે તેથી એકદેશ પ્રત્યક્ષ કહ્યા પરમકૃપાળુદેવ પત્ર-૭૧૪માં લખે છે કે : અતીન્દ્રિયજ્ઞાનના ભગવાન જિને બે ભેદ પાડયા છે. દેશ પ્રત્યક્ષ : બે ભેદે-અવધિ મનઃપર્યવ સર્વપ્રત્યક્ષ એટલે કેવળજ્ઞાન.

ઈચ્છિતપણે અવલોકન કરતો આત્મા ઈન્દ્રિયના અવલંબન વગર અમુક મર્યાદામા જાણે તે અવધિજ્ઞાન.

અનિચ્છિત છતાં માનસિક વિશુધ્ધિના બળ વડે જાણે તે મનઃપર્યવ અવધિજ્ઞાનમાં જીવ ઈન્દ્રિયના આધાર વગર પોતે જે જોવા ઈચ્છે છે તે ઉપયોગ મૂકીને જોઈ શકે છે અને મનઃપર્યવમાં મતિની નિર્મળતાને આધારે

અનુમાન વિના જાણે છે તેથી એકદેશ પ્રત્યક્ષ કહ્યાં.

સામાન્ય વિશેષ ચૈતન્યાત્મદષ્ટિમાં પરિનિષ્ઠત શુધ્ધ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનને સર્વ પ્રત્યક્ષ કહ્યું કારણ સર્વકાળના સર્વ જ્ઞેય સ્પષ્ટપણે તેમાં જણાય છે.

વળી પ્રત્યક્ષના બે ભેદ છે-એક પરમાર્થ પ્રત્યક્ષ અને બીજો સાંવ્યવહારિક પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન તો સ્પષ્ટ પ્રતિભાસરૂપ છે જ તેથી પારમાર્થિક પ્રત્યક્ષ છે, અને નેત્રાદિવડે વર્ણાદિને જાણે છે, ત્યાં વ્યવહારથી એવું કહેવામાં આવે છે કે 'તેણે વર્ણાદિક પ્રત્યક્ષ જાણ્યાં.' એકદેશ નિર્મળતા પણ હોય છે તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે; પરંતુ જો એક વસ્તુમાં અનેક મિશ્ર વર્ણ છે તે નેત્ર દ્વારા સારી રીતે ગ્રહ્યા જતા નથી તેથી તેને પરમાર્થ પ્રત્યક્ષ કહેવામાં આવતું નથી.

વળી પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ છે : સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ તેનું સ્વરૂપ-૧ પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તેને સ્મૃતિ કહે છે. ૨. દષ્ટાંતવડે વસ્તુનો નિશ્ચય કરીએ તેને પ્રત્યભિજ્ઞાન કહે છે. ૩. હેતુના વિચારયુકત જે જ્ઞાન તેને તર્ક કહે છે. ૪. હેતુથી સાધ્ય વસ્તુનું જે જ્ઞાન તેને અનુમાન કહે છે, તથા ૫. આગમથી જે જ્ઞાન થાય તેને આગમ કહે છે.

એ પ્રમાણે પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણના ભેદ કહ્યા છે.

અહીં સમ્યક્ત્વના પ્રત્યક્ષ અને પરોક્ષ ભેદ નથી પણ આત્મઅનુભવનું પ્રત્યક્ષપણું અને પરોક્ષપણું કઈ રીતે સમજવું તે માટે ઉપર જણાવેલ પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણની વ્યાખ્યા કહી.

ત્યાં આ સ્વાનુભવદશામાં આત્માને જાણીએ તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે, તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન પરોક્ષ કહેલ છે તેથી ત્યાં આત્માનું જાણવું પ્રત્યક્ષ હોતું નથી. વળી અવધિ-મનઃપર્યવનો વિષય રૂપી પદાર્થો જ છે; તથા કેવળજ્ઞાન છદ્મસ્થને છે નહિ, તેથી અનુભવમાં કેવળજ્ઞાન વા અવધિ-મનઃપર્યવવડે આત્માનું જાણવું નથી. વળી અહીં આત્માને સ્પષ્ટ સારી રીતે જાણતો નથી તેથી પારમાર્થિક પ્રત્યક્ષપણું તો સંભવતું નથી.

તથા જેમ નેત્રાદિવડે વર્ણાદિક જાણવામાં આવે છે તેમ એકદેશ

**નિર્મળતાસહિત પણ આત્માના અસંખ્યાત પ્રદેશાદિ જાણવામાં આવતાં નથી તેથી સાંવ્યવહારિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી.**

ચોથા ગુણસ્થાનકે સાધકને આત્માનો સ્વાનુભવ મતિ-શ્રુતજ્ઞાનવડે થાય છે. તે સ્વાનુભવમાં અનંતગુણનો અભેદ ચૈતન્યપિંડ અને અતીન્દ્રિય આનંદનું વેદન તો સાક્ષાત્ થાય છે, તેમાં તેની અનંત શકિતઓ (તેના અનંત ગુણો) અભેદપણે સ્વાદમાં આવી જતા હોવા છતાં, ભિન્ન ભિન્ન અનંત શકિતઓ કે અસંખ્ય પ્રદેશો મતિ-શ્રુતમાં પ્રત્યક્ષ-સાક્ષાત્ દેખાતા નથી. તેથી તે જ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ કહેતા નથી. આત્માનું પારમાર્થિક પ્રત્યક્ષપણું તો કેવળજ્ઞાનમાં છે, છદ્મસ્થને તો તે જ્ઞાન નથી, છદ્મસ્થને કોઈને અવધિ-મનઃપર્યવજ્ઞાન હોય તે જો કે પ્રત્યક્ષ છે પણ તે તો માત્ર રૂપી વસ્તુને-પરવસ્તુને જાણવામાં પ્રત્યક્ષ છે. સ્વાનુભવનું કાર્ય તેમના વડે થતું નથી. સ્વાનુભવ તો મતિ-શ્રુત જ્ઞાન વડે જ થાય છે અને તે જ્ઞાન પરોક્ષ છે. છતાં પણ આત્માના સ્વરૂપના અનુભવમાં તે નિઃશંક છે, સંદેહ વગરનું છે. છતાં પણ આત્માના સ્વરૂપના અનુભવમાં તે નિઃશંક છે, સંદેહ વગરનું છે, વિપરીતતા વગરનું છે, "આમ હશે કે કેમ હશે" ! એવું અચોક્કસપણું તેનામાં નથી. બ્રહ્માંડ ફરે તોય એ ન ફરે-એવું દૃઢ એ સ્વાનુભવજ્ઞાન હોય છે. મતિ-શ્રુતજ્ઞાન પરોક્ષ હોવા છતાં સ્વાનુભવ વખતે ખાસ વિશેષતા છે તે હવે કહે છે.

પ્રથમ તો સદ્ગુરૂ પાસેથી શ્રુતજ્ઞાનરૂપે બોધ સાંભળવા મળે છે જે મતિજ્ઞાનવડે અવધારણ કરવામાં આવે છે. પછી તે દ્વારા આત્મઅનુભવનો આર્વિભાવ થાય છે. હવે આંગળ જણાવ્યા પ્રમાણે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન પોતાના જ્ઞેયને સંપૂર્ણ જાણતાં ન હોવાથી પરોક્ષ કહેલ છે તેથી આત્મ-અનુભવને પણ પરોક્ષ કહ્યો છે. આત્મ-અનુભવ થયા પછી તેની નિર્મળતા થતાં અવધિ અને મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. અને તે બન્ને જ્ઞાન તેના વિષયને સ્પષ્ટ પ્રતિભાસે છે પણ તેથી આત્માનું જાણપણું સંપૂર્ણ થતું નથી. વળી કેવળજ્ઞાન ત્રણે કાળના સર્વ જ્ઞેયોને જાણે છે પણ તે પ્રગટ થયું નથી કારણ અંશે અનુભવ છે. માટે આ ત્રણે જ્ઞાનનું પારમાર્થિક પ્રત્યક્ષપણું છે પણ તેથી આત્મા સ્પષ્ટ નહીં જણાતો હોવાથી તેનું પારમાર્થિક પ્રત્યક્ષપણું સંભવતું નથી.

બીજું અવધિ અને મનઃપર્યવજ્ઞાનના ઘણા ભેદો છે. જેમ જેમ આત્માની નિર્મળતા થતી જાય તેમ તેમ તેના વિષયોને વિશેષપણે જાણે છે અને કેવળજ્ઞાન થતાં સર્વ જ્ઞેયોને જાણે છે. પણ અહીં આત્મ-અનુભવ થયો જેને દેશે કેવળજ્ઞાન કહેવામાં આવે છે, પણ કેવળજ્ઞાનમાં જેમ આત્માના સર્વ પ્રદેશો દેખાય છે તેમ અહીં અનુભવમ થતાં રત્નત્રયના અંશો ખુલ્યા પણ એના થાડા પણ પ્રદેશો દેખાતા નથી તેથી તેનું સાંવ્યવહારિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી.

**અહીં તો આગમ-અનુમાનાદિક પરોક્ષ જ્ઞાનવડે આત્માનો અનુભવ હોય છે. જૈનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેને તેવું જાણી તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને આગમ પરોક્ષપ્રમાણ કહીએ, અથવા "હું આત્મા જ છું કેમકે મારામાં જ્ઞાન છે, જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા છે, જેમ કે : સિધ્ધાદિક. વળી જ્યાં આત્મા નહિ ત્યાં જ્ઞાન પણ નહિ જેમ કે :- મૃતક કલેવરાદિક". એ પ્રમાણે અનુમાનવડે વસ્તુનો નિશ્ચય કરીને તેમાં પરિણામોને મગ્ન કરે છે, તેથી તેને અનુમાન પરોક્ષપ્રમાણ કહીએ, અથવા આગમ-અનુમાનઆદિ વડે જે વસ્તુ જાણવામાં આવી તેને યાદ રાખીને તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને સ્મૃતિ કહીએ, ઈત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષપ્રમાણ વડે જ આત્માનું જાણવું હોય છે, ત્યાં પ્રથમ જાણવું થાય છે, પછી જે સ્વરૂપ જાણ્યું તેમાં જ પરિણામ મગ્ન થાય છે, પરિણામ મગ્ન થતાં કંઈ વિશેષ જાણપણું હોતું નથી.**

કેવળજ્ઞાન થયાં પહેલાં જે સ્વાનુભવ છે તેમાં પરોક્ષપ્રમાણ વડે જ આત્માનું જાણવું થાય છે એમ અહીં જણાવ્યું છે.

**પ્રશ્ન :- જો સવિકલ્પ-નિર્વિકલ્પમાં જાણવાની વિશેષતા નથી તો અધિક આનંદ કેમ થાય ?**

**સમાધાન :- સવિકલ્પદશામાં જ્ઞાન અનેક જ્ઞેયોને જાણવારૂપે પ્રવર્તતું હતું, નિર્વિકલ્પદશામાં માત્ર આત્માને જ જાણવામાં પ્રવર્તે છે, એક તો એ વિશેષતા છે; બીજી એ વિશેષતા છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે માત્ર સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા, બીજી એ વિશેષતા થઈ.**

**એવી વિશેષતાઓ થતાં કોઈ વચનાતીત એવો અપૂર્વ આનંદ થાય છે કે વિષય સેવનમાં તેની જાતિનો અંશ પણ નથી. તેથી તે આનંદને**

અતીન્દ્રિય કહે છે.

સવિકલ્પદશામાં જ્ઞાન છે તે જ્ઞેયને જાણવારૂપે પ્રવર્તે છે. તેથી પરિણામ જુદા જુદા રૂપે પ્રવર્ત્યા. ત્યાં પરિણામ રાગ-દ્વેષરૂપે થઈ શકે છે. જ્યારે નિર્વિકલ્પતામાં જ્ઞાન પણ પોતાનું અને દર્શન પણ પોતાનું ત્યાં વીતરાગતા છે તેથી અપૂર્વ આનંદ અનુભવાય છે.

પરમકૃપાળુદેવ પત્રાંક-૮૩૨માં લખે છે કે :- **દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.**

વળી ઉપર લખ્યું છે કે અપૂર્વ આનંદ થાય તો વિષય સેવનમાં તેની જાતિનો અંશ પણ નથી. **પરમકૃપાળુદેવ તે જ પત્રમાં આ અર્થના વાકય લખે છે કે : સર્વ જગતના જીવો કંઈને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે; મોટો ચક્રવર્તીરાજા તે પણ વધતાં વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રવર્તમાન છે, અને મેળવવામાં સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો છે કે કિંચિતમાત્ર પણ ગ્રહવું તે સુખનો નાશ છે.**

**પ્રશ્ન :- અનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે ? ઉપરની ગાથામાં જ કહ્યું છે કે :- ''पच्चक्खा अणुहवो जम्हा'' તે કેમ છે ?**

**સમાધાન :- અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી, પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે. સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ-અનુમાનદિક પરોક્ષ પ્રમાણાદિવડે જણાતો નથી. પોતે જ અનુભવના રસાસ્વાદને વેદે છે. જેમ કોઈ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે, ત્યાં સાકરનાં આકારાદિ તો પરોક્ષ છે, પણ જીભ વડે જે સ્વાદ લીધો તે સ્વાદ પ્રત્યક્ષ છે, એમ સ્વાનુભવમાં આત્મા પરોક્ષ છે, જે પરિણામથી સ્વાદ આવ્યો તે સ્વાદ પ્રત્યક્ષ છે-એમ જાણવું.**

આત્માનો સ્વભાવ સત્-ચિત્-આનંદસ્વરૂપ છે. હવે આગમ-ગ્રંથો વડે તેના સ્વભાવનું વેદન આવતું નથી. પણ જ્યારે તેના પરિણામ તે રૂપ

(આત્મારૂપ) થાય છે ત્યારે આત્મા ત્રણે કાળ રહેવાવાળો એનું લક્ષણ જાણપણું અને આનંદનું વેદન તે પોતે કરે છે. તેથી અનુભવને પ્રત્યક્ષ કહ્યો પણ અનુભવ થતાંની સાથે આત્મપ્રદેશો દેખાતા નહી હોવાથી એ અપેક્ષાએ પરોક્ષ કહ્યો છે.

**અથવા જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ છીએ. જેમ લોકોમાં કહીએ છીએ કે :- 'અમે સ્વપ્રમાં વા ધ્યાનમાં ફલાણા પુરૂષને પ્રત્યક્ષ દીઠો; ત્યાં તેને પ્રત્યક્ષ દીઠો નથી, પરંતુ પ્રત્યક્ષ માફક પ્રત્યક્ષવત્ (તે પુરૂષને) યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહીએ; તેમ અનુભવમાં આત્મા પ્રત્યક્ષની માફક યથાર્થ પ્રતિભાસે છે, તેથી આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવું હોય છે એમ કહીએ તો દોષ નથી. કથન તો અનેક પ્રકારના હોય છે; તે સર્વ આગમ-અધ્યાત્મશાસ્ત્રથી જેમ વિરોધ ન આવે તેમ વિવક્ષાભેદ વડે જાણવાં.**

સ્વપ્રમાં જેમ બાપુજીને જોયા. તો તે પ્રત્યક્ષ માફક જ દેખાય પણ તેમને જોયા નથી, પણ એમને સ્વપ્રમાં જોયા છે તેથી પ્રત્યક્ષ જોયા તેમ કહેવાય. તેવી રીતે આત્મઅનુભવ થતાં પોતાનું અસ્તિત્વ 'હું છું એ સ્પષ્ટ અનુભવાય છે, ભલે પ્રદેશો દેખાતા નથી. પણ તે જડદ્રવ્યથી જુદાપણું સ્પષ્ટ જણાય છે તેથી એ ન્યાયે આત્માને પ્રત્યક્ષપણે જાણ્યો તેમ કહીએ તો દોષ આવતો નથી.

પૂ. સોભાગભાઈ-પરમકૃપાળુદેવને પૂછાવે છે કે આપને જે અનુભવ જ્ઞાન થયું તે પરોક્ષ કહેવાય કે અપરોક્ષ તો તે વિષે પરમકૃપાળેદેવ પત્રાંક-૧૯૭માં લખે કે કે જ્ઞાનના પરોક્ષ-અપરોક્ષ વિષે પત્રથી લખી શકાય તેમ નથી. આમ લખવાનું કારણ પણ એ જ લાગે છે કે અનુભવને ઉપર જણાવ્યા પ્રમાણે પરોક્ષ-પ્રત્યક્ષ બન્ને રીતે સમજવો જોઈએ તે પત્ર વાટે લખતા દોષ આવે તેથી તે વાત માટે રૂબરૂમાં ખુલાસો થાય તો ઠીક માટે પત્ર દ્વારા જણાવ્યું નથી.

**પ્રશ્ન :- એવો અનુભવ કયા ગુણસ્થાનમાં થાય છે ?**

**સમાધાન :- ચોથા ગુણસ્થાનથી જ થાય છે. પરંતુ ચોથામાં તો ઘણા કાળનાં અંતરાલથી થાય છે અને ઉપરના ગુણસ્થાનોમાં શીઘ્ર શીઘ્ર થાય છે.**

ચોથા ગુણસ્થાનકથી નિર્વિકલ્પ આત્મઅનુભવની શરૂઆત થાય છે.

ચોથા ગુણસ્થાનકનું નામ છે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. જીવે એક પણ વ્રત-પચ્ચખાણ અંગીકાર કર્યા નથી, હજી અવિરતિમાં જ રહ્યો છે તેથી તે અનુભવ લાંબા કાળાના અંતરે થાય છે. પણ તે દેશ વિરતિમાં આવે એટલે કે દેશે ત્યાગ સ્વીકારે ત્યાં અનુભવમાં જવાની શકયતા વધે છે. પછી તે પ્રમત સંયતમાં અથવા સર્વવિરતિમાં આવે-સંપૂર્ણ ત્યાગ કરે તેમ તેમ તેને આત્માનો અનુભવ વારંવાર આવે છે. અને અપ્રમત્તસંયતમાં આવે તો ત્યાં મોટો ભાગ તે તેમાં હોય છે. એટલે કહ્યું છે કે જેમ જેમ તે કર્મ પ્રકૃત્તિઓ નાશ પામતી જાય, તેમ સંયમભાવમાં વધારો થતો જાય તેમ તેમ અનુભવમાં રહેવાનો કાળ પણ વારંવાર અને વધારે હોય.

**પ્રશ્ન :- અનુભવ તો નિર્વિકલ્પ છે, ત્યાં ઉપરના અને નીચેના ગુણસ્થાનોમાં ભેદ શો ?**

**ઉત્તર :- પરિણામોની મગ્નતામાં વિશેષતા છે; જેમ બે પુરૂષ નામ લે છે અને બન્નેના પરિણામ નામ વિષે છે; ત્યાં એકને તો મગ્નતા વિશેષ છે તથા બીજાને થોડી છે, તેમ આમાં પણ જાણવું.**

અનુભવ તો બધા ગુણસ્થાનકે નિર્વિકલ્પ છે, પણ ૪થા ગુણસ્થાનકે ચારિત્રમોહનું જોર વધારે છે. જેમ જેમ તે ઉપરના ગુણસ્થાનકે ચડતો જાય તેમ તેમ તેને અનુભવ ફરી ફરી આવવાનો અંતરાલ ઘટતો જાય, તેના અનુભવમા પરિણામોની મગ્નતા વધતી જાય છે કારણ વીતરાગતા વધતાં ચારિત્રમોહ ક્ષીણ થવા તરફ જઈ રહ્યો છે.

**પ્રશ્ન :- જો નિર્વિકલ્પ અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુકલધ્યાનનો પ્રથમ ભેદ (જે) પૃથકૃત્વવિર્તકવીચાર કહ્યો છે, તેમાં 'પૃથકૃત્વવિતર્ક'-નાના પ્રકારના શ્રુતનો 'વીચાર'-અર્થ-વ્યંજન-યોગ-સંકમણ-એમ કેમ કહ્યું ?**

**ઉત્તર :- કથન બે પ્રકારે હોય છે : એક સ્થળૂરૂપ છે અને બીજું સૂક્ષ્મરૂપ છે. જેમ સ્થૂળરૂપે તો છઠ્ઠા ગુણસ્થાનમાં સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યું, પણ સૂક્ષ્મતાએ નવમા ગુણસ્થાન સુધી મૈથુનસંજ્ઞા કહી, તેમ અહીં અનુભવમાં નિર્વિકલ્પતા સ્થૂળરૂપે કહી છે. તથા સૂક્ષ્મતાથી પૃથકત્વવિતર્કવીચારાદિ ભેદ વા કષાયાદિક દશમા ગુણસ્થાન સુધી કહ્યાં છે ત્યાં પોતાના તથા અન્યના જાણવામાં આવી શકે એવા ભાવનું કથન સ્થૂળ જાણવું અને જે પોતે પણ ન જાણી શકે, (માત્ર) કેવળી ભગવાન જ જાણી શકે એવા ભાવોનું કથન સૂક્ષ્મ**

**જાણવું. ચરણાનુયોગાદિમાં સ્થૂળ કથનની મુખ્યતા છે અને કરણાનુયોગમાં સૂક્ષ્મ કથનની મુખ્યતા છે. એવા ભેદ અન્ય ઠેકાણે પણ જાણવાં.**

અહી કથનના બે પ્રકાર કહ્યા છે. સ્થૂળરૂપ અને સૂક્ષ્મરૂપ.

કરણાનુયોગમાં જેમ કેવળજ્ઞાન વડે જાણ્યું તેમ કથન છે તેથી તે કથન સૂક્ષ્મરૂપ છે અને ત્યાં પદાર્થનું યથાર્થસ્વરૂપ જણાવવાનું પ્રયોજન છે. તે પ્રમાણે સીધું આચરણ થઈ શકે નહી.

ચરણાનુયોગમાં જીવોને પોતાને બુધ્ધિગોચર થાય તેવા બોધનું નિરૂપણ છે અને તે કથન સ્થૂળરૂપ છે અને ત્યાં આચરણની મુખ્યતા છે. પરમકુપાળુદેવ શ્રીમદ્રાજચંદ્રજી **વ્યા.સાર/૨૪,૨૫** માં લખે છે :- કરણાનુયોગમાં સિધ્ધાંતનો સમાવેશ થાય છે. ચરણાનુયોગમાં વ્યવહાર આચરી શકે તેનો સમાવેશ કર્યો છે.

અહીં એક ઉદાહરણ આપી સમજાવ્યું છે કે સર્વવિરતિ મુનિને છઠ્ઠા ગુણસ્થાને સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યું છે તે ચરણાનુયોગની અપેક્ષાએ કહ્યું છે. જ્યારે ૯માં ગુણસ્થાનકે ચારિત્રમોહની વેંદ પ્રકૃત્તિનો નાશ થાય ત્યારે કરણાનુયોગ અપેક્ષાએ યથાર્થસ્વરૂપ બતાવ્યું છે. આ અર્થના વાકય પરમકૃપાળુદેવ **વ્યા.સાર-૨/૨૬** માં લખે છે : સર્વવિરતિ મુનિને બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા જ્ઞાની આપે છે, તે ચરણાનુયોગની અપેક્ષાએ; પણ કરણાનુયોગની અપેક્ષાએ નહીં; કારણ કે કરણાનુયોગ પ્રમાણે નવમા ગુણસ્થાનકે વેદોદયનો ક્ષય થઈ શકે છે; ત્યાં સુધી ક્ષય થઈ શકતો નથી.

એ જ પ્રમાણે છઠ્ઠાસ્થાનનો જે નિર્વિકલ્પ અનુભવ કહ્યો છે ત્યાં જે નિર્વિકલ્પતા કહી છે એ ચરણાનુયોગની અપેક્ષાએ કહી છે. ત્યાં સૂક્ષ્મપણે વિકિલ્પો રહેલા છે પણ એ કેવળીગમ્ય છે. એટલે શુકલધ્યાનનો પ્રથમ ભેદ પૃથક્ત્વવિર્તકવીચાર છે જે શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ કરવા ધ્યાવન કરવાનો હોય છે ત્યાં નાના (વિવિધ) પ્રકારના શ્રુતનો વિચાર હોય છે.

**વળી ભાઈશ્રી ! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંત દ્વારા પશ્ન લખ્યા, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતાં આવે નહિ, દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચન્દ્ર, જળબિન્દુ, અગ્નિકણ-એ તો એકદેશ છે અને પૂર્ણિમાનો ચન્દ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ-એ સર્વદેશ છે, એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે તથા તેરમા**

ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો સર્વથા પ્રથટ થાય છે અને જેમ દૃષ્ટાંતોની એક જાતિ છે તેમ જ જેટલા ગુણ અવ્રત (અવિરતિ) સમ્યગ્દૃષ્ટિને પ્રગટ થાય છે તેની અને તેરમા ગુણસ્થાનમાં જે ગુણ પ્રગટ થાય છે તેની એક જાતિ છે.

અહીં કહ્યું કે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે. પરમકૃપાળુદેવ પત્ર-૯૫માં લખે છે, "સર્વગુણાંશ તે સમ્યક્ત્વ." સમ્યક્દર્શન પ્રગટ થતાં જ આત્માના દરેક ગુણો અંશે પ્રગટ થાય છે. તેથી સમ્યક્ત્વને "સર્વગુણાંશ સમ્યક્ત્વ" કહ્યું છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને જે જ્ઞાનાદિગુણો અંશે પ્રગટ થયા તે વધતાં વધતાં કેવળ-જ્ઞાન થાય ત્યારે સંપૂર્ણતાને પામે છે. તેથી તેની જાતિ એક કહી છે.

પ્રશ્ન :- જો એક જાતિ છે તો જેમ કેળવી સર્વ જ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ આત્માને પ્રત્યક્ષ જાણતો હશે ?

ઉત્તર :- ભાઈશ્રી ! પ્રત્યક્ષતાની અપેક્ષાએ એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની (ગુણોની) અપેક્ષાએ એક જાતિ છે. ચોથા ગુણસ્થાનવાળાને મતિ-શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન છે, અને તેરમાં ગુણસ્થાનવાળાને કેવળજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન છે. વળી એકદેશ સર્વદેશનું અંતર તો એટલું જ છે મતિ-શ્રુતજ્ઞાનવાળા અમૂર્તિક વસ્તુને અપ્રત્યક્ષ અને મૂર્તિક વસ્તુને પણ પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ, કિંચિત અનુક્રમથી જાણે છે તથા કેવળજ્ઞાની સર્વ વસ્તુને સર્વથા યુગપત્ જાણેછે. પ્રથમનો પરોક્ષરૂપે જાણે છે અને બીજો પ્રત્યક્ષરૂપ જાણે છે, એટલો જ તેમાં વિશેષ (ભેદ) છે. વળી જો સર્વથા (એ બન્ને જ્ઞાનની) એક જ જાતિ કહીએ તો જેમ કેવળજ્ઞાની યુગપત્ પ્રત્યક્ષ અપ્રયોજનરૂપ જ્ઞેયને નિર્વિકલ્પરૂપે જાણે છે તેમ એ (મતિ-શ્રુત સમ્યગ્જ્ઞાની) પણ જાણે, પણ એમ તો તેથી પ્રત્યક્ષ-પરોક્ષનો વિશેષ (ભેદ) જાણવો કહ્યું છે કે :-

स्याद्धादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने ।
भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत ।।

(अष्टसहस्त्री - दशमः परिच्छेद - १०५)

અર્થ :- સ્યાદ્વાદ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન જ એ બન્ને સર્વ તત્વોને પ્રકાશનારા છે, ભેદ એટલો જ કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, શ્રુતજ્ઞાન પરોક્ષ છે. પરંતુ વસ્તુ છે તે અન્યરૂપે નથી.

પ્રથમ ગુણસ્થાનકે જીવ હોય ત્યારે કુમતિ-કુશ્રુતજ્ઞાન હતું. જ્યારે ૪થા ગુણસ્થાનકે જીવ આવ્યો ત્યારે તે જ્ઞાન સમ્યગ્રૂપે પરિણમ્યું અને મતિ-શ્રુતરૂપે થયું. હવે તે જ્ઞેયને સંપૂર્ણપણે જાણી શકતા નથી તેથી પરોક્ષ કહ્યા અને ૧૩મા ગુણસ્થાનકે કેવળજ્ઞાન પ્રગટ થયા પછી ત્રણે કાળના સર્વ જ્ઞેય પદાર્થને સંપૂર્ણ જાણે તેથી પ્રત્યક્ષ કહ્યું. માટે અહીં સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ જાતિ એક છે. વળી મતિ-શ્રુતવાળો એક કાળમાં એક જ્ઞેયને જાણે એટલે કે જ્યારે અપ્રયોજનભૂત પદાર્થને જાણે ત્યારે પ્રયોજનભૂત પદાર્થને ન જાણે અને પ્રયોજનભૂત પદાર્થને જાણે ત્યારે અપ્રયોજનભૂત પદાર્થને ન જાણે જ્યારે કેવળજ્ઞાની યુગપત જાણે એટલે કે પ્રયોજનભૂત પદાર્થ-આત્માને જાણે અને અપ્રયોજનભૂત પદાર્થ-સર્વકાળના સર્વ જ્ઞેયને એક સાથે સહજપણે જાણે. એમાં વિકલ્પ હોતા નથી. બન્ને જ્ઞાન પદાર્થને જાણવાવાળા છે પણ પ્રત્ય-પરોક્ષનો ભેદ સંપૂર્ણ ગુણો પ્રગટ થયા નથી એ અપેક્ષાએ છે.

**વળી તમે નિશ્ચય સમ્યક્ત્વનું અને વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ લખ્યું તે સત્ય છે પરંતુ એટલું જાણવું કે સમ્યક્ત્વીને વ્યવહાર સમ્યક્ત્વમાં વા અન્ય કાળમાં અંતરંગ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે, નિરંતર (પરિણમન) રૂપ રહે છે.**

અહીંયા નિશ્ચય વ્યવહારનો સ્પષ્ટ ખુલાસો કરવામાં આવ્યો છે. વ્યવહાર સમ્યક્ત્વની સાથે જ જો નિશ્ચય સમ્યક્ત્વ ન વર્તતું હોય તો તે વ્યવહાર સમ્યક્ત્વ પણ સાચું નથી. એટલે કે ત્યાં સમ્યક્ત્વ જ નથી, પણ મિથ્યાત્વ છે.

વ્યવહારમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત કહ્યું છે. ગર્ભિત એટલે એકને કહેતાં બીજી વાત તેમાં આવી જ જાય. સત્‌દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રધ્ધાને જ્યાં વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું, ત્યાં શુધ્ધાત્માના શ્રધ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ પણ ભેગું છે જ એમ સમજવાનું છે. જેને નિશ્ચય સમ્યક્ત્વનું પરિણમન છે તેને જ સમ્યગ્દર્શન છે, જ્યાં નિશ્ચય નથી ત્યાં સમ્યક્દર્શન નથી પણ મિથ્યાત્ત્વ છે.

ચોથા ગુણસ્થાન વગેરેમાં નિશ્ચય ન હોય, ત્યાં એકલો વ્યવહાર હોય એમ જેઓ માને, તેઓ શુધ્ધાત્માને એકબાજુ રાખીને એકલા રાગથી ધર્મ કરવા નીકળ્યા છે, પણ એમ ધર્મ થાય નહિ.

જે નિશ્ચય વ્યવહાર સાથે છે તેમાં પણ જે નિશ્ચય સમ્યક્ત્વાદિ છે

તે વીતરાગભાવ છે અને વ્યવહાર સમ્યક્ત્વ આદિ છે તે સરાગભાવ છે. બન્ને એક જ ભૂમિકામાં સાથે હોવા છતાં તેમાં જે રાગભાવ છે તે વીતરાગતાને મલિન કરતો નથી અને રાગભાવ છે તે વીતરાગતાનું કારણ થતો નથી બન્નેનાં કાર્ય પણ જુદા છે. રાગ બંધનું કારણ છે, વીતરાગતા મોક્ષનું કારણ છે.

જો શુધ્ધતાની ધારા તૂટે તો સાધકપણું છૂટીને અજ્ઞાની થઈ જાય અને જો રાગની ધારા છુટી જાય તો તુરત વીતરાગ થઈ કેવળજ્ઞાની થઈ જાય. આમ સાધકને નિરંતર નિશ્ચયનું પરિણમન વર્તી રહ્યું હોય છે. ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને દરેક ગુણસ્થાને તે તે ભૂમિકાને યોગ્ય શુધ્ધતાની ધારા નિંરતર વર્તે છે.

સામાન્યપણે જીવના પરિણામ ત્રણ પ્રકાર છે-શુધ્ધ, શુભ અને અશુભ. તેમાં મિથ્યાદૃષ્ટિને અશુભની મુખ્યતા છે. ક્વચિત શુભ હોય પણ શુધ્ધ પરિણતિ હોતી નથી. શુધ્ધ પરિણામની શરૂઆત સમ્યગ્દર્શન પૂર્વક જ થાય છે. ચોથા ગુણસ્થાનકે શુભની મુખ્યતા છે અને સાથે અંશે શુધ્ધ પરિણતિ સદાય હોય છે. જોકે શુધ્ધ ઉપયોગ ક્યારેક જ હોય છે, પણ શુધ્ધ પરિણતિ અંશે તો સદાય વર્તે છે. અને સાતમા ગુણસ્થાનકથી માંડીને ઉપરના બધા સ્થાને એકલો શુધ્ધ ઉપયોગ જ હોય છે. પરિણતિમાં જેટલી શુધ્ધતા છે તેટલો જ ધર્મ છે, તેટલો જ મોક્ષમાર્ગ છે. આ જ ખરેખરી પ્રયોજનભૂત સ્વાનુભવની ઉત્તમવાત છે.

**વળી તમે લખ્યું કે કોઈ સાધર્મી કહે છે :-આત્માને પ્રત્યક્ષ જાણે તો કાર્મણવર્ગણાઓને પ્રત્યક્ષ કેમ ન જાણે ?**

**એ જ કહ્યું છે કે આત્માને પ્રત્યક્ષ તો કેવળી જ જાણે, કર્મવર્ગણાને અવધિજ્ઞાની પણ જાણે.**

આત્માને પ્રત્યક્ષપણે જેમ કેવળજ્ઞાની જાણે છે તેમ કર્મવર્ગણાને કેવળજ્ઞાની જાણે છે. અહીં કહ્યું કે અવધિજ્ઞાની પણ કર્મવર્ગણાને જાણે છે. તે એવી રીતે કે જાતિસ્મરણજ્ઞાન છે તે મતિજ્ઞાનનનો ભેદ છે અને તે પોતાના જ ભવ જાણી શકે છે જયારે જેને અવધિજ્ઞાન છે તે પોતાના ભવ જાણે અને પોતાની સાથે પૂર્વે કોઈ જીવ સંબંધમાં આવ્યો હોય તે જાણે છે અને તે કયાં જવાનો છે એટલે એનો આગામી ભવ કયો છે તે જાણે છે અને તે કર્મવર્ગણાને આધારે કહે છે. તેથી કહ્યું છે કે કર્મ-વર્ગણાને

અવધિજ્ઞાની પણ જાણે. **પરમકૃપાળુદેવ વ્યા.-૧-૧૬૫માં લખે છે :- કર્મરૂપે રહેલા પરમાણુ કેવળજ્ઞાનીને દશ્ય છે, તે સિવાયને માટે ચોક્કસ નિયમ હોય નહીં પરમ અવધિવાળાને દશ્ય થવા સંભવે છે અને મનઃપર્યવજ્ઞાનીને અમુક દશ્ય થવા સંભવે છે.**

**વળી તમે લખ્યું છે કે 'બીજના ચંદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો.**

**ઉત્તર :- એ દષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે.**

આત્માના પ્રદેશો થોડા ખુલ્લા છે એ તો જ્યારે વિશુધ્ધિના કારણેં અનુભવ થયો તેથી થોડુ આવરણ ખસ્યુ એમ કહી શકાય. ત્યાં શુધ્ધતાના અંશો ખુલ્યા પણ ગુણ અપેક્ષાએ તેથી કાંઈ આત્મપ્રદેશો દેખાય નહીં.

જેમ અવધિજ્ઞાની કર્મ વર્ગણા વગેરેને પ્રત્યક્ષ જાણે છે તેમ સમ્યગ્દષ્ટિ સ્વાનુભવમાં આત્મપ્રદેશોને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. દેખાતા નથી. આત્મપ્રદેશોને સંપૂર્ણપણે પ્રત્યક્ષ તો કેવળી ભગવાન દેખે છે; સમકિતીને સ્વાનુભવમાં પ્રત્યક્ષપણું કહ્યું છે તે કાંઈ પ્રદેશોની અપેક્ષાએ નથી કહ્યું, પણ સ્વાનુભવમાં ઈન્દ્રિયાદિનું અવલંબન નથી, તે અપેક્ષાએ કહ્યું છે. અહીંયા સાધક જીવ કર્મ વર્ગણા વગેરેને તો પ્રત્યક્ષ જાણ કે ન જાણે તેથી કરી સાધકપણામાં ફેર નથી પડતો; જ્યારે આત્માને તો સ્વાનુભવથી પ્રત્યક્ષ જાણે જ કેમકે તેની સાથે સાધકપણાનો સંબંધ છે. કર્મ વર્ગણાને પ્રત્યક્ષ ન જાણે તો પણ શ્રુતજ્ઞાન વડે સ્વરૂપમાં લીન થઈને કેવળજ્ઞાન પામી શકે છે.

બીજના દૃષ્ટાંતને આ પ્રમાણપે સમજવાનું છે. તે ક્ષેત્ર અપેક્ષાએ નથી પણ ગુણ અપેક્ષાએ છે; એટલે કે સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાને જ્ઞાનાદિ ગુણોનું કેટલુંક સામર્થ્ય ખીલ્યું છે અને કેટલુંક સામર્થ્ય હજી ખીલવાનું બાકી છે-એમ સમજવું.

**એ પ્રમાણે સમ્યક્ત્વ સંબંધી તથા અનુભવ સંબંધી પ્રત્યક્ષ-અપ્રત્યક્ષાદિકના જે પ્રશ્નો તમે લખ્યા હતા તેનો પ્રત્યુત્તર મારી બુધ્ધિ અનુસાર લખ્યો છે. તમે પણ જિનવાણીથી તથા પોતાની પરિણતિથી મેળવી લેશો.**

**અને ભાઈશ્રી વિશેષ કયાં સુધી લખીએ ? જે વાત જાણવામાં આવે તે લખવામાં આવે નહિ. રૂબરૂ મળતાં કંઈક કહેવાય ખરૂ પરંતુ મળવું**

કર્માધીન છે. માટે ભલું-ઉત્તમ તો એ છે કે ચૈતન્યસ્વરૂપના અનુભવના ઉદ્યમી રહેવું.

**વર્તમાનકાળમાં અધ્યાત્મતત્વ તો આત્મા છે. સમયસારગ્રંથની અમૃતચંદ્ર આચાર્યકૃત સંસ્કૃત ટીકા વિષે સ્વાનુભવ વગેરેનું કથન છે. તથા આગમની ચર્ચા ગોમ્મટસારમાં છે, તેમ જ બીજા શાસ્ત્રોમાં પણ છે. જે જાણી છે પણ તે સર્વ લખવામાં આવે નહિ. માટે તમે અધ્યાત્મ તથા આગમ ગ્રંથોનો અભ્યાસ રાખજો. અને સ્વરૂપમાં મગ્ન રહેજો.**

**વળી તેમ કોઈ વિશેષ ગ્રંથો જાણ્યા હોય તો મને લખી મોકલશો. આધર્મીને તો પરસ્પર ચર્ચા જ જોઈએ. મારામાં તો એટલી બુધ્ધિ નથી પરંતુ તમારા જેવા ભાઈઓ સાથે પરસ્પર વિચાર છે, તે મોટી વાત છે. જ્યાં સુધી મેળાપ ન થાય ત્યાં સુધી પત્ર તો શીઘ્ર જ લખ્યા કરશો. (મહા વદ ૫, સં.-૧૮૧૧-ટોડરમલ)**

પત્ર લખનાર અને જેના ઉપર પત્ર લખ્યો છે તે બન્ને વચ્ચે સેંકડો ગાઉનું અંતર તેથી સંયોગ બનવો તે તો ઉદયાધીન છે. માટે કહે છે કે 'એની ભાવના કરતાં કરતાં ચૈતન્યની ભાવનામાં સદાય રહેવું. ચૈતન્યની ભાવના ભાવવામાં ક્ષેત્રનું અંતર નડતું નથી. માટે ચૈતન્યની ભાવના અને તેના અનુભવ માટે સદાય ઉદ્યમશીલ રહેવું એ જ ઉત્તમ છે.

આંતરિક અધ્યાત્મતત્વ ગુપ્ત રહી ગયું છે, તે જિનશાસનમાં જ્ઞાની સંતોએ ખુલ્લુ કરીને દેખાડયું છે. માટે આ પ્રત્યે રુચિ કેળવી તેની ભાવનામાં નિરંતર રહેવું. તે યથાર્થ માર્ગ કે ધર્મ છે. ગ્રંથોમાંથી જેટલી વાત જાણીને અનુભવી હોય તે કાંઈ પત્રમાં લખી શકાય નહિ તેથી ભલામણ કરે છે કે એ અધ્યાત્મ ગ્રંથોનો તમે પણ અભ્યાસ રાખજો. વળી શાસ્ત્ર અભ્યાસમાં અટકવાનું નથી પણ તેના દ્વારા સ્વાનુભવ કરવાનો છે તેથી લખ્યું કે નિજસ્વરૂપમાં મગ્ન રહેજો.'

ઉપર બધી જ વાતો કહી પણ છેવટે તો આત્મસ્વરૂપનો અનુભવ કરી તેમાં લીનતા કરવાનો જ પુરૂષાર્થ કરવાનું કહ્યું.

સાધક જીવ અંતર અનુભવથી પોતાના સ્વરૂપ-સ્વભાવ દેખીને પરમ પ્રસન્ન થાય છે. ચૈતન્યના અનુભવની ખુમારી એના ચિત્તને બીજે કયાંય લાગવા દેતી નથી. સ્વાનુભવનાં શાંત રસથી તે તૃપ્ત છે ચૈતન્યના

આનંદની મસ્તીમાં તે એવા મસ્ત છે કે હવે બીજું કાંઈ કરવાનું રહ્યું નથી. હું જ જ્ઞાન, દર્શન, ચારિત્ર છું, હું જ મોક્ષ છું, હું જ સુખ છું, મારા સ્વભાવની શુધ્ધિ વૃધ્ધિગત છે. પરભાવનો મારામાં હવે પ્રવેશ નથી. હું હવે મારા ચૈતન્ય વિલાસ સ્વરૂપ છું. ચૈતન્યપણામાં બીજા કોઈની ચિંતા નથી. એકત્વ ચૈતન્યના ચિંતનમાં પરમ સુખ છે. સર્વ સુખ-સંપત્તિનો નિધાન એવો હું છું. મારા સ્વરૂપને દેખી દેખીને જો કે પરમ તૃપ્તિ અનુભવાય છે, તો પણ એ અનુભવની કદી તૃપ્તિ થતી નથી, એમાંથી બહાર આવવાની વૃત્તિ થતી નથી. સ્વરૂપનો બધો મહિમા સ્વાનુભવમાં સમાય છે-આવી જેની અનુભવદશા છે તે જીવ ધર્મી કહેવાય. તેને અમે વંદન કરીએ છીએ.

સંસારમાં ગમે તેવા કલેશના કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે પણ જ્ઞાનીને જ્યાં ચૈતન્યની સ્ફુરણા થઈ ત્યાં તે બધાય કલેશ કયાંય ભાગી જાય છે. ગમે તેવા પ્રસંગમાંય એનાં શ્રધ્ધા-જ્ઞાન ઘેરાઈ જતાં નથી. જયાં ચિદાનંદનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાભરના મનમાં રહેલા કલેશો દૂર ભાગી જાય છે. સંસારના ઝેરને ઉતારી નાખનારી આ જડીબુટ્ટી છે. એ જડીબુટ્ટી સુંઘતા સંસારના બધા જ થાક ક્ષણવારમાં ઊતરી જાય છે. માટે ચૈતન્યનો સ્વાનુભવ કરવો એ જ કલ્યાણ-શ્રેયરૂપ છે. અને તેના આધારે સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે.

પ.કૃ.દેવ શ્રીમદ્ રાજચંદ્રજી આ વાતને પત્રાંક-૯૦૧માં સંક્ષિપ્તમાં કેવી સમજાવી છે તેનો વિચાર કરવો.

## પ્રકરણ :- ૨

## પરમાર્થ વચનિકા - પં. બનારસીદાસજી

**(૧) એક જીવ દ્રવ્ય, તેના અનંતગુણ, અનંત પર્યાય, એકેક ગુણના અસંખ્યાત પ્રદેશ. એકેક પ્રદેશ વિષે અનંત કર્મ વર્ગણા; એકેક કર્મ વર્ગણા વિષે અનંતાઅનંત પુદ્ગલ પરમાણું. એકેક પુદ્ગણ પરમાણુ, અનંત ગુણ, અનંત પર્યાય સહિત બિરાજમાન છે. આ પ્રમાણે એક સંસાર-અવસ્થિત જીવપિંડની અવસ્થા છે. એ જ પ્રમાણે અનંત જીવ દ્રવ્ય સપિંડરૂપ જાણવા. એક જીવ દ્રવ્ય અનંતાનંત પુદ્ગલ દ્રવ્યથી સંયોગી માનવું.**

જગતમાં અનંત જીવો ભિન્ન ભિન્ન છે. એકેક જીવદ્રવ્યમાં અનંત ગુણો છે. એકેક ગુણની અનંત પર્યાયો છે; અથવા અનંત ગુણોની દરેકની

પર્યાય વર્તે છે એ રીતે એક સમયમાં અનંત ગુણોની અનંતી પર્યાયો છે. એકેક ગુણના અસંખ્યપ્રદેશો છે જેટલા જીવના પ્રદેશો છે, તેટલા જ દરેક ગુણના પ્રદેશો છે. આ જીવ દ્રવ્ય-ગુણ-પર્યાય બતાવ્યા.

હવે સંસારી જીવને એકેક પ્રદેશે અનંત કર્મ-વર્ગણા છે. એકેક કર્મ વર્ગણામાં અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓ છે અને તેમાં એકેક પરમાણુ અનંત ગુણ-પર્યાયો સહિત છે.

આ પ્રમાણે એકેક સંસારી જીવની સ્થિતિ છે. અને આવી સપિંડ અવસ્થારૂપ એટલે કે કર્મના સંયોગવાળા જીવો સંસારમાં અનંત છે. સંસારથી મુકત એવા સિધ્ધાત્માઓ પણ અનંત છે, અને સંસારી જીવો એના કરતાં પણ અનંત છે. કેટલા ? કે બટાટા વગેરે કંદમૂળના એક ઝીણા કટકામાં અસંખ્યાતા ઔદારિક શરીરો અને એકેક શરીરમાં સિધ્ધો કરતાં અનંતગુણા જીવો છે. નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીનો દરેક જીવ અનંતાનંત પુદ્‌ગલ-દ્રવ્યથી સંયોગિત છે. છતાં તેમાં જીવ અને પુદ્‌ગલ બંને પોત-પોતાની પરિણતિમાં ભિન્ન ભિન્ન પરિણમી રહ્યાં છે.

આ અનંતા જીવો અને અનંતાનંત પુદ્‌ગલો તથા તેના અનંતગુણ-પર્યાયો-આ બધાને એક સમયમાં જાણી લેવાની શકિત આત્મામાં રહેલી છે.

હવે જીવ અને પુદ્‌ગલની ભિન્ન ભિન્ન પરિણતિનું કથન કરે છે.

**(૨) જુદા જુદા રૂપે જીવદ્રવ્યની પરિણતિ તથા જુદા જુદા રૂપે પુદ્‌ગલ દ્રવ્યની પરિણતિ છે; તેનું વિવરણ-એક જીવદ્રવ્ય જે પ્રકારની અવસ્થાસહિત અનેક આકારરૂપ પરિણમે તે પ્રકાર અન્ય જીવથી મળતો આવે નહિ; અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થા રૂપ પરિણમન હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવદ્રવ્ય અનંતાનંત-સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યા છે. કોઈ જીવદ્રવ્યના પરિણામ કોઈ પણ અન્ય જીવદ્રવ્યથી મળતાં આવે નહિ.**

**એ જ પ્રમાણે એક પુદગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યથી મળતી આવે નહિ; તેથી પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યની પણ અન્ય અન્યતા જાણવી.**

સંસાર અવસ્થામાં જીવ અને પુદ્‌ગલોનો સંયોગ હોવા છતાં બંનેની પરિણતિ જુદી જુદી જ છે; કોઈ એક બીજાની પરિણતિમાં કાંઈ કરતાં નથી.

વળી સંસારમાં કોઈપણ બે જીવની પરિણતિ બધી રીતે મળતી આવે નહિ, કાંઈક કાંઈક ફેર હોય જ. સંસાર તો ઉદયભાવ છે, તેમાં કોઈ જીવ અનેક પ્રકારની અવસ્થારૂપ પરિણમે તે બીજા જીવ સાથે સર્વ પ્રકારે મળતી આવે નહી. કદાચ કેવળજ્ઞાન આદિ કોઈ પ્રકારે સરખા ગણીએ પણ ઔદયિકભાવમાં કોઈને કોઈ પ્રકારની વિશેષતા હોય છે. એવો સંસારનો સ્વભાવ જ છે.

જેમ જીવોની અવસ્થામાં ભિન્ન ભિન્ન પ્રકારો છે તેમ તેના નિમિત્તરૂપ પુદ્‌ગલકર્મની અવસ્થામાં પણ ભિન્ન ભિન્ન પ્રકારો છે. કોઈ બે પરમાણુની અવસ્થા સર્વ પ્રકારે એકબીજાને મળતી આવે નહિ.

દરેકના પરિણામ ભિન્ન ભિન્ન પ્રકારનાં, કોઈનાં પરિણામ બીજાની સાથે સર્વ પ્રકારે મળતા આવે નહિ;-હવે તે જીવ અને પુદ્‌ગલોની અવસ્થાઓનું વિશેષ વર્ણન કરે છે.

(૩) **હવે જીવદ્રવ્ય તથા પુદ્‌ગલદ્રવ્ય-એક ક્ષેત્રાવગાહી અનાદિકાળથી છે; તેમાં વિશેષ એટલું કે જીવ દ્રવ્ય એક; અને પુદ્‌ગલ પરમાણું અનંતાનંત, દ્રવ્ય ચલાચલરૂપ, આગમનગમનરૂપ, અનંત આકાર પરિણમનમ રૂપ, બંધ મુકિત શકિત સહિત વર્તે છે.**

જીવ અને પુદ્‌ગલો અનાદિથી એકક્ષેત્રે રહેલા છે તોપણ બન્નેના સ્વપ્રદેશો તો સદાય જુદેજુદા છે. આકાશની અપેક્ષાએ બન્નેનું ક્ષેત્ર એક કહેવાય છે, પરંતુ દરેક દ્રવ્યને પોતપોતાના સ્વપ્રદેશો ભિન્ન ભિન્ન છે. જીવના અસંખ્યાત પ્રદેશો એટલા છે કે આખા લોકમાં તેનો વિસ્તાર થાય તો એકેક લોકપ્રદેશે એકેક જીવ પ્રદેશ આવે. અને તે સંકોચાઈને રહે તો લોકપ્રદેશનો અસંખ્યાતમો ભાગ રોકે. એકેક લોકપ્રદેશે અસંખ્યાતમે ભાગે અસંખ્યાત (અસંખ્યાત÷અસંખ્યાત=અસંખ્યાત) જીવપ્રદેશો આવે. એકેક જીવપ્રદેશે અનંત કર્મ પરમાણુ રહેલા છે.

જીવની સાથે જે કર્મ પરમાણુઓ રહેલા છે, તે જો કે અનાદિથી રહેલા છે, પરંતુ અનાદિકાળના તે ને તે જ પરમાણુઓ નથી, પણ બદલાતા રહેલા નવાનવા પરમાણુઓ છે. ક્ષણે ક્ષણે (કર્મના ઉદયથી) અનંતા પરમાણુઓ છૂટે છે અને અનંતા નવા પરમાણુઓનું આવા-ગમન થયા કરે છે. તેથી તેને ‘આગમન-ગમનરૂપ’ કહ્યા છે. તે પુદ્‌ગલોનું આવવું જવું

અથવા કર્મરૂપે બંધાવુ અને છૂટા પડવું એ તેની જ પરિણમન શકિતથી થાય છે, આકાશ અપેક્ષાએ ભલે જીવ અને કર્મનું ક્ષેત્ર એક હોય પણ 'સ્વચતુષ્ટય' બન્નેના ભિન્ન ભિન્ન છે. જીવના અસંખ્યાત પ્રદેશોમાં તો કયારેય વધઘટ થાય નહિ, જયારે કર્મના પરમાણુઓમાં તો ક્ષણે ક્ષણે અનંતા પરમાણુઓની વધઘટ થયા કરે છે. વળી જીવનો સ્વભાવ સ્થિર રહેવું-અચળ રહેવું તે છે. જયારે પુદ્ગલનો સ્વભાવ ચલાચલરૂપ છે. વળી તે પુદ્ગલો અનેક આકારરૂપ પરિણમે છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અથવા પ્રદેશ-પ્રકૃત્તિ-સ્થિતિ-અનુભાગની અપેક્ષાએ અનંત પ્રકારો છે. તે અપેક્ષાએ અનંત આકારો સમજવાના છે. વળી તે પુદ્ગલો અનેક પ્રકારની બંધરૂપ અવસ્થાપણે કે મુકતરૂપ અવસ્થાપણે સ્વયં પરિણમવાની શકિતવાળા છે. જીવના વિકારના નિમિત્તે જે ક્ષણે અમુક કર્મો બંધાતા હોય તે ક્ષણે જ પૂર્વે બંધાયેલા કેટલાક કર્મો છુટા પડતા હોય, આમ બંધાવું ને છૂટા પડવું-એવી શકિત પુદ્ગલ દ્રવ્યમાં છે.'સમયસાર નાટક' માં પં.-બનારસીદાસજીએ જીવ અને પુદ્ગલની ભિન્ન શકિતઓનું વર્ણન કરેલું છે.

**સમતા, રમતા, ઊર્ધ્વતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા યે સબ જીવ વિલાસ;**
**તનતા, મનતા, વચનતા, જડતા જડસમ્મેલ;**
**ગુરુતા, લઘુતા, ગમનતા યે અજીવ કે ખેલ.**

→ સમતા, રમતા (રમણીયપણું), ઊર્ધ્વતા, જ્ઞાયકપણું, સુખભાસ, વેદકતા, ચૈતન્યતા એ જીવના લક્ષણો છે.

જયારે શરીર, મન, વચન, જડતા, ભારેપણું, હલકાપણું જવા-આવવાપણું એ આ જીવના લક્ષણો છે.

જીવ અને પુદ્ગલનો સ્વભાવ ત્રણે કાળ ભિન્ન ભિન્ન છે, પણ સંસારમાં બન્નેનો સંયોગ અનાદિથી છે. તેમાં પુદ્ગલ તો ચલાચલરૂપ, આગમન, ગમનરૂપ અનંત-આકારપણે, બંધ-મુકત અવસ્થારૂપ પરિણમે છે તે કહ્યું.

હવે સંસારી જીવ કેવી કેવી અવસ્થારૂપે પરિણમે છે તે બતાવે છે.

(૪) **સંસારી જીવની ત્રણ અવસ્થા.**

**(૧) અશુધ્ધ. (૨) શુધ્ધાશુધ્ધ-મિશ્ર (૩) શુધ્ધ. એ ત્રણે અવસ્થા**

**સંસારી જીવદ્રવ્યની જાણવી. સંસારાતીત સિધ્ધને અનવસ્થિતરૂપ કહીએ છીએ.**

આ પ્રમાણે મિથ્યાદષ્ટિથી માંડી ચૌદમા ગુણસ્થાનના છેડા સુધીના બધાય સંસારી જીવોની અવસ્થાના ત્રણ મુખ્ય પ્રકાર કહ્યા છે. સિધ્ધ ભગવંતોનો સમાવેશ આમાં થતો નથી કારણ કે તેઓ કર્મના સંયોગથી સંપૂર્ણ પર છે. તેથી વ્યવહારાતીત કહ્યા છે.

(૫) **તે ત્રણ અવસ્થા સંબંધી વિચાર :-**

**(૧) અશુધ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય. (૨) મિશ્ર-નિશ્ચયાત્મક દ્રવ્ય. (૩) શુધ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય.**

**અશુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી અશુધ્ધ વ્યવહાર છે, મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી મિશ્ર વ્યવહાર છે; તથા શુધ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી શુધ્ધ વ્યવહાર છે.**

સ્વભાવદષ્ટિથી જોતાં દ્રવ્ય પોતે કંઈ અશુધ્ધ નથી, પરંતુ અશુધ્ધ પર્યાયરૂપે પરિણમેલા આત્માને જ પર્યાય સાથે અભેદ ગણીને અશુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય કહી દીધું. અને તેની સાથે વર્તતી અશુધ્ધ પરિણતિને અશુધ્ધ વ્યવહાર કહ્યો એટલે અશુધ્ધ દ્રવ્યને સહકારી અશુધ્ધ વ્યવહાર કહ્યો; એ જ રીતે સાધક પર્યાયરૂપે પરિણમેલા આત્માને અભેદપણે મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું અને તેની સાધક-બાધક પર્યાયને મિશ્ર વ્યવહાર કહ્યો; એટલે મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય સહકારી મિશ્ર વ્યવહાર કહ્યો; તથા શુધ્ધ પર્યાયરૂપે પરિણમેલા આત્માને અભેદપણે શુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય કહ્યું અને તેની શુધ્ધ પર્યાયને શુધ્ધ વ્યવહાર કહ્યો એટલે શુધ્ધ દ્રવ્યને સહકારી શુધ્ધ વ્યવહાર કહ્યો આમ સંસારી જીવને ત્રણ પ્રકારે નિશ્ચય વ્યવહાર કહ્યાં.

હવે નિશ્ચય - વ્યવહારનો ખુલાસો કરે છે.

(૬) **નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય તથા વ્યવહાર દ્રવ્યના યથાવસ્થિત ભાવે છે. પરંતુ વિશેષ એટલું કે જ્યાં સુધી સંસાર અવસ્થા છે ત્યાં સુધી વ્યવહાર કહેવાય; સિધ્ધને વ્યવહારાતીત કહેવાય. તેથી સંસાર અને વ્યવહાર એ બન્ને એકરૂપ કહ્યા, અર્થાત્ સંસારી તે વ્યવહારી અને વ્યવહારી તે સંસારી.**

**જ્યાં સુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાં સુધી અશુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય**

**અશુધ્ધ વ્યવહારી છે. સમ્યક્દષ્ટિવંત થતાં વેંત ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી મિશ્ર નિશ્ચયાત્મક જીવ દ્રવ્ય મિશ્ર વ્યવહારી છે. અને કેવળજ્ઞાની શુધ્ધ નિશ્ચયાત્મક શુધ્ધ વ્યવહારી છે.**

અહીયા અશુધ્ધ પરિણતિરૂપે પરિણમેલા અજ્ઞાની જીવને જે અશુધ્ધ પરિણતિ છે, તે તેનો વ્યવહાર છે, તે અશુધ્ધ વ્યવહાર છે. અને તે અશુધ્ધ પરિણતિરૂપે પરણિમેલ દ્રવ્ય તે અશુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે. આ અશુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારથી આત્માને અશુધ્ધ કહ્યો પણ કર્મને લીધે આત્માને અશુધ્ધ કહ્યો એમ નથી.

સાધક જીવને શુધ્ધ અશુધ્ધરૂપ મિશ્ર પરિણતિ છે; તેવી મિશ્ર પરિણતિરૂપે તે દ્રવ્ય પોતે પરિણમ્યું છે તેથી તેને મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય અને તેની પરિણતિને મિશ્ર વ્યવહાર કહ્યો.

એ જ રીતે જેનો આત્મા કેવળજ્ઞાનાદિ પૂર્ણ શુધ્ધ પર્યાયરૂપે પરિણમી ગયો તે આત્મા શુધ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે, અને તેની શુધ્ધ પરિણતિ તે તેનો શુધ્ધ વ્યવહાર છે.

અહીંયા દ્રવ્યને નિશ્ચય કહ્યો છે. અને દ્રવ્યની પરિણતિને વ્યવહાર કહ્યો છે. તથા એ બન્નેને સહકારી કહ્યા. વસ્તુને કોઈ પરનો સહકાર નથી, પોતામાં ને પોતામાં જ દ્રવ્ય પર્યાયને એક બીજાનો સહકાર છે. અશુધ્ધ ઉપાદાન-અશુધ્ધપર્યાયરૂપ વ્યવહાર. મિશ્ર ઉપાદાન-મિશ્ર પર્યાયરૂપ વ્યવહાર. શુધ્ધ ઉપાદાન-શુધ્ધપર્યાયરૂપ વ્યવહાર છે.

અહીંયા સંસારી જીવની જ જાત છે. જ્યાં સુધી સંસાર અવસ્થા છે ત્યાં સુધી વ્યવહાર છે. સિધ્ધને વ્યવહારાતીત કહ્યા છે. સિધ્ધ ભગવાનને સ્વરૂપમય જ પર્યાય તો છે પણ સંસાર અપેક્ષાએ તે અનવસ્થિત કહ્યા છે.

**(૭) નિશ્ચય તો દ્રવ્યનું સ્વરૂપ અને વ્યવહાર સંસારાવસ્થિત ભાવ તેનું વિવરણ :**

ત્રણ પ્રકારના સંસાર અવસ્થાવાળા જીવો કેવા હોય છે તેની વિશેષ સ્પષ્ટતા કરે છે.

**મિથ્યાદષ્ટિજીવ પોતાનું સ્વરૂપ જાણતો નથી તેથી પરસ્વરૂપને વિષે મગ્ન થઈને તેને પોતાનું કાર્ય માને છે; તે કાર્ય કરતો હોવાથી તેને અશુધ્ધ**

**વ્યવહારી કહીએ છીએ.**

**સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપને પરોક્ષપ્રમાણ વડે અનુભવે છે, પર સત્તા-પર સ્વરૂપ તેને પોતાનું કાર્ય નહિ માનતો થકો યોગદ્વાર વડે પોતાના સ્વરૂપના ધ્યાન-વિચારરૂપ ક્રિયા કરે છે, તે કાર્ય કરતાં તેને મિશ્ર-વ્યવહારી કહીએ છીએ.**

**કેવળજ્ઞાની યથાખ્યાતચારિત્રના બળવડે શુધ્ધાત્મ સ્વરૂપમાં રમણશીલ છે તેથી તેને શુધ્ધ વ્યવહારી કહીએ, યોગારૂઢ અવસ્થા વિદ્યમાન હોવાથી તેમને વ્યવહારી કહ્યા. શુધ્ધ વ્યવહારની સરહદ તેરમા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન પર્યંત જાણવી. યથા "અસિધ્ધત્વપરિણમનત્વાત્ વ્યવહાર :"**

સંસાર અવસ્થામાં રહેલા જીવની જે ત્રણ અવસ્થાનું કથન કર્યું તેનું સ્વરૂપ કહે છે.

**"અશુધ્ધ વ્યવહાર શુભાશુભઆચારૂપ છે. શુધ્ધાશુધ્ધ વ્યવહાર શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચરણરૂપ છે અને શુધ્ધવ્યવહાર શુધ્ધાચરણરૂપ છે. પરંતુ વિશેષ તેનું એટલું છે; કોઈ કહે કે શુધ્ધસ્વરૂપાચરણાત્મ તો સિધ્ધમાં પણ વિદ્યમાન છે તેથી ત્યાં પણ વ્યવહાર સંજ્ઞા કહેવી જોઈએ; તે તેમ નથી કેમ કે સંસાર અવસ્થા સુધી વ્યવહાર કહીએ છીએ, સંસારાવસ્થા મટતાં વ્યવહાર પણ મટયો કહેવાય, તેથી સિધ્ધ વ્યવહારાતીત કહેવાય. એ રીતે વ્યવહારવિચાર સમાપ્ત.**

હવે તે જ સંસારીજીવોમાં 'આગમરૂપ' તથા અધ્યાત્મરૂપ ભાવો કેવા પ્રકારે છે તેનું સ્વરૂપ કહે છે.

**(૮) વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ, આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મક કહીએ છીએ; આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બન્ને ભાવ સંસાર અવસ્થા વિષે ત્રિકાળવર્તી જાણવા.**

અહીંયા વસ્તુનો સ્વભાવ એટલે પર્યાયભાવને ગણવાનો છે, જે અશુધ્ધભાવ છે. અધ્યાત્મસ્વરૂપ શુધ્ધભાવ છે. આ બન્ને ભાવવાળા જીવો સંસાર અવસ્થામાં સદાય હોય છે.

આગમ પધ્ધતિ એટલે અહીં અનાદિથી ચાલી આવેલી પરંપરા અથવા આગંતૂકભાવો. વિકારીભાવો છે તે નવા આગંતૂક છે એટલે વિકાર અને તેના નિમિત્તરૂપ કર્મ એ બન્નેનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે

તેનું નામ આગમ પધ્ધતિ છે. અને જીવમાં જે નવી અપૂર્વ અધ્યાત્મદશા એટલે શુધ્ધ પર્યાય પ્રગટે તે અધ્યાત્મ પધ્ધતિ છે.

આ બન્ને વિષે આગળ કહે છે.

**(૯) આગમરૂપ કર્મ પધ્ધતિ છે; અધ્યાત્મરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ છે. તેનું વિવેચન : કર્મ પધ્ધતિ પૌદગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્‌ગલના પરિણામ છે; ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માની અશુધ્ધ પરિણતિરૂપ પરિણામ છે, તે બન્ને પરિણામ આગમરૂપ સ્થાપ્યા.**

**શુધ્ધ ચેતના પધ્ધતિ એટલે શુધ્ધાત્મપરિણામ, તે પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. દ્રવ્યરૂપ તો જીવત્વ પરિણામ છે તથા ભાવરૂપ જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ અનંતગુણરૂપ એ બન્ને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા એ આગમ તથા અધ્યાત્મ બન્ને પધ્ધતિમાં અનંતતા માનવી.**

આત્માની પરિણતિમાં અશુધ્ધતા અનાદિથી છે, તે સ્વભાવગતભાવ નથી. પણ આગંતુક વિકારીભાવ છે. તે પરિણામ સ્વભાવરૂપ નથી. એટલે પુદ્‌ગલાકાર કહ્યા છે, કેમ કે પુદ્‌ગલ કર્મો તેમાં નિમિત્ત છે. પુદ્‌ગલ કર્મની પરંપરા તે દ્રવ્યરૂપ કર્મપધ્ધતિ ને તેના નિમિત્તો થતાં જીવના વિકારી પરંપરા તે ભાવરૂપ કર્મપધ્ધતિ છે. આમ દ્રવ્ય અને ભાવકર્મની પરંપરારૂપ આગમ પધ્ધતિ છે અને બન્ને ભાવો જીવદ્રવ્યના કહ્યા છે.

આત્મદ્રવ્યના અને તેના જ્ઞાનાદિ ગુણોના જે શુધ્ધ પરિણામ છે તે અધ્યાત્મ પધ્ધતિરૂપ છે; આ શુધ્ધ ચેતનારૂપ છે એટલે તેમાં વિકાર કે કર્મોનો સંબંધ ન આવે. દ્રવ્યના શુધ્ધ પરિણામ તે દ્રવ્યરૂપ શુધ્ધ ચેતના ભાવરૂપ શુધ્ધચેતના પધ્ધતિ છે. આ બન્ને અધ્યાત્મરૂપ જાણવા. આગમ પધ્ધતિ સંસારનું કારણ છે અને અધ્યાત્મપધ્ધતિ મોક્ષનું કારણ છે.

સંસારમાં આગમ અને અધ્યાત્મપધ્ધતિ બન્ને ત્રિકાળ છે, પણ વ્યકિતગત એક જીવને આગમપધ્ધતિ અનાદિની છે, ને અધ્યાત્મ પધ્ધતિરૂપ સાધકદશા અસંખ્યા સમયની હોય છે. કોઈ સાધક લાંબામાં લાંબો કાળ સાધક દશામાં રહે તો પણ તે અસંખ્ય સમય જ હોય. સંસારમાં દરેક જીવને આ બધાય ભાવો હોય જ એવો નિયમ નથી.

અનંતતા કહી તેનો વિચાર

**(૧૦) અનંતતાનું સ્વરૂપ દૃષ્ટાંત વડે દર્શાવીએ છીએ. જેમકે-વડના વૃક્ષનું**

એક બીજ હાથમાં લઈને તેના ઉપર દીર્ઘદષ્ટિથી વિચાર કરીએ તો તે વડના બીજ વિષે વડનું એક ઝાડ છે. ભાવિકાળમાં જેવું વૃક્ષ થનાર છે તેવા વિસ્તાર સહિત તે બીજમાં વાસ્તવરૂપે વિદ્યમાન છે, અનેક શાખા-પ્રશાખા, પત્ર, પુષ્પ-ફળયુકત છે, તેના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે, એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારવી. વળી સૂક્ષ્મદષ્ટિથી જોઈએ તો તે વડના વૃક્ષમાં જે જે બીજ છે તે તે અંતર્ગર્ભિત-વડવૃક્ષથી સંયુકત છે એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ અને એકેક બીજ વિષે એકેકા વડવૃક્ષ-તેનો વિચાર કરીએ તો ભાવિનયની પ્રધાનતાથી ન તો વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય. એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. તે અનંતતાના સ્વરૂપને કેવળ જ્ઞાનીપુરૂષ પણ અનંત જ દેખે, જાણે કહે; અનંતનો અંત છે જ નહીં કે જે જ્ઞાનમાં ભાસે. તેથી અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે. એ પ્રમાણે આગમ તથા અધ્યાત્મની અનંતતા સમજવી.

(૧૧) તેમાં વિશેષ એટલું કે અધ્યાત્મનું સ્વરૂપ અનંત છે અને આગમનું સ્વરૂપ અનંતાનંતરૂપ છે; કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત અને આગમ અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યાશ્રિત છે. આ બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો આગમી, અધ્યાત્મી તો કેવળજ્ઞાની છે, અંશમાત્ર મતિશ્રુતજ્ઞાની છે અને દેશમાત્ર જ્ઞાતા અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની છે. આ ત્રણે યથાવસ્થિત જ્ઞાન પ્રમાણ ન્યૂનાધિકરૂપ જાણવા.

મિથ્યાદષ્ટિ જીવને આગમરૂપ કર્મપધ્ધતિ જ છે; અધ્યાત્મરૂપ શુધ્ધચેતનારૂપ પધ્ધતિ તેને કદી પ્રગટતી નથી કારણ કે તે આગમ પધ્ધતિને છોડતો નથી.

**(૧૨) મિથ્યાદષ્ટિ જીવ ન આગમી છે; ન અધ્યાત્મી છે. કેમ ? કારણ કે તે કથનમાત્ર તો ગ્રંથપાઠના બળ વડે આગમ-અધ્યાત્મનું સ્વરૂપ ઊપદેશમાત્ર કહે, પરંતુ આગમ-અધ્યાત્મના સ્વરૂપને સમ્યક્‌પ્રકારે જાણે નહીં; તેથી મૂઢ જીવ આગમી પણ નથી કે અધ્યાત્મી પણ નથી. યથા નિર્વેદકત્વાત્‌-એટલે કે તેને તે ભાવનું વેદન નથી.**

મિથ્યાદષ્ટિને સ્વસંવેદનરૂપ જ્ઞાન નથી તેથી તે આગમી પણ નથી અને અધ્યાત્મી પણ નથી. સમ્યગ્‌દષ્ટિ જીવ આગમ-અધ્યાત્મનો જ્ઞાતા છે તેથી મોક્ષમાર્ગ સાધી રહ્યો છે, જ્યારે અજ્ઞાની જીવ આગમ-અધ્યાત્મના

સ્વરૂપને જાણતો નથી તેથી તે મોક્ષમાર્ગને સાધતો નથી.

(૧૩) જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે; મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ. શા માટે ? મૂઢ જીવ આગમ પધ્ધતિને વ્યવહાર કહે અને અધ્યાત્મપધ્ધતિને નિશ્ચય કહે; તેથી તે એકાંતપણે આગમ અંગને સાધી તેને મોક્ષમાર્ગ કહે છે. અધ્યાત્મઅંગના વ્યવહારને જાણતો નથી. એ મૂઢદષ્ટિનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ કયાંથી ? કારણ કે આગમ-અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે તેનું સ્વરૂપ સાધવું સુગમ છે; તે બાહ્યક્રિયા કરતો થકો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતર્ગર્ભિત જે અધ્યાત્મરૂપ ક્રિયા તે અંતરદષ્ટિ ગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણતો નથી. અંતદષ્ટિના અભાવથી અંતરક્રિયા દષ્ટિગોચર થાય નહિ. તેથી મિથ્યાદષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધવાને અસમર્થ છે.

અજ્ઞાની મોક્ષમાર્ગ કેમ સાધી શકતો નથી એ વાત કરી હવે સમ્યગ્દષ્ટિ જ્ઞાતા કયા પ્રકારે મોક્ષમાર્ગ સાધે છે તે કહે છે.

(૧૪) સમ્યગ્દષ્ટિ શું છે તે સાંભળો. સંશય, વિમોહ, વિભ્રમ એ ત્રણ ભાવ જેમાં નથી તે સમ્યગ્દષ્ટિ છે. સંશય, વિમોહ, વિભ્રમ એટલે શું તેનું સ્વરૂપ દષ્ટાંત વડે દર્શાવે છે; તે સાંભળો : 'જેમ કોઈ એક સ્થાનમાં ચાર પુરૂષો ઊભા છે. બીજાકોઈ પુરૂષે છીપનો એક કટકો તેમની પાસે લાવીને તે ચારેય પુરૂષને દેખાડયો, અને દરેકને પ્રશ્ન કર્યો કે આ શું છે ? છીપ છે કે રૂપું છે ?

પ્રથમ એક પુરૂષ કે જે સંશયદષ્ટિવાળો હતો તે બોલ્યો કે કાંઈ સૂઝ નથી પડતી-આ છીપ છે કે રૂપું છે ? મારી દષ્ટિમાં એનો કોઈ નિર્ધાર થતો નથી.

બીજો વિમોહવાળો પુરૂષ બોલ્યો કે મને એ કાંઈ સમજ નથી પડતી કે તમે છીપ કોને કહો છો, અને રૂપુ કોને કહો છો ? મારી દષ્ટિમાં કાંઈ આવતું નથી તેથી હું નથી જાણતો કે તમે શું કહો છો ? અથવા ઘેલછાથી-ગાફેલ પણાથી તે ચૂપ રહે, બોલે નહી.

પછી ત્રીજો વિભ્રમવાળો પુરૂષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણથી રૂપું જ છે. આને છીપ કોણ કહે ? મારી દષ્ટિમાં તો રૂપું સૂઝે છે, તેથી સર્વથા પ્રકારે આ રૂપું જ છે.

આ ત્રણે પુરૂષોએ છીપના સ્વરૂપને જાણ્યું નહિ, તેથી ત્રણે મિથ્યાવાદી છે.

હવે ચોથો પુરૂષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણથી છીપનો કટકો છે, તેમાં સંશય શો ? છીપ, છીપ, છીપ....ચોક્કસ છીપ. જો કોઈ આને બીજી વસ્તુ કહે તો પ્રત્યક્ષ પ્રમાણ ભ્રમિત અથવા અંધ.

તેવી રીતે સમ્યગ્દષ્ટિને સ્વ-પર સ્વરૂપમાં નથી સંશય નથી વિમોહ કે નથી વિભ્રમ; યથાર્થદષ્ટિ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ અંતદષ્ટિ વડે મોક્ષ પધ્ધતિને સાધી જાણે છે.''

આગળ વધારે સ્પષ્ટતા કરે છે.

(૧૫) સમ્યગ્દષ્ટિ બાહ્યભાવને બાહ્ય નિમિત્તરૂપ માને છે, તે નિમિત્તો અનેકરૂપ છે, એકરૂપ નથી, તેથી અંતર્દષ્ટિના પ્રમાણમાં તે મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર અને શુધ્ધ દ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય. આવા નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે, મૂઢ જીવ જાણતો નથી તેથી માનતો પણ નથી. મૂઢ જીવ બંધ પધ્ધતિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે છે. પણ તે વાત જ્ઞાતા માને નહિ કેમ કે બંધને સાધવાથી બંધ સધાય પણ મોક્ષ ન સધાય. એમ જાણે છે.

સમ્યગ્દષ્ટિને શું બીજા વિચાર નહી જ આવતા હોય ? તેનું સમાધાન હવે કરે છે.

(૧૬) જ્યારે જ્ઞાતા બંધ પધ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે કે આ બંધ પધ્ધતિથી મારું દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે; હવે એ પધ્ધતિનો મોહ તોડીને વર્તુ. આ પધ્ધતિનો રાગ પૂર્વની જેમ હે નર ! તું શા માટે કરે છે? આમ ક્ષણમાત્ર પણ બંધ પધ્ધતિને વિષે તે મગ્ન થાય નહી. તે જ્ઞાતા પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે, તથા નવધાભકિત, તપ, ક્રિયા એ પોતાના શુધ્ધસ્વરૂપની સન્મુખ થઈને કરે, એ જ્ઞાતાનો આચાર છે. એનું જ નામ મિશ્ર વ્યવહાર છે.

જ્ઞાની કેવી નવધા ભકિત કરે છે અને તે કેવી રીતે છે ?

શ્રવણ કીરતન ચિંતવન સેવન વંદન ધ્યાન.

લઘુતા સમતા એકતા નૌધા ભકિત પ્રવાન. (૮) મોક્ષદ્વાર.

**(૧) શ્રવણ** : ઉપાદેયરૂપ પોતાના શુધ્ધ સ્વરૂપના ગુણોનું પ્રેમપૂર્વક શ્રવણ કરવું, તે સાંભળતા પ્રમોદભાવ આવે.

**(૨) કીર્તન** : ચૈતન્યના ગુણોનું, તેની શકિતઓનું વ્યાખ્યાન કરવું, મહિમા કરવો, તે તેની ભકિત છે.

**(૩) ચિંતન** : જેના પ્રત્યે ભકિત હોય તેના ગુણોનો વારંવાર વિચાર કરવો. સાધક જીવ પોતાના સ્વરૂપના ગુણોનું વારંવાર ચિંતન કરે છે, એ પણ સ્વરૂપની ભકિતનો પ્રકાર છે.

**(૪) સેવન** : આંતરિક નિજગુણોનું વારંવાર અધ્યયન કરવું.

**(૫) વંદન** : જેમ મહાપુરૂષોના ચરણોમાં ભકિતથી વંદન કરે છે તેમ ચૈતન્ય સ્વરૂપમાં પરમભકિતપૂર્વક વંદન કરવું-તેમાં લીન થઈને પરિણમવું તે સમ્યગ્દષ્ટિની આત્મભકિત છે. શ્રીમદ્ આનંદઘનજી પણ આમ કહે છે.

**(૬) ધ્યાન** : સાધક જીવે અત્યંત પ્રીતિપૂર્વક વારંવાર નિજસ્વરૂપના ધ્યાનમાં પ્રવર્તવું. ચૈતન્યમાં જેનું મન લાગે, એને ખરો પ્રેમ જાગે તેનું મન જગતના બધા વિષયોથી ઉદાસ થઈ જાય અને વારંવાર નિજસ્વરૂપ તરફ તેનો ઉપયોગ વળે. આ પ્રકારે સ્વરૂપમની ધ્યાનરૂપ ભકિત સમ્યગ્દષ્ટિને હોય છે. પંચ પરમેષ્ઠિના ગુણોને પણ તે ભકિતથી ધ્યાવે છે.

**(૭) લઘુતા** : પૂર્ણતાના લક્ષે જે પહોંચવા માંગે છે તેનામાં વર્તમાન પર્યાયમાં લઘુતા ભાસે છે. જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની અલ્પતામાં લઘુતા ભાસે છે કારણ કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી કોઈપણ જ્ઞાનની સ્થિતિની પર્યાય અલ્પ હોય છે. એટલે પોતાને લઘુતાભાવમાં જ ધારી રાખે છે.

**(૮) સમતા** : બધાય જીવોને શુધ્ધસ્વભાવપણે સરખા દેખવા તેનું નામ સમતા છે; પરિણામને ચૈતન્યમાં એકાગ્ર કરતાં સમભાવ પ્રગટે છે. ચૈતન્યપણાની સાધના કરનાર સાધક જીવને ક્રોધાદિ ઉપશાંત થઈને અપૂર્વ સમતા પ્રગટે છે.

**(૯) એકતા** :- એક આત્માને જ પોતાનો માનવો. અંતર્મુખ થઈને સ્વરૂપ સાથે એકતા કરવી. આવી એકતા તે અભેદ ભકિત છે ને તે મુકિતનું કારણ છે. સ્વમાં એકતારૂપ ભકિત સમ્યગ્દષ્ટિને જ હોય છે.

જેણે અધ્યાત્મવિદ્યા જાણી છે એવા જ્ઞાનીને મિશ્ર વ્યવહાર કહ્યો

એટલે શુધ્ધતા અને અશુધ્ધતા બન્ને એક સાથે છે, પણ તેથી કાંઈ શુધ્ધતા અને અશુધ્ધતા એક બીજામાં ભળી જતાં નથી કે શુધ્ધતા અશુધ્ધતારૂપ થતી નથી કે અશુધ્ધતા શુધ્ધતા બની જતી નથી. બન્ને એક સાથે હોવા છતાં બન્નેની જુદી ધારા વર્તે છે. આ રીતે 'મિશ્ર' એ બન્નેનું જુદાપણું બતાવે છે, એકપણું નહિ. સાધક શુધ્ધતાને ઉપાદેય માનીને મોક્ષમાર્ગને સાધે છે અને અશુધ્ધતાને હેય સમજે છે. હવે હેય, જ્ઞેય અને ઉપાદેયનું સ્વરૂપ જ્ઞાની કયા પ્રકારે જાણે છે તે હવે કહે છે.

**(૧૭) હેય એટલે કે ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુધ્ધતા; જ્ઞેય એટલે કે વિચારરૂપ અન્ય (બધા) ષટદ્રવ્યનું સ્વરૂપ; ઉપાદેય એટલે કે આચરણરૂપ પોતાના દ્રવ્યની શુધ્ધતા. તેનું વિવેચન; જ્ઞાતાને ગુણસ્થાનકના પ્રમાણમાં હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ, શકિત હોય. જેમ જેમ જ્ઞાતાની હેય-જ્ઞેય-ઉપાદેયશકિત વર્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનકની વૃધ્ધિ કહી છે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તેમને અનેકરૂપનું જ્ઞાન' કહીએ તથા અનેકરૂપની ક્રિયા કહીએ. ભિન્ન ભિન્ન સત્તાને પ્રધાનપણે (સર્વથા) એકતા હોય નહિ; દરેક જીવ દ્રવ્યમાં ઔદયિકભાવ (ભિન્ન ભિન્ન) અન્ય અન્યરૂપ હોય; તે ઔદયિકભાવ અનુસાર જ્ઞાનની અન્ય અન્યતા જાણવી. પરંતુ વિશેષ એટલું કે કોઈ જાતનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ થઈને મોક્ષમાર્ગ સાક્ષાત કહે. કેમ કે અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબક છે પણ તે પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતા નથી. જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન.**

આત્મ અનુભવ પરદ્રવ્યની સહાયતાથી રહિત છે. આ કારણે પોતાનામાં પોતાથી આત્મા શુધ્ધ થાય છે. જીવ વસ્તુનો જે પ્રત્યક્ષરૂપથી આસ્વાદ, તેને આત્માનુભવા એમ કહેવાય છે, અથવા તેને જ્ઞાન અનુભવ એમ કહી શકાય. નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્મઅનુભવ એ મોક્ષમાર્ગ છે. આમાં બીજો સંશય પણ ઊભો થાય છે કે :- કોઈ કહેશે દ્વાદશાંગીનું જ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આ પ્રકારે છે કે દ્વાદશાંગીનું જ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુધ્ધાત્માનુભવ મોક્ષમાર્ગ છે એટલા માટે શુધ્ધાત્માનુભવ થતાં શાસ્ત્ર ભણવાનું

જરૂરી નથી.

પોતાના સ્વદ્રવ્ય સિવાય અન્ય જીવાદિ છ દ્રવ્યો તો માત્ર જ્ઞેયરૂપ જ છે. નવતત્વમાં પણ જ્ઞેયરૂપ બધા તત્વો છે, ઉપાદેયરૂપ શુધ્ધ જીવ તથા સંવર-નિર્જરા-મોક્ષ છે; હેયરૂપ પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ છે.

જેઓ અધ્યાત્મનું સ્વરૂપ જાણે છે તેઓ જ મુકિતને પામે છે; આત્મહિતની અપૂર્વ અલૌકિક વાત છે. સ્વાવલંબી મોક્ષમાર્ગનું સ્વરૂપ જે સમજે તેને મોક્ષમાર્ગ પ્રગટયા વગર રહે નહિ.

જ્ઞાનીને અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબક છે, પણ તે પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થ કહેતો નથી. સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન.

**(૧૮) તે જ્ઞાનને સહકારભૂત-નિમિત્તરૂપા અનેક પ્રકારના ઔદયિકભાવ હોય છે; જ્ઞાની તે ઔદયિકભાવનો તમાશગીર છે, પણ તેનો કર્તા-ભોકતા નથી કે અવલંબી નથી. તેથી કોઈ એમ કહે કે 'સર્વથા પ્રકારનો ઔદયિકભાવ હોય તો જ અમુક ગુણસ્થાન કહીએ'-તો એ જૂઠો છે, તેણે દ્રવ્યના સ્વરૂપને સર્વથા પ્રકારે જાણ્યું નથી. કેમ ? કારણ કે અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી, કેવળીઓને પણ ઔદયિકભાવનું નાનાપણું-અનેકપણું જાણવું, કેવળીઓના પણ ઔદયિકભાવ એકસરખા હોય નહિ, કોઈ કેવળીનો દંડ-કપાટરૂપ (સમુદ્‌ઘાતરૂપ) ક્રિયાનો ઉદય હોય, કોઈ કેવળીને તે ન હોય. એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની અનેકરૂપતા છે. તો બીજા ગુણસ્થાનોની તો વાત શું કહેવી ? માટે ઔદયિકભાવોના ભરોસે જ્ઞાન નથી; જ્ઞાન સ્વશકિત પ્રમાણ છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની શકિત, જ્ઞાયક પ્રમાણ જ્ઞાન તથા યથાનુભવપ્રમાણ સ્વરૂપાચરણચારિત્ર-એ જ્ઞાતાનું સામર્થ્ય છે.**

પરાશ્રિત રાગ કે પરાશ્રિત જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. સ્વાનુભવનું સામર્થ્ય તે જ મોક્ષમાર્ગ છે. આ માર્ગ શૂરવીરોનો માર્ગ છે. કાયરનું કામ નથી. રાગનો રસ છોડી ચૈતન્યસ્વભાવનો ઉત્સાહ પ્રગટાવવાથી સ્વસત્તાના અવલંબન તરફ જ્ઞાન વળે ને મોક્ષમાર્ગને સાધી લે.

આનંદનો માર્ગ પણ આનંદરૂપ છે. મોક્ષ તે પરમ આનંદધામ છે અને તેનો માર્ગ પણ આનંદધામમાં જ છે. રાગ તો આકુળતાનું ધામ નથી, તેથી તેમાં મોક્ષમાર્ગ નથી. જેમ મોક્ષ આનંદસ્વરૂપ છે તેમ તેનો માર્ગ

પણ આનંદસ્વરૂપ છે. એમા આકુળતાને સ્થાન નથી, રાગને સ્થાન નથી. રાગ રાગમાં છે પણ મોક્ષમાર્ગમાં નથી. જે ભાવ મોક્ષમાર્ગરૂપ છે તેમાં રાગનો અભાવ છે. મોક્ષમાર્ગ તો આનંદદાતા છે, તે દુઃખદાતા નથી.

જ્ઞાનીની અધ્યાત્મ પધ્ધતિનો મહિમા ઘણા પ્રકારે સમજાવીને મોક્ષમાર્ગ સ્પષ્ટ કર્યો. ઉપસંહારમા કહે છે કે :-

**(૧૯) એ વાતનું વિવેચન કયાં સુધી લખીએ ? કયાં સુધી કહીએ ? એ તો વચનાતીત, ઈન્દ્રિયાતીત, જ્ઞાનાતીત (ઈન્દ્રિય જ્ઞાનથી પર) છે, તેથી આ વિચારો બહુ શું લખીએ ? જે જ્ઞાતા હશે તે થોડું લખ્યું પણ બહુ સમજી જશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા જેમ છે તેમ-યથાયોગ્ય-સુમતિપ્રમાણ કેવળી વચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રધ્ધશે તેને કલ્યાણકારી છે-ભાગ્ય પ્રમાણ.**

મોક્ષમાર્ગ શું ? બંધમાર્ગ શું ? એ બંને માર્ગ આમાં સ્પષ્ટ જુદા ઓળખાવ્યા છે, તે પ્રમાણે સમજતાં સમ્યગ્દર્શન થાય અને સ્વાશ્રિત અધ્યાત્મ પધ્ધતિ પ્રગટે એટલે કે મોક્ષમાર્ગ શરૂ થાય, એ જ અપૂર્વ કલ્યાણ છે.

**(૨૦) અનુભવ :- અનુભવ એ ચિંતામણિ રત્ન છે, અનુભવ શાંતિનો કૂવો છે, અનુભવ એ મુકિતનો માર્ગ છે, ને અનુભવ તે મોક્ષસ્વરૂપ છે. અનુભવ રસને જગતના જ્ઞાની લોકો રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ એ તીર્થધામ છે; અનુભવની ભૂમિ એ જ સકલ ઈષ્ટ પદાર્થને ઊપજાવનાર ખેતર છે. અનુભવ તે નરકાદિ અધોગતિથી બહાર કાઢીને મોક્ષરૂપ ઊર્ધ્વગતિમાં લઈ જાય છે; અનુભવની કેલિ (રમણતા) એ કામધેનું અને ચિત્રાવેલી સમાન છે, અનુભવનો સ્વાદ વાણીથી કહી શકાય નહીં તેવો છે. અનુભવથી કર્મ તૂટે છે ને પરમપદ સાથે જોડે છે, અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી. આમ તો અનુભવ બધાથી નીરાળો, અનુપમ છે.**

**(૨૧) સાધકનો અપૂર્વ પુરૂષાર્થ :- જેને સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદિ નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરૂષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને તે રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈપણ સંયોગમાં ભયથી, લજ્જાથી લાલચથી કે કોઈપણ કારણથી અસત્‌ને પોષણ નહિ જ આપે. એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તો પણ સત્‌થી ચ્યુત નહિ થાય, અસત્‌નો આદર કદિ નહિ કરે. સ્વરૂપના**

સાધકો નિઃશંક અને નિડર હોય છે. સત્‌સ્વરૂપની શ્રધ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મય પાસે તેને કોઈ પ્રતિકુળતા છે જ નહિ.

અધ્યાત્મકતત્ત્વના જિજ્ઞાસુને અંતરમાં વૈરાગ્ય અને કષાયની મંદતા તો હોય જ. જેને કષાયની મંદતા હોય અને વૈરાગ્ય હોય તેને જ આત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસા જાગે. આવા કાળે જો કષાયને છોડીને આત્મસ્વરૂપ સમજવાનો પુરૂષાર્થ કરે તો સ્વભાવ પરિણતિને પ્રગટ કરે. આમ થાય તો જીવન સફળ થયું કહેવાય. (પં.-બનારસીદાસજી)

## પ્રકરણ :-૩

## ઉપાદાન - નિમિત્તની ચિઠ્ઠી : પં. બનારસીદાસજી

**(૧) પ્રથમ જે કોઈ પૂછે છે કે નિમિત્ત શું ? ઉપાદન શું ? તેનું વિવરણ- નિમિત્ત તો સંયોગરૂપ કારણ, ઉપાદાન-વસ્તુની સહજ શકિત.**

વસ્તુની સહજ શકિત છે તે ઉપાદાન છે. ઉપાદાન પોતાની સહજ શકિતથી જ્યારે કાર્ય કરતું હોય ત્યારે જ સંયોગરૂપ કારણો હોય તે નિમિત્ત છે. દ્રવ્યની દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની શકિત તે ઉપાદાન છે અને પર સંયોગ તે નિમિત્ત છે.

જે વસ્તુ પોતાની સહજ શકિતથી કાર્યરૂપે પરિણમે છે તે ઉપાદાન છે. અને જે સ્વયં કાર્યરૂપે પરિણમતી નથી પણ સંયોગરૂપ છે તે નિમિત્ત છે. જેમ કે મોક્ષમાર્ગનું ઉપાદાન પોતાનો શુધ્ધાત્મા અને બાહ્યથી દેવ-ગુરુ- (શાસ્ત્ર) ધર્મ વગેરે સંયોગો તે નિમિત્ત. ઉપાદાન-નિમિત્ત બન્ને ભિન્ન ભિન્ન છે. ઉપાદાનની શુધ્ધતા કરતાં કરતાં જે સંયોગોની જરૂર પડે તે નિમિત્ત છે. નિમિત્ત ફકત નિમિત્તરૂપે જ રહે છે તે ઉપાદાનનું કાંઈ કાર્ય કરે નહિ, પણ તેની હાજરીમાં ઉપાદાન પોતે સક્રિય થઈ ઉપાદાનને શુધ્ધ કરે. હવે ઉપાદાન નિમિત્તના બે પ્રકાર કહે છે :-

**(૧) દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદન. (૨) પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન.**

**દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદાન એ ગુણભેદકલ્પનારૂપ છે; પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન એ પરસંયોગરૂપ છે.**

જ્યારે ઉપાદાન નિમિત્ત બંને એક જ દ્રવ્યના આશ્રયે હોય ત્યારે દ્રવ્યાર્થિક કહ્યા છે અને ભિન્ન ભિન્ન દ્રવ્યના આશ્રયે હોય તેને અહીં પર્યાયાર્થિક કહ્યા છે.

હવે તેમાં ગુણભેદ કલ્પનારૂપ જે દ્રવ્યાર્થિક ઉપાદાન-નિમિત્ત છે તેમાં ચૌભંગી કહે છે.

**(૨) જીવદ્રવ્ય, તેના અનંતગુણ, સર્વગુણ અસહાય, સદાકાળ સ્વાધીન; તેમાં બે ગુણને પ્રધાન સ્થાપ્યા; તેના પર ચૌભંગીનો વિચાર. એક તો જીવનો જ્ઞાનગુણ અને બીજો જીવનો ચારિત્રગુણ. એ બન્ને ગુણ શુધ્ધરૂપ જાણવા, અશુધ્ધરૂપ જાણવા; યથાયોગ્ય સ્થાનક માનવા.....એ બન્નેની ગતિ ન્યારી ન્યારી, શકિત ન્યારી ન્યારી, જાતિ ન્યારી ન્યારી, સત્તા ન્યારી ન્યારી.**

જીવના અનંત ગુણોમાંથી અહીં ચૌભંગી સમજાવવા માટે જ્ઞાન અને ચારિત્ર એ બે ગુણ મુખ્ય લીધા. તે બન્ને ગુણો શુધ્ધ તથા અશુધ્ધ પર્યાયરૂપ જાણવા. એમ ચાર ભંગ થાય. (૧) જ્ઞાનની શુધ્ધ પર્યાય. (૨) જ્ઞાનની અશુધ્ધ પર્યાય. (૩) ચારિત્રની શુધ્ધ પર્યાય. (૪) ચારિત્રની અશુધ્ધ પર્યાય. હવે જ્ઞાન અને ચારિત્રની ભિન્નતા કેવી રીતે તેનું વિવેચન કરે છે.

**જ્ઞાનગુણની તો-જ્ઞાન અજ્ઞાનરૂપ ગતિ, સ્વપર પ્રકાશક શકિત (સમ્યક્) જ્ઞાનરૂપ તથા મિથ્યાત્વરૂપ જાતિ, દ્રવ્ય પ્રમાણ સત્તા. પરંતુ એક વિશેષતા કે જ્ઞાનરૂપ જાતિનો નાશ થતો નથી, જ્યારે મિથ્યાતત્વરૂપ જાતિનો નાશ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતાં થાય છે. આ તો જ્ઞાનગુણનો નિર્ણય થયો. હવે ચારિત્ર. ગુણનું વિવેચન કહે છે :- સંકલેશ વિશુધ્ધરૂપ ગતિ, સ્થિરતા અસ્થિરતા શકિત, મંદ, તીવ્રરૂપ જાતિ, દ્રવ્ય પ્રમાણ સત્તા. પરંતુ તેમાં એક વિશેષતા કે મંદતાની સ્થિતિ ચૌદમા ગુણસ્થાન પર્યન્ત હોય છે અને તીવ્રતાની સ્થિતિ પાંચમા ગુણસ્થાન સુધી હોય છે. આ તો બન્નેના ગુણભેદ ન્યારા ન્યારા કહ્યાં.**

અહીં (૧) જ્ઞાનની ગતિ એટલે પરિણતિ, પર્યાય-જ્ઞાનરૂપ કે અજ્ઞાનરૂપ. (૨) જ્ઞાનની શકિત-સ્વપરપ્રકાશક. (૩) જ્ઞાનની જાતિ-સમ્યકરૂપ અથવા મિથ્યાત્વરૂપ. (૪) જ્ઞાનની સત્તા : આત્મદ્રવ્ય પ્રમાણ. (૧) ચારિત્રની ગતિ-સંકલેશરૂપ કે વિશુધ્ધિરૂપ. (૨) ચારિત્રની શકિત-સ્થિરતારૂપ કે અસ્થિરતારૂપ. (૩) ચારિત્રની જાતિ-તીવ્રરૂપ કે મંદરૂપ પરિણમન. (૪) ચારિત્રની સત્તા-આત્મ દ્રવ્ય પ્રમાણ છે.

હવે તેની વ્યવસ્થા અર્થાત્ મર્યાદા બતાવે છે.

(૩) **જ્ઞાન ચારિત્રને આધિન નથી, ને ચારિત્ર જ્ઞાનને આધીન નથી. આ**

તો મર્યાદાબાંધી.

(૪) હવે તેમાં ચૌભંગીનો વિચાર. અહીં જ્ઞાનગુણ નિમિત્તને ચારિત્ર ગુણ ઉપાદાન અને વિવક્ષા લેવી. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે.

(૧) અશુધ્ધ નિમિત્ત-અશુધ્ધ ઉપાદાન. (૨) અશુધ્ધ નિમિત્ત-શુધ્ધ ઉપાદાન.
(૩) શુધ્ધ નિમિત્ત-અશુધ્ધ ઉપાદાન. (૪) શુધ્ધ નિમિત્ત-શુધ્ધ ઉપાદાન

અહીં સૂક્ષ્મદષ્ટિપૂર્વક કરવાની એક સમયની અવસ્થા લેવી; સમુચ્ચયરૂપ મિથ્યાત્વ-સમ્યક્ત્વની વાત ન લેવી.

હવે તે ચાર પ્રકારનું વિવેચન કરે છે. કોઈ સમયે જીવની અવસ્થા આ પ્રકારની હોય છે કે :-

(૧) અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર. (૨) કોઈપણ સમયે અજાણરૂપજ્ઞાન અને વિશુધ્ધ ચારિત્ર. (૩) કોઈપણ સમયે જાણરૂપજ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર. (૪) કોઈ સમયે જાણરૂપજ્ઞાન અને વિશુધ્ધ ચારિત્ર.

→ (એટલે કે) ૧. જે સમયે જ્ઞાનની અજ્ઞાનરૂપ ગતિ અને ચારિત્રની સંકલેશરૂપ ગતિ તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુધ્ધ. (૨) કોઈ સમયે અજ્ઞાનરૂપ જ્ઞાન અને વિશુધ્ધ ચારિત્ર, તે સમયે અશુધ્ધ નિમિત્ત અને શુધ્ધ ઉપાદાન. (૩) કોઈ સમ્યે જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર, તે સમયે શુધ્ધ નિમિત્ત અને અશુધ્ધ ઉપાદાન. (૪) કોઈ સમયે જાણરૂપજ્ઞાન અને વિશુધ્ધ ચારિત્ર, તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુધ્ધ.

એ પ્રકારે જીવની અન્ય અન્યદશા સદાકાળ અનાદિથી છે.

અહીંયા જે ચાર પ્રકાર કહ્યા છે તે ચારે અજ્ઞાનીને પણ હોઈ શકે. અહીં જાણપણું તે સમ્યક્જ્ઞાનના અર્થમાં નથી પણ જ્ઞાનમાં તત્ત્વવિચારને યોગ્ય ઉઘાડ થયો છે અને ચારિત્રમાં વિશુધ્ધિ કહી તે મંદકષાયની વાત છે. તત્ત્વ વિચારને યોગ્ય જ્ઞાનના ઉઘાડને કષાયની મંદતારૂપ વિશુધ્ધિ. ત્યાં સુધી તો જીવ ઘણીવાર આવી ગયો છે, પણ ત્યાંથી આગળ વધીને જો ગ્રંથિભેદ કરે તો જ તેને મોક્ષમાર્ગ પ્રગટે.

(૧) જે જીવો ભાવકલંકની પ્રચુરતાને લીધે નિગોદવાસને છોડતા નથી તેવા જીવોને ઉપાદાન પણ અશુધ્ધ છે અને નિમિત્ત પણ અશુધ્ધ છે એટલે

કે ચારિત્ર અને જ્ઞાન બન્ને અશુધ્ધ છે.

(૨) નિગોદમાં રહેલો જીવ કે જેને તત્ત્વવિચાર જેટલો જ્ઞાનનો ઉઘાડ નથી પણ કયારેક પોતાના ઉપાદાનથી ચારિત્રમાં મંદકષાયરૂપ વિશુધ્ધિના બળે ત્યાંથી નીકળીને મનુષ્ય થાય એવા પરિણામ કરે છે. અહીં જ્ઞાનની ગતિ અશુધ્ધ અને ચારિત્રમાં મંદકષાયરૂપ વિશુધ્ધતા છે. એટલે નિમિત્ત અશુધ્ધ અને ઉપાદાન શુધ્ધ એ બીજો પ્રકાર તેને લાગુ પડે. આ દૃષ્ટાંત બીજા પણ જીવોને લાગુ પડી શકે. નિગોદમાં રહેલા જીવને પરિણામની સ્વતંત્રતા હોવાથી ચારિત્રગુણના ઉપાદાનનાં બળે મંદકષાય કરી, શુભ પરિણામ વડે ત્યાંથી નીકળી મનુષ્ય થાય છે, ભલે જ્ઞાન અપેક્ષાએ વિચાર શકિત નથી છતાં પણ.

(૩) જેને તત્વ વિચારની શકિત જેટલો જ્ઞાનનો ઉઘાડ થયો છે, પણ પરિણામ સંકલેશરૂપ જ વર્તે છે, પાપ વિચારમાં જ પડયા છે, આત્મહિતનો વિચાર કરવા જેટલા વિશુધ્ધ પરિણામ કરતાં નથી, તો તેને નિમિત્ત શુધ્ધ અને ઉપાદાન અશુધ્ધ છે.

(૪) જેને જ્ઞાનમાં તત્વવિચારની શકિત ઉઘડી છે, તેમજ પરિણામને પણ વિશુદ્ધ કરીને તત્વવિચારમાં જોડયા છે, તેને જ્ઞાન અને ચારિત્ર બન્ને વિશુધ્ધ છે. નિમિત્ત-ઉપાદાન બન્ને શુધ્ધ છે.

**જાણરૂપ જ્ઞાન એ જ્ઞાનની શુધ્ધતા કહેવાય; વિશુધ્ધરૂપ એ ચારિત્રની શુધ્ધતા કહેવાય; અજ્ઞાનરૂપ એ જ્ઞાનની અશુધ્ધતા કહેવાય તથા સંકલેશરૂપ પરિણામ એ ચારિત્રની અશુધ્ધતા કહેવાય.**

અહીં જાણપણારૂપ ઉઘાડને જ્ઞાનની શુધ્ધતા કહી છે. વિશુધ્ધ પરિણામ તેને ચારિત્રની શુધ્ધતા કહી છે. અજ્ઞાનરૂપ પરિણામ તે જ્ઞાનની અશુધ્ધતા અને સંકલેશરૂપ પરિણામ તે ચારિત્રતી અશુધ્ધતા છે. અહીં ચારિત્ર પરિણામ ઉપાદાન અને જ્ઞાન પરિણામ તે નિમિત્ત એ પ્રમાણે ઉપાદાન-નિમિત્તની શુધ્ધતા-અશુધ્ધતા સંબંધી ચાર ભંગ કહ્યા છે. હવે વિશેષ વિચાર આગળ કહે છે.

**(૫) મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે જીવનો જ્ઞાનગુણ, જાણરૂપ હોય છે, ત્યારે તે કેવું જાણે છે ? તે એવું જાણે છે કે લક્ષ્મી, પુત્ર, સ્ત્રી ઈત્યાદિ પ્રત્યક્ષ પ્રમાણરૂપ મારાથી જુદાં છે; હું મરીશ ને એ સૌ અહીં જ પડયાં**

**રહેશે; અથવા એ સૌ જશે અને હું પડયો રહીશ; કોઈ કાળે એ સર્વથી મારે એક દિવસ વિયોગ છે. આવું જાણપણું મિથ્યાદષ્ટિને થાય છે તે તો શુધ્ધતા કહેવાય; પરંતુ એ સમ્યક્ શુધ્ધતા નથી ગર્ભિત શુધ્ધતા છે. જ્યારે વસ્તુનું સ્વરૂપ જાણે ત્યારે સમ્યક્ શુધ્ધતા છે, તે ગ્રંથિભેદ વિના હોય નહિ પરંતુ ગર્ભિત શુધ્ધતાથી પણ અકામ નિર્જરા છે.**

તત્ત્વનો વિચાર કરવા જેટલી જ્ઞાનશકિત જેને ઊઘડી છે એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવની વાત છે. આવી જ્ઞાનશકિત જેને ઊઘડી છે તે જીવ કયારેક દેહાદિથી પોતાની ભિન્નતાનો વિચાર કરે છે; આ પરિણામ વખતે કષાયની વિશુધ્ધતા હોય છે. આવી વિચારશકિત જાગી તેને જ્ઞાનની શુધ્ધતા કહેવાય છે. પણ આ કાંઈ હજી મોક્ષમાર્ગ નથી. જ્ઞાનમાં ગર્ભિત શુધ્ધતા હોવા છતાં હજી મોક્ષમાર્ગ કહેવાતો નથી. ગર્ભિત શુધ્ધતા સાચી શુધ્ધતા હોવા છતાં હજી મોક્ષમાર્ગ કહેવાતો નથી. ગર્ભિત શુધ્ધતા સાચી શુધ્ધતા નથી, સ્વાનુભવ વડે પ્રગટે તચે જ સાચી શુધ્ધતા છે અને તે જ મોક્ષમાર્ગ છે. થતાં મોક્ષમાર્ગને અવકાશ થયો. આ સમયે ગ્રંથિભેદ કરે તો મોક્ષમાર્ગ પ્રગટે. ગ્રંથિભેદ એ મોક્ષમાર્ગની મૂળ વસ્તુ છે. હે જીવ ! વિશુધ્ધ પરિણામ વડે તું ઊંચે આવ્યો છે. તો ગ્રંથિભેદ કરી સ્વરૂપાચરણરૂપ ચારિત્રના કણિયા પ્રગટાવ. એમાં અપૂર્વતા છે. હવે સ્વાશ્રયે જ્ઞાન-ચારિત્રના પરિણામની ધારા આગળ વધે તો કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર પ્રગટે. આ જ્ઞાનની શુધ્ધતા છે. આ જ્ઞાનનો પહેલો બોલ થયો.

**કોઈ સમયે તે જીવનો જ્ઞાનગુણ અજાણરૂપ છે તે ઘેલછારૂપ હોય છે, તેથી કેવળ બંધ છે.**

**હવે ચારિત્રના બે બોલ કહે છે.**

**મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે ચારિત્રગુણ વિશુધ્ધરૂપ હોય છે; તેથી ચારિત્રાવરણ કર્મ મંદ થાય છે, તે મંદતાને લીધે નિર્જરા છે. તથા કોઈ સમયે ચારિત્રગુણ સંકલેશરૂપ હોય છે. તેનાથી કેવળ તીવ્ર બંધ થાય છે.**

અહીં ચારિત્રમાં શુભભાવને વિશુધ્ધિ કહી તેથી તે ધર્મ થઈ ગયો એમ નથી. ગ્રથિભેદ થાય ત્યારે જ જ્ઞાન અને ચારિત્ર બન્ને વડે મોક્ષમાર્ગની શરૂઆત થાય. આ મૂળ વાત લક્ષમાં રાખીને બધી વાત સમજવાની છે.

હવે નિગોદના જીવને પણ મંદ કષાય વડે કંઈક નિર્જરા થાય છે

તે બતાવે છે.

**(૬) મિથ્યાત્વ અવસ્થામાં જે સમયે જાણરૂપ જ્ઞાન છે અને વિશુધ્ધતારૂપ ચારિત્ર છે તેસમયે નિર્જરા છે. જે સમયે અજાણરૂપ જ્ઞાન છે અને સંકલેશરૂપ ચારિત્ર છે તે સમયે બંધ છે. તેમાં વિશેષ એટલું કે અલ્પ નિર્જરા અને ઘણો બંધ થાય છે; તેથી તે અલ્પ નિર્જરાની ઉપેક્ષા કરીને મિથ્યાત્વ અવસ્થા વિષે કેવળ બંધ કહ્યો. જેમ કે કોઈ પુરૂષને નફો થોડો અને નુકશાની ઘણી, તો તે પુરૂષ ટોટાવાળો (નુકસાનવાળો) જ કહેવાય. પરંતુ બંધ અને નિર્જરા વિના જીવ કોઈ અવસ્થામાં હોતો નથી. દૃષ્ટાંત આ પ્રમાણે જો વિશુધ્ધતા વડે નિર્જરા ન થતી હોય તો એકેન્દ્રિય જીવ નિગોદ અવસ્થામાંથી વ્યવહાર રાશિમાં કોના બળથી આવત ? ત્યાં જ્ઞાનગુણ તો અજાણરૂપ, ઘેલછારૂપ, અબુધ્ધરૂપ છે, તેથી જ્ઞાનગુણનું તો બળ નથી; પણ વિશુધ્ધ ચારિત્રના બળથી જીવ વ્યવહારરાશિમાં ચઢે છે. જીવ દ્રવ્યમાં કષાયની મંદતા થાય છે તેથી નિર્જરા થાય છે. એ મંદતાના પ્રમાણમાં શુધ્ધતા જાણવી.**

હવે ગર્ભિત શુધ્ધતા સુધીજીવ આવ્યો છે ત્યાંથી આગળ વધીને વ્યકત શુધ્ધતા કેમ થાય અને મોક્ષમાર્ગ તરફ કેમ જાય ? તેની વાત કરે છે :-

**(૭) જાણપણું જ્ઞાનનું અને વિશુધ્ધતા ચારિત્રની એ બન્ને મોક્ષમાર્ગાનુસારી છે તેથી બંનેમાં વિશુધ્ધતા માનવી; પરંતુ વિશેષ એટલું કે તે ગર્ભિત શુધ્ધતા છે, પ્રગટ શુધ્ધતા નથી એ બંને ગુણની ગર્ભિત શુધ્ધતા જ્યાં સુધી ગ્રંથિભેદ થાય નહિ ત્યાં સુધી મોક્ષમાર્ગ સાધે નહિ, પરંતુ એ બન્ને ગુણોની ગર્ભિત શુધ્ધતા ઊર્ધ્વતા અવશ્ય કરે. જ્યારે ગ્રંથિભેદ થાય ત્યારે એ બંનેની શાખા ફૂટે અને ત્યારે એ બંને ગુણ ધારા પ્રવાહરૂપે મોક્ષમાર્ગ તરફ ચાલે. જ્ઞાનગુણની શુધ્ધતા વડે જ્ઞાનગુણ નિર્મળ થાય. તથા ચારિત્ર ગુણની શુધ્ધતા વડે ચારિત્રગુણ નિર્મળ થાય. એ (જ્ઞાન) તો કેવળ જ્ઞાનનો અંકુર છે, અને ચારિત્ર તે યથાખ્યાતચારિત્રનો અંકુર છે.**

જાણપણારૂપ જ્ઞાન અને મંદકષાયરૂપ ચારિત્ર-તેમાં જે ગર્ભિત શુધ્ધતા છે તેનાથી પણ અકામ નિર્જરા છે. એમ પહેલાં કહ્યું છે તે સંબંધી શંકા-સમાધાન દ્વારા વધુ સ્પષ્ટતા કરે છે.

**અહીં કોઈ આશંકા કરે છે કે તમે કહ્યું કે જ્ઞાનનું જાણપણું અને ચારિત્રની વિશુધ્ધતા એ બંનેથી નિર્જરા થાય છે, ત્યાં જ્ઞાનના જાણપણાથી**

નિર્જરા થાય એ તો અમે માન્યું, પરંતુ ચારિત્રની વિશુધ્ધતાથી નિર્જરા કેવી રીતે થાય ? એ અમે સમયે સમજ્યા નહિ. તેનું સમાધાન અમે સુણો ભૈયા ! વિશુધ્ધતા તો સ્થિરતારૂપ પરિણામથી કહીએ; એ સ્થિરતા યથાખ્યાત ચારિત્રનો અંશ છે, તેથી વિશુધ્ધતામાં શુધ્ધતા આવી. (અને એ શુધ્ધતા વડે નિર્જરા છે) ફરી શંકાકાર બોલ્યો :- તમે વિશુધ્ધતાથી નિર્જરા કહી પણ અમે કહીએ છીએ કે વિશુધ્ધતાથી નિર્જરા નથી પણ શુભબંધ છે. તેનું સમાધાન- સાંભળ ભાઈ ! એ તો તું સાચો; વિશુધ્ધતાથી શુભબંધ અને સંકલેશથી અશુભબંધ એ તો અમે પણ માન્યું. પરંતુ એમાં બીજો ભેદ છે તે સાંભળ :- અશુભ પધ્ધતિ એ અધોગતિનું પરિણમન છે. તથા શુભ પધ્ધતિએ ઊર્ધ્વગતિનું પરિણમન છે. હવે અધોરૂપ સંસાર ને ઊર્ધ્વરૂપ મોક્ષસ્થાન-એમ સ્વીકારી તેમાં શુધ્ધતા આવી એમ માન્યું. માન્યું એમાં ધોખો (સંદેહ) નથી.

વિશુધ્ધતામાં ગર્ભિત શુધ્ધતા છે એટલે કે વિશુધ્ધતા પોતે શુધ્ધ નથી, પણ શુભથી આગળ વધીને ઊર્ધ્વશુધ્ધતા કાંઈક જુદી વાત છે. એમ લક્ષમાં લીધું છે; તો તે શુભમાં જ ન અટકતાં આગળ વધીને શુધ્ધતા પ્રગટ કરશે. માટે તેને શાબાશી. વિશુધ્ધતાની જે ઊર્ધ્વતા તે જ તેની શુધ્ધતા છે.

(૮) વિશુધ્ધતા સદાકાળ મોક્ષનો માર્ગ છે, પરંતુ ગ્રંથિભેદ વિના વિશુધ્ધતાનું જોર ચાલતું નથી ને ? જેમ કોઈ પુરૂષ નદીમાં ડુબકી મારે, જ્યારે ફરી ઊછળે ત્યારે દૈવયોગે તે પુરૂષની ઉપર નૌકા આવી જાય તો, યદ્યપિ તે પુરૂષ તરવૈયો છે તોપણ કેવી રીતે નીકળે ? તેનું જોર ચાલે નહિ; ઘણો કલબલ કરે પણ તેને વશ કાંઈ નથી. તેમ વિશુધ્ધતાની પણ ઊર્ધ્વતા જાણવી, તેથી તેને ગર્ભિત શુધ્ધતા કહી. તે ગર્ભિત શુધ્ધતા ગ્રંથિભેદ થતાં મોક્ષમાર્ગ તરફ ચાલી, પોતાના સ્વભાવ વડે વર્ધમાનરૂપ થઈ ત્યારે પૂર્ણ યથાખ્યાત ચારિત્ર પ્રગટ કહેવાયું. વિશુધ્ધતાની જે ઊર્ધ્વતા તે જ તેની શુધ્ધતા છે.

રાગનો અભાવ કરીને ભેદજ્ઞાન કરતાં મોક્ષમાર્ગરૂપ શુધ્ધતા પ્રગટે છે. એ જ વિશુધ્ધતાની ઊર્ધ્વતા થઈ કહેવાય છે. અને તે જ શુધ્ધતા વધી વધીને કેવળજ્ઞાનને તથા યથાખ્યાત ચારિત્રને સાધે છે. જાત વિના ભાત નહિ, તેમ સમ્યગ્દર્શન વગર શુધ્ધતાની ભાત આત્મામાં પડે નહિ. સમ્યગ્દર્શન પહેલાંની જે ઊર્ધ્વતા કહી તેનાથી મોક્ષમાર્ગનો લાભ થતો નથી.

(૯) વળી સાંભળ ! જ્યાં મોક્ષમાર્ગ સાધ્યો ત્યાં કહ્યું કે "સમ્યગ્દર્શન

જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ :" તથા એમ કહ્યું કે 'જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ' તે સંબંધી વિચાર ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધી મોક્ષમાર્ગ કહ્યો. તેનું વિવરણ-સમ્યક્રૂપ જ્ઞાનધારા અને વિશુધ્ધરૂપ ચારિત્રધારા એ બંનો ધારા મોક્ષમાર્ગ તરફ ચાલી; ત્યાં જ્ઞાન વડે જ્ઞાનની શુધ્ધતાને ક્રિયા વડે ક્રિયાની (ચારિત્રની) શુધ્ધતા થવા લાગી. જો વિશુધ્ધતામાં શુધ્ધતા ન હોત તો કેવળીને વિષે જ્ઞાનગુણ શુધ્ધ હોત ને ક્રિયા (ચારિત્ર) અશુધ્ધ રહેત, પણ એમ તો હોતું નથી. તેમાં શુધ્ધતા હતી તેનાથી વિશુધ્ધતા થઈ. અહીં કોઈ કહે કે જ્ઞાનની શુધ્ધતા વડે ક્રિયા શુધ્ધ થઈ; પણ એમ નથી. કોઈ ગુણ અન્ય ગુણના સહારે નથી, સર્વે અસહાયરૂપ છે. વળી જો ક્રિયા પધ્ધતિ સર્વથા અશુધ્ધ હોત તો અશુધ્ધતાની એટલી શકિત નથી કે જે મોક્ષમાર્ગ તરફ ચાલે માટે વિશુધ્ધતામાં યથાખ્યાતનો અંશ છે તેથી તે અંશ ક્રમે ક્રમે પૂર્ણ થયો."

ઉપાદાન-નિમિત્તની ચૌભંગીનો ઉપસંહાર કરતાં કહે છે કે :-

હે પ્રશ્નકાર ભાઈ ! તો વિશુધ્ધતામાં શુધ્ધતા માની કે નહિ ? જો તેં માની, તો કાંઈ અન્ય કહેવાનું કાર્ય નથી. જો તેં ન માની તો તારું દ્રવ્ય એ પ્રકારે પરિણમ્યું છે. અમે શું કરીએ ? જો તેં માની તો તને શાબાશી !

એકલા રાગમાં ઊભા રહીને, રાગને જે મોક્ષમાર્ગ સમજી લે તેને શાબાશી નથી કહેતાં; પણ તેમાંથી સ્વભાવનું લક્ષ જેણે કરી લીધું, જેણે એક રાગના અભાવ ઉપરથી સર્વ રાગ વગરનો શુધ્ધ સ્વભાવ લક્ષગત કરી લીધો, તેને સંતો શાબાશી આપે છે......તે જરૂર મોક્ષમાર્ગ પામશે એવા સંતોના આર્શીવાદ છે.

હવે પર્યાયાર્થિક ચૌભંગી એટલે ભિન્ન ભિન્ન દ્રવ્યના આશ્રયે ઉપાદાન નિમિત્ત સંબંધી ચાર પ્રકારનું વર્ણન કરે છે.

૧. વક્તા અજ્ઞાની અને શ્રોતા પણ અજ્ઞાની. તો તે નિમિત્ત પણ અશુધ્ધ અને ઉપાદાન પણ અશુધ્ધ. ૨. વક્તા અજ્ઞાની અને શ્રોતા જ્ઞાની. તે નિમિત્ત અશુધ્ધ, ઉપાદાન શુધ્ધ. ૩. વક્તા જ્ઞાની અને શ્રોતા અજ્ઞાની. તે નિમિત્ત શુધ્ધ અને ઉપાદાન અશુધ્ધ. ૪. વક્તા જ્ઞાની અને શ્રોતા પણ જ્ઞાની. તે નિમિત્ત પણ શુધ્ધ અને ઉપાદાન પણ શુધ્ધ.

એ પ્રમાણે પર્યાયાર્થિકનયથી ઉપાદાન-નિમિત્તની ચૌભંગી કહી.

વક્તા અને શ્રોતારૂપ નિમિત્ત ઉપાદાનના કુલ ચાર પ્રકાર કહ્યાં. તે દરેકમાં ઉપાદાન-નિમિત્ત બંનેની સ્વતંત્રતા સમજવી.

## પ્રકરણ :- ૪

### આત્મ વિચારણા (નિયમસાર કળશના આધારે)

જગત વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાંતિ વડે વિશ્રાંતિ પામતું નથી.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

ભગવાન જિને દ્વાદશાંત્રી એ જ અર્થે નિરૂપણ કરી છે, અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

જ્ઞાનીના વાકયના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.

યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવા યોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભકિત સમુત્પન્ન થાય છે, તત્વ પ્રતીતિ સમ્યક્પણે ઉત્પન્ન થાય છે.

તત્વપ્રતીતિ વડે શુધ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે.શુધ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે.

ચારિત્રમોહ, ચૈતન્યના-જ્ઞાનીપુરૂષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે.

અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.

હે આર્ય મુનિવરો ! એ જ અસંગ શુધ્ધ ચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઈચ્છીએ છીએ. હે મુનિવરો ! અસંગતતાનો અભ્યાસ કરો....

જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર ૐ શાંતિઃ (પત્રાંક-૯૦૧ શ્રીમદ્ રાજચંદ્ર)

રત્નત્રયરૂપ નિયમ મોક્ષનો ઉપાય છે. તેનું ફળ પરમ નિર્વાણ છે. સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે. તે મહા આનંદનો ઉપાય રનત્નત્રરૂપ પરિણતિ છે. એટલે કે શુધ્ધ રત્નત્રયાત્મક સ્થિતિ એ આત્માના મોક્ષનો ઉપાય છે. જ્ઞાન કે દર્શન કે

ચારિત્ર-શીલ એ એનાથી બીજું નથી. આમ અર્હંતોએ કહ્યું છે. (૧૧)

પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમજ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને ડાહ્યા પુરૂષે *અવ્યગ્રતાથી ભરેલ ચૈતન્ય માત્ર શરીર છે જેનું એવા આત્માને* ભાવવો. (૧૯)

મોહને નિર્મૂળ કરવાથી પ્રશસ્ત, અપ્રશસ્ત કે શુભાશુભ સમસ્ત રાગનો નાશ કરવાથી તેમજ દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી પવિત્ર, અનુત્તમ, નિરુપધિ સદા પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદનીય છે, જગતને મંગળરૂપ છે. (૨૦)

આનંદમાં જેનો ફેલાવ છે, જે અવ્યાબાધ છે, જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે, જે અંતર્મુખ છે, જે પોતામાં સહજ વિલસતા રમતા-પરિણમતા ચૈતન્ય ચમત્કારમાં લીન છે, જેણે નિજ જ્યોતિથી અજ્ઞાન પરિણતિરૂપ અંધકારનો નાશ કર્યો છે, અને જે નિત્ય અભિરામ, સદા અભિરામ, સદા સુંદર છે, એવું સહજ જ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે. (૨૧)

સહજ જ્ઞાનરૂપ સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુધ્ધ ચૈતન્યસ્વરૂપ મારો આત્મા તેને જાણીને હું નિર્વિકલ્પ થાઉં છું. (૨૨)

દશિ-જ્ઞપ્તિ-વૃત્તિ સ્વરૂપે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપે પરિણમતું એવું જે એક જ ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ તે મોક્ષમાં જવાવાળાઓનો પ્રસિધ્ધ માર્ગ છે. (૨૩)

પરભાવ હોવા છતાં, સહજ ગુણની ખાણરૂપ અને સંપૂર્ણ જ્ઞાનવાળા શુધ્ધ સહજ આત્માને એકને જ તીક્ષ્ણ બુધ્ધિવાળો શુધ્ધદૃષ્ટિ પુરૂષ ભજે છે, તે પુરૂષ પરમ શ્રીરૂપ મુકિતને પામે છે. (૨૪)

વિભાવ હોવા છતાં પણ સહજ પરમતત્વ, સહજ આત્મસ્વરૂપના અભ્યાસમાં જેની બુધ્ધિ કુશળ છે, એવો આ શુધ્ધ દૃષ્ટિવાળો પુરુષ સહજાત્મસ્વરૂપથી અન્ય કાંઈ નથી એમ. માનીને શીઘ્ર પરમ કલ્યાણરૂપ થઈ જાય છે. (૨૭)

હે સહજાત્મસ્વરૂપ ! હે જિનેન્દ્ર ! દૈવયોગે હું ગમે તે સ્થળમાં હોઉં પરંતુ મને કર્મનો ઉદ્ભવ ન હો, ફરી ફરીને ભવભ્રમણના અંત સુધી આપના ચરણકમળથી ભકિત પ્રાપ્ત હો. (૨૮)

આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઈચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલખેદ. જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરૂષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરૂષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઈપણ પ્રાણીને અલ્પ પણ શાતા છે તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈપણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી, અને એ પુણ્ય પણ સત્પુરૂષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણા કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરૂષ જ છે; માટે અમે એમ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરૂષ જ કારણ છે. (પત્રાંક-૨૧૩)

સમસ્ત રાગદ્વેષ મોહવાળો જે કોઈ પુરુષ પરમગુરુના ચરણકમળની સેવાના પ્રસાદથી-નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ સહજાત્મસ્વરૂપને જાણે છે તે પુરુષ મુક્ત થાય છે. (૩૦)

ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે. દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે. (૩૧)

જે સમસ્ત કર્મજન્ય સુખ સમુહને તજે છે, તે ભવ્ય જીવ નિષ્કર્મ સુખ સમુહરૂપ અમૃતના સરોવરમાં મગ્ન થતાં એવા આ અતિશય ચૈતન્યમય એકરૂપ અદ્વિતીય નિજભાવને પામે છે. (૩૩)

પુદ્‌ગલ પદાર્થ ગલન દ્વારા ભિન્ન પડવાથી પરમાણુ કહેવાય છે. અને પૂરણ દ્વારા સંયુકત થવાથી સ્કંધ નામને પામે છે. આ પદાર્થ વિના સંસાર પરિભ્રમણ હોઈ શકે નહી. (૩૭) આમ વિવિધ પ્રકારનું પુદ્‌ગલ જોવામાં આવતાં હે ભવ્ય શાર્દૂલ ! ભવ્યોત્તમ ! તેમાં તું રતિભાવ ન કર. ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મામાં તું અતુલ રતિ કર કે જેથી તું પરમ મુકિતને પામીશ. (૩૮)

જિનેશ્વરના માર્ગ દ્વારા તત્ત્વાર્થ સમુહને જાણીને પર એવાં સમસ્ત

ચેતન અને અચેતનને ત્યાગીને, અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરથી રહિત ચિત્ ચમત્કાર માત્ર પરમ તત્ત્વને ભજો. (૪૩)

પુદ્ગલ અચેતન જડ છે અને જીવ ચેતન છે. એવી જે તે કલ્પના તે પણ પ્રથમ ભૂમિકામાં હોય છે. નિષ્પન્ન યોગીઓને હોતી નથી, અર્થાત્ જેમને યોગ પરિપકવ થયો છે તેમને હોતી નથી. (૪૪)

જે દ્રવ્ય ગમનનું નિમિત્ત છે, જે દ્રવ્ય સ્થિતિનું કારણ છે, વળી બીજું જે દ્રવ્ય સર્વને સ્થાન દેવામાં પ્રવીણ છે, તે બધાંને દ્રવ્યરૂપે સમ્યક્, યથાર્થ અવલોકીને, સમજીને, ભવ્યોનો સમુહ સદા નિજ તત્ત્વમાં પ્રવેશ કરે છે. (૪૬)

કુંભારનો ચાકડો જેમ ઘડો થવામાં નિમિત્ત છે, તેમ પરમાર્થકાળ પાંચ અસ્તિકાયોની વર્તનાનું નિમિત્ત છે. એના વિના પાંચ અસ્તિકાયની વર્તના પરિણમન હોઈ શકે નહિ. (૪૮)

સર્વ તત્ત્વોમાં જે એક છે, જે સમસ્ત નાશ પામવા યોગ્ય અનિષ્ટોથી દૂર છે, જે દુર્વાર કામનો નાશ કરનાર છે, જે પાપરૂપ વૃક્ષને છેદવાને કુહાડો છે, જે શુધ્ધજ્ઞાનનો અવતાર છે, જે સુખ સમુદ્રનું પૂર છે, અને જે કલેશ સમુદ્રનો કિનારો છે તે સમયસાર શુધ્ધ આત્મા, જયવંત વર્તે છે. (૫૪)

**રાગદ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુધ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારું સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે. (હા નો ૨/૧)**

જે પ્રીતિ અપ્રીતિ રહિત શાશ્વતપદ છે, જે સંપૂર્ણ અંતર્મુખ અને પ્રગટ પ્રકાશમાન એવા સુખનો બનેલો આકાશ સમાન અકૃત છે, ચૈતન્યથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવાનને ગોચર છે એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારનાં સુખને કેમ ઈચ્છે છે. (૫૫)

અશુભ તેમજ શુભ સર્વ કર્મરૂપ વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ, એવાં ફળોને તજીને જે જીવ હમણાં સહજ ચૈતન્યમાં આત્મતત્વને ભોગવે છે, તે જીવ અલ્પકાળમાં મુકતિને પામે છે એમાં સંશય શો છે ? (૫૭)

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ પાંચ આચારોથી યુકત

અને કાંઈ પણ પરિગ્રહ પ્રપંચથી સર્વથા રહિત એવા સાધકો મુકતિને પ્રાપ્ત કરવા માટે પારિણામિકભાવને સ્મરે છે. (૫૮)

'હું અખંડ જ્ઞાન છું' એવી સતત અખંડ જ્ઞાનની સાચી ભાવનાવાળો આત્મા સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો, પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ અર્થાત્ પાપરહિત, ચૈતન્યને પામે છે. (૬૦)

જે અનાકુળ છે, જે અચ્યુત છે, જે જન્મ-મૃત્યુ રોગાદિરહિત છે, જે સહજ નિર્મળ સુખ સુધામય છે. તે સહજાત્મસ્વરૂપને હું સદા સમરસ ભાવથી પૂજું છું. (૬૬)

**શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદા આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારાં નથી, શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય છે. (પ.-૬૯૨)**

**સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુધ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુધ્ધ અનુભવરૂપ હું છું. ત્યાં વિક્ષેપ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થાશી ? હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજ સ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. (પ.-૮૩૩)**

પરમાત્મતત્ત્વ આદિ અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વન્દ્ર છે અને અક્ષય વિશાળ ઉત્તમજ્ઞાન સ્વરૂપ છે, જગતમાં જે ભવ્યજનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિધ્ધિને પામે છે. (૬૮)

સહજ જ્ઞાન સદા જયવંત છે. તેવી આ સહજ દૃષ્ટિ સદા જયવંત છે. તેવું જ સહજ, વિશુધ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે. પાપરૂપ મળથી રહિત જેનું સ્વરૂપ છે એવા સહજ પરમતત્ત્વમાં, સહજ આત્મસ્વરૂપમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. (૭૫)

અહિંસા વ્રત :- ત્રસ ઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે, સકલ લોકના જીવ સમુહને જે સુખપ્રદ છે, સ્થાવર એકેન્દ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખ સાગરનું જે પૂર છે, તે ધર્મ જયવંત વર્તે છે. (૭૬)

સત્યવ્રત :- જે પુરુષ અતિસ્પષ્ટપણે સત્ય બોલે છે, તે પરલોકમાં

અનન્યપણે બહુ ભોગોને પામે છે. અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરૂષોનો પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ ચડિયાતું વ્રત છે ? (૭૭)

અચૌર્યવ્રત :- આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે. અને પરલોકમાં પણ અનન્ય સુખનું કારણ છે તેમજ ક્રમે કરીને મુકિતમાં સુખનું કારણ છે. (૭૮)

બ્રહ્મચર્યવ્રત :- હે કામી પુરુષ ! જો તું મનમાં શારીરિક સ્પર્શના સુખને સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે ? (આચાર્યશ્રી આમ કહે છે. આગળ કહે છે કે)-અહો ! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને, સહજ આત્મસ્વરૂપ એવા નિજસ્વરૂપને છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે ? (૭૯)

**સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી; અથવા જ્ઞાનીપુરૂષના દર્શન પણ તેણે કર્યા નથી, એમ તીર્થંકર કહે છે. (પત્રાંક-૪૫૪)**

**શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઈચ્છાએ કરી જેનાં ચિત્ત અત્યંત વ્યાકુળપણે વર્તે છે એવા જીવોનું જ્યાં વિશેષપણે દેખાવું છે....તેને વિષે વિહ્વળપણું જેને પરમાર્થને વિષે નથી થયું. ચિત્ત વિક્ષેપ પામ્યું નથી. સંગે કરી પ્રવર્તનભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત્ત થયું નથી, બીજા જે કારણો તેને વિષે જેનો વિશ્વાસ વર્તતો નથી. એવો જો કોઈ હોય તો તે આ કાળને વિષે 'બીજો શ્રી રામ' છે. તથાપિ જોઈને સખેદ આશ્ચર્ય વર્તે છે કે એ ગુણોના કોઈ અંશે સંપન્ન પણ અલ્પ જીવો દૃષ્ટિગોચર થતા નથી. (પ.-૩૮૪)**

અપરિગ્રહવ્રત :- હે ભવ્ય જીવ ! ભવભીરુપણાને લીધે પરિગ્રહ વિસ્તારને છોડો અને નિરુપમ સુખના આવાસની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં અવિચલ, સુખકાર તથા જગતજનોને દુર્લભ એવી સ્થિતિ, સ્થિરતા કરો. આ નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય સત્પુરૂષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી. (૮૦)

આ રીતે મુકિતની સખી પરમ સમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા કંચન કામિનીના સંગને છોડીને, અપૂર્વ, સહજ વિલસતા અર્થાત્ સ્વભાવથી પ્રકાશતા અભેદ ચૈતન્યમાં સ્થિર રહી સમ્યક્પણે

પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે. (૮૧)

જે સમિતિ મુનિઓને શીલનું, ચારિત્રનું બળ છે, જે ત્રસ તેમજ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે, જે ભવ દાવાનળના પરિતાપરપી કલેશને શાંત કરનારી તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને સંતોષનારી મેઘમાળા છે, તે આ સમિતિ જયવંત છે. (૮૨)

આ ભવસાગરમાં સમિતિ રહિત કામાતુર રોગથી પીડિત જનોનો જન્મ થાય છે, તેથી હે મુનિ !। તું તારા મનરૂપી ઘરમાં આ મુકિત માટે નિવાસગૃહ ઓરડો રાખ અર્થાત્ તું મુકિતનું ચિંતવન કર. (૮૩)

પરબ્રહ્મ-પરમાત્માના આચરણમાં લીન એવા ડાહ્યા પુરૂષોને અંતર્જલ્પથી અંતરંગ વિકલ્પો હોતા જ નથી તો પછી બહિર્જલ્પની તો વાત જ શું ? અર્થાત્ ભાષા બોલવાની જરૂર જ નથી રહેતી. (૮૫)

ઉત્તમ પરમ મુનિઓની આ સમિતિ સમિતિઓમાં શોભે છે. તેના સંગમાં ક્ષાંતિ (ક્ષમા) અને મૈત્રી હોય છે, અર્થાત્ આ સમિતિયુકત મુનિમાં ધીરજ-સહનશીલતા-ક્ષમા અને મૈત્રીભાવ હોય છે. માટે હે ભવ્ય ! તું પણ તે સમિતિ હૃદયકમળમાં સદા ધારણ કર કે જેથી તું પરમ મુકિતરૂપી લક્ષ્મીને પ્રાપ્ત થઈશ. (૮૭)

સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય એવું કોઈ કેવળ સુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. (૯૦)

ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડી શુધ્ધ સહજ વિલસતા ચૈતન્યનું ધ્યાન કરીને, પછી પાપરૂપ અંધકાર સમુહનો નાશ કરી સહજ મહિમાવંત આનંદસુખની ખાણરૂપ મુકિતને અતિશયપણે પ્રાપ્ત કરે છે. (૯૨)

જે આત્મા જન્મમરણને કરનાર સર્વ દોષોનો પ્રસંગવાળા અનાચારને અત્યંતપણે છોડીને, નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં આત્માથી સ્થિત થઈ, બાહ્યાચારથી છૂટીને શમરૂપ સમુદ્રના જળ બિંદુઓના સમુહથી પવિત્ર થાય છે, તે આ પવિત્ર પુરાણ આત્મા મળરૂપી કલેશનો ક્ષય કરી લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. (૧૧૪)

ત્રણ શલ્ય (માયા શલ્ય, નિદાન શલ્ય, મિથ્યાત્વ શલ્ય) ને

પરિત્યાગી નિઃશલ્ય એવા પરમાત્મામાં સ્થિત રહી, સાધકે સદા શુધ્ધ આત્માને પ્રગટપણે ભાવવો. (૧૧૬)

હે સાધક ! જે ચિત્ત ભવભ્રમણનું કારણ છે અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ બળેલું છે એવા કષાય કલેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત તજી દે. જે વિધિવશાત્-કર્મવશપણાને લીધે એવા સ્વભાવ નિયત એટલે સ્વભાવમાં નિયમથી નિશ્ચયે રહેલા, સુખને તું પ્રબળ સંસારના ભયથી ડરીને ભજ. (૧૧૭)

આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે, અને ધ્યાન ધ્યેયાદિના વિકલ્પવાળું શુભતપ પણ કલ્પનામાત્ર રમ્ય છે, આવું જાણીને બુધ્ધિમાન પુરુષ્ સહજ પરમાનંદરૂપ પીયૂષના પૂરમાં ડૂબતા, લીન થતાં એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. (૧૨૩)

જે સમ્યગ્દષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમુહને ત્યાગે છે, તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે, અને તેને પાપસમુહનો નાશ કરનારા એવા સત્ચારિત્રો અતિશયપણે છે. ભવભવના કલેશોનો નાશ કરવા માટે હું તેને નિત્ય વંદુ છું. (૧૨૭)

સદ્ગુરુના ચરણોની સમ્યક્ભકિત પૂજનાથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો કોણ સાધક ! 'આ પર દ્રવ્ય મારું છે' એમ કહે ? એમ કહે જ નહિ. (૧૩૨)

જે કયારેક નિર્મળ દેખાય છે, કયારેક નિર્મળાનિર્મળ દેખાય છે, વળી કયારેક અનિર્મળ દેખાય છે અને તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે. તે નિજજ્ઞાનરૂપી દીપક કે જેણે પાપંતિમિરને નષ્ટ કર્યું છે તે સત્પુરૂષોના હૃદય કમળરૂપી ઘરમાં નિશ્ચયપણે સંસ્થિત છે. (૧૩૬)

જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે. જીવ એકલો સદાતીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો કર્મ દ્વન્દ્વજનિત (શુભ અને અશુભ કર્મના) ફળરૂપ સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; તેમજ જીવ એકલો સદ્ગુરુની આશ્રયભકિત વડે પોતાના ચૈતન્યતત્ત્વને પામીને તેમાં સ્થિત થાય છે, તેમાંજ ઠરી જાય છે. (૧૩૭)

જે મોક્ષ સુખનું મૂળ છે, જે દુર્ભાવનારૂપ અંધારસમુહને હણવા માટે

ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને તત્કાળ સંમત છે, તે સમતાને હું અત્યંત ભાવું છું. (૧૪૦)

જે ભાવિકાળના ભવભાવોથી સંસારભાવોથી નિવૃત્ત છે તે હું છું. એમ સાધકે મળથી મુક્ત થવા માટે, પરિપૂર્ણ સુખના નિધાનભૂત નિર્મળ નિજસ્વરૂપને પ્રતિદિન ભાવું છું. (૧૪૩)

ભ્રાંતિના નાશથી જેની બુધ્ધિ સહજ પરમાનંદયુક્ત ચેતનમાં એકાગ્ર છે, એવા શુધ્ધ ચારિત્રમૂર્તિને પ્રત્યાખ્યાન છે. પરસમયમાં જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોવા છતાં પ્રત્યાખ્યાન હોતું નથી; તેવાં સંસારીઓને ફરી ફરીને ઘોરપરિભ્રમણ થાય છે. (૧૪૫)

જે સહજ તત્ત્વ (આત્મતત્ત્વ) અખંડિત છે, શાશ્વત છે, સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે, ભવસાગરમાં ડૂબેલા જીવસમુહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમુહરૂપી દાવાનાળને શાંત કરવા જળ સમાન છે તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું. (૧૪૯)

ઘોર સંસારનું મૂળ એવા સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને હું નિરુપાધિક, સ્વાભાવિક ગુણવાળા શુધ્ધ આત્માને આત્માથી જ અવલંબુ છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃત્તિને અત્યંત નાશ પમાડીને સહજ વિલસતી જ્ઞાનલક્ષ્મીને પામીશ. (૧૫૨)

આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો દેખે છે, તે અનંગ સુખમય, અતીન્દ્રિય આનંદમય એવા મુકિત લક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે, તે આત્મા દેવેન્દ્રોથી, સંયમધરોથી પંડિતથી, વિદ્યાધરોથી અને ભૂમિગોચરોથી વંદનીય છે. હું તે સર્વ પ્રકારે વંદનીય તેમજ સકલ ગુણનિધિને તેના ગુણની અપેક્ષાથી, ઈચ્છાથી વંદન કરું છું. (૧૫૪)

નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને તજીને એક નિર્મળ ચૈતન્ય માત્રને હું ભાવું છું. સંસાર સાગરને તરી જવા માટે જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા મુકિતના માર્ગને પણ હું નિત્ય નમું છું. (૧૫૯)

પુદ્‌ગલ સ્કંધો વડે જે અસ્થિર છે એવી આ ભવની મૂર્તિરૂપ કાયાને ત્યજીને હું સદા શુધ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું. (૧૬૬)

શુભાશુભથી રહિત શુધ્ધ ચૈતન્યની ભાવના મારા અનાદિ સંસાર રોગનું ઉત્તમ ઔષધ છે. (૧૬૭)

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના પરાવર્તનરૂપ પાંચ પ્રકારના સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને જે જન્મમરણરહિત છે અને પાંચ પ્રકારની મુકિત દેનાર છે તેને-શુધ્ધાત્માને હું નમું છું અને પ્રતિદિન ભાવું છું. (૧૬૮)

આદિ-અંત રહિત એવી આ આત્મજયોતિ સુલલિત, સુમધુર વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી; તો પણ ગુરુના વચનો વડે તેને પામીને જે શુધ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમ શ્રીરૂપ એવી મુકિતને પ્રાપ્ત કરે છે. (૧૬૯)

મુમુક્ષજીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુધ્ધ તત્ત્વને બરાબર જાણીને તેની સિધ્ધિ માટે શુધ્ધ શીલ ચારિત્રને આચરીને, સિધ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી લે છે. (૧૭૩)

તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે કે જે સદા અનાકૂળ છે, જે નિરંતર સુલભ છે જે પ્રકાશવંત છે, જે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે, જે પરમકળા સહિત વિકસિત નિજગુણોથી ખીલેલું છે, જેની સહજ અવસ્થા સ્ફુરિત-પ્રગટ છે અને જે નિજ મહિમામાં નિરંતર લીન છે. (૧૭૬)

મુનિઓને-મોક્ષમાર્ગના સાધકોને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત છે; નિજ સુખમાં લીન તેઓ તે પ્રાયશ્ચિત વડે પાપને ખંખેરી મુકિતને પામે છે. જો મુનિઓને સ્વાત્મા સિવાય અન્ય ચિન્તા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે, એ જ હોય છે, આમાં આશ્ચર્ય શું છે ? (૧૮૦)

આ લોકમાં જે મુનીન્દ્ર શુધ્ધાત્મજ્ઞાનની સમ્યક્ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત જ છે. જેણે પાપ સમુહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીન્દ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ માટે નિત્ય વંદુ છું. (૧૮૩)

જે પ્રાયશ્ચિત આ સ્વદ્રવ્યનું ધર્મધ્યાન અને શુકલધ્યાનરૂપે ચિંતન છે, જે કર્મસમુહના અંધકારનો નાશ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે અને જે પોતાના નિર્વિકાર માહાત્મ્યમાં લીન છે, એવું આ પ્રાયશ્ચિત ખરેખર

ઉત્તમ પુરુષોને હોય છે. (૧૮૫)

મુનીન્દ્રોના હૃદયકાળની અંદર જેનો વાસ છે, જે મુકિતના અતિન્દ્રિય આનંદનું મૂળ છે અને જેણે સંસાર વૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે એવા આ પરમાત્મતત્ત્વ, સહજાત્મસ્વરૂપને હું નિત્ય નમું છું. (૧૮૮)

જે તપ અનાદિ સંસારથી સમૃધ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જવાળાના સમુહ સમાન છે, શમ સુખમય છે, અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે, તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મ ક્ષય કરનારું પ્રાયશ્ચિત કહે છે, અન્ય કોઈ ક્રિયાને નહી. (૧૮૯)

સહજ તેજપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમય સહજ પરમતત્ત્વ જયવંત છે, કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે અર્થાત્ જે મોહાંધકાર રહિત છે; જે સહજ પરમદૃષ્ટિથી પરિપૂર્ણ છે અને જે વૃથા ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પાનાઓથી મુક્ત છે. (૧૯૬)

અલ્પ, તુચ્છ અને કલ્પના માત્ર રમ્ય એવું જે ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશકિતથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું અને જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે, જે સહજ પરમ સૌખ્યવાળું છે અને જે ચૈતન્યરૂપ આત્મતત્ત્વને હું સર્વદા અનુભવું છું. (૧૯૭)

ખરેખર સમતારહિત યતિને-સાધકને અનશનાદિ તપશ્ચરણથી ફળ નથી; માટે હે સાધક ! સમતાનું કુળ મંદિર એવું જે આ અનાકુળ નિજતત્ત્વ તેને ભજ. (૨૦૨)

આમ ભવભયના કરનારા સમસ્ત સાવદ્ય સમુહને ત્યાગીને મન, વચન, કાયાની વિકૃતિને નિરંતર નાશ પમાડીને, અંતરંગ શુધ્ધિથી પરમ જ્ઞાનકળા સહિત એક આત્માને જાણીને જીવ સ્થિર શમમય શુધ્ધશીલને પ્રાપ્ત કરે છે, અર્થાત્ શાશ્વતા સમતામય શુધ્ધચારિત્રને પ્રાપ્ત કરે છે. (૨૦૩)

હું સુખને ઈચ્છનારો આત્મા અજન્મા અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિતર રહીને વારંવાર ભાવું છું. (૨૦૭)

જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમુહરૂપ ઘોર અંધકારનો નાશ કર્યો છે, એવું જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ જ્યાં નિકટ છે, ત્યાં રાગદ્વેષો વિકાર કરવાને સમર્થ થતા નથી. તે નિત્ય, શાશ્વત, શમરસમય આત્મતત્ત્વમાં વિધિ

શો અને નિષેધ શો ? સમરસ સ્વભાવી આત્મતતત્ત્વમાં આ કરવા જેવું છે અને આ ત્યાગવા જેવું છે એવા વિધિ નિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દઢપણે અવલંબનાર મુનિને સ્વભાવ પરિણમન થવાનેલીધે સમરસરૂપ પરિણામ થાય છે, વિધિ નિષેધના વિકલ્પરૂપ રાગદ્વેષરૂપ પરિણામ થતાં નથી. (૨૧૩)

આમ જે મુનિ-સાધક આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને નિત્ય તજે છે, તેને જિનશાસનથી નક્કી થયેલ અણુવ્રતરૂપ સામાયિક હોય છે. (૨૧૪)

આ સ્વતઃ સિધ્ધજ્ઞાન પાપપુણ્યરૂપ વનને બાળનારો અગ્નિ છે, મહામોહઅંધકાર નાશક અતિ પ્રબળ તેજમય છે, મુકિતનું મૂળ છે અને નિરુપાધિક સાચા મહા આનંદ સુખનું આપનાર છે. ભવભવનો ધ્વંસ કરવાને નિપુણ એવા આ જ્ઞાનને નિત્ય હું પૂજું છું. (૨૧૬)

સંસારજનિત સુખદુઃખાવલિનું કરનાર નવ કષાયાત્મક સ્વરૂપના સર્વ વિકાર હું ખરેખર પ્રમોદભાવથી તજું છું, કે જે નવ નોકષાયત્મક વિકાર મહામોહાંધ જીવોને નિરંતર સુલભ છે અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ જીવોને અતિદુર્લભ છે. (૨૧૮)

જે જીવ ભવભયના હરનારા સમ્યકૃત્વની શુધ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભકિત નિરંતર કરે છે,તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમુહથી મુકત ચિત્તવાળો જીવ-શ્રાવક હો કે સંયમી હો-નિરંતર ભકત છે. (૨૨૦)

અવિચલિત-મહાશુધ્ધ-રત્નયત્રવાળા, મુકિતના હેતુભૂત નિરુપમ સહજ-જ્ઞાનદર્શન ચારિત્રરૂપ, નિત્ય આત્મામાં આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને ચૈતન્યની ભકિત વડે નિરતિશય ઘરને કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી શોભાયમાન છે તેને પ્રાપ્ત કરે છે. (૨૨૭)

જે આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે, તે મુનીશ્વર નિશ્ચયથી યોગભકિતવાળો છે. (૨૨૮) ભેદનો અભાવ થતાં અનુપમ, સર્વશ્રેષ્ઠ યોગભકિત હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે પ્રસિધ્ધ મુકિત થાય છે. (૨૨૯)

દુરાગ્રહને ત્યાગીને, ગણધરદેવાદિના મુખારવિંદથી પ્રગટ થયેલાં ભવ્યજનોના ભવોનો નાશ કરનારા તત્વોમાં જે યોગી નિજભાવને સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજભાવ અને યોગ છે. (૨૩૦)

અપુનર્ભવ, મુકિતસુખની સિધ્ધિ માટે હું શુધ્ધ યોગની ઉત્તમ ભકિત કરું છું. સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભકિત કરો. (૨૩૩)

સદ્‌ગુરુની સંનિધિમાં નિર્મળ સુખકારી ધર્મને પામીને જ્ઞાનવડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું, હવે રાગ-દ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને ત્યાગીને, શુધ્ધ ધ્યાન વડે શાંત કરવા મનથી આનંદાત્મક તત્ત્વમાં સ્થિર રહેતો થકો, પરબ્રહ્મમાં પરમાત્મામાં લીન થાઉં છું. (૨૩૪)

ઈન્દ્રિય લોલુપતાથી જે નિવૃત્ત થયો છે અને તત્ત્વ પ્રત્યે, તેની પ્રાપ્તિ માટે જેમનું ચિત્ત ઉત્સુક છે, તેમને સુંદર આનંદથી ભરપૂર ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. (૨૩૫)

સ્વહિતમાં લીન રહેતો થકો યોગી શુધ્ધ જીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી. પોતામાં લીન રહીને પરને વશ નહિ થવાથી તિમિરપુંજનો નાશ કરે છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિવડે સહજઅવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું (શુધ્ધ અવસ્થા) પ્રાપ્ત થાય છે. (૨૩૯)

આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુધ્ધિધારીઓને પ્રાણપ્યારી છે, તે યોગ્ય તપશ્ચર્યા સો ઈન્દ્રોને પણ સતત વંદનીય છે, તેને પામીને જે કોઈ જીવ કામાંધકાર યુકત સંસાર જનિત સુખમાં વસે છે, તે જડમતિ અરેરે ! કાળથી હણાયેલો છે. (૨૪૨) જે જીવ અન્યને વશ છે તે ભલે મુનિ વેષધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભાગી છે, જે જીવ સ્વવશ છે તે જીવનમુક્ત છે. જિનેશ્વરથી કિંચિત ન્યૂન છે. (૨૪૩)

જેમ ઈંધનયુકત અગ્નિ વુધ્ધિ પામે છે. અર્થાત્ જ્યાં સુધી ઈંધન છે, ત્યાં સુધી અગ્નિની વુધ્ધિ થાય છે, તેમ જીવોને જયાં સુધી ચિંતા છે ત્યાં સુધી સંસાર છે. (૨૪૬)

કામદેવનો જેમણે નાશ કર્યો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યાત્મક પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે. એવા અવંચક એટલે માયારહિત ગુરુનું વાકય મુકિતસંપદાનું કારણ છે. (૨૪૮)

જેણે નિજરસના વિસ્તારૂપ પૂર વડે પાપને ચોમેરથી ધોઈ નાંખ્યા છે, જે સ્વાભાવવિક સમતા રસ વડે પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે, જે પુરાણ સનાતન છે, જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે, એટલે કે જે સદા મનને, ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે અને જે શુધ્ધ સ્ધ્ધિ ભગવાન

સમાન છે, એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે. (૨૫૨)

સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં કયારેય કયાંય પણ ભેદ નથી; છતાં અરેરે ! આપણે જડ જેવા હોવાથી તેમનામાં ભેદ ગણીએ છીએ. (૨૫૩)

આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે કે જે અનન્ય બુધ્ધિમાં લીન થયો થકો સર્વ કર્મોથી બહાર રહે છે એટલે કે કર્મથી પર થઈ જાય છે. (૨૫૪)

ભવભયના કરનાર બાહ્ય અને અંતર્જલ્પને તજીને સમતા રસમય એક ચૈતન્ય ચમત્કારને સદા સ્મરીને, જ્ઞાન જયોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કરેલ છે એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં કોઈ અદ્‌ભૂત પરમતત્ત્વને અંતરમાં જુએ છે. (૨૫૯)

ત્યાગવા યોગ્ય એવો જે કંચન અને કામિની સંબંધી મોહ તેને તજીને, હે ચિત્ત ! નિર્મળ સુખને માટે પરમ ગુરુ દ્વારા ધર્મને પામીને તું અવ્યગ્ર, શાંત પરમાત્મામાં કે જે નિત્ય આનંદવાળા છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળા છે તેમાં શીઘ્ર પ્રવેશ કર. (૨૭૧)

તેજના પુંજ સૂર્યમાંથી જેવી રીતે ઉષ્ણતા અને પ્રકાશ યુગપત્ વર્તે છે અને સૂર્યના નિમિત્તે જીવો નેત્રો વડે દેખવા લાગેછે તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકી સમયે (એકી સાથે) હોય છે. અને તેમના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે. (૨૭૩)

નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે. જેણે બાહ્ય આલંબનનો ક્ષય કર્યો છે એવું સ્વપ્રકાશક જે સાક્ષાત્ દર્શન તે રૂપ પણ આત્મા છે. એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે અને જે પુરાણ સનાતન છે. એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે. (૨૮૧)

કેવળજ્ઞાન નામનું નેત્ર એ સર્વ પ્રદેશરૂપ છે, તેનાથી જ જેમનો પ્રસિધ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે અને શાશ્વતા અનંત જેમનું તેજ છે એવા તીર્થંકરો લોકાલોકને અર્થાત્ સ્વપર એવા સમસ્ત ચેતન અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે જાણે છે. (૨૮૩)

ત્રણલોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે અને

આખો લોક તથા તેમાં રહેલા પદાર્થ સમુહ જેમના સદ્જ્ઞાનમાં સ્થિત છે તે જિન એક જ દેવ છે. તે જિન ભગવાનને વિષે બંધ કે મોક્ષ રહેલ નથી. તેમજ તેનામા નથી કોઈ પ્રકારની મૂર્છા કે નથી કોઈ ચેતના, કારણ કે સામાન્ય દ્રવ્ય પરિણમનનો પૂર્ણ આશ્રય પ્રગટેલો છે. (૨૯૦)

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એવા પાંચ પરાવર્તનરૂપ પાંચ પ્રકારના સંસારથી મુકત પાંચ પ્રકારના મોક્ષરૂપ ફળને દેનાર અર્થાત્ દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભવ પરાવર્તન અને ભાવ પરાવર્તનથી મુકત કરનાર પાંચ પ્રકારની મુકિતને, સિધ્ધિને પ્રાપ્ત સિધ્ધ ભગવંતોને હું પાંચ પ્રકારના સંસારથી મુકત થવા માટે વંદના કરું છું. (૨૯૫)

ભાવો પાંચ પ્રકારના છે, જેમાં પરમ પંચમભાવ, પરમ પારિણામિક ભાવ નિરંતર સ્થાયી છે. સંસારના નાશનું કારણ છે અને સમ્યગ્દષ્ટિઓને ગોચર છે. બુધ્ધિમાન પુરુષ સમસ્ત રાગ-દ્વેષના સમુહને છોડીને તેમજ તે પરમ પંચમભાવને જાણીને, એકલો કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે. (૨૯૭)

અનુપમ ગુણોથી અલંકૃત અને નિર્વિકલ્પ એવા જે બ્રહ્મમાં, આત્મતત્વમાં-ઈન્દ્રિયોનું વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ, તથા સંસારના મૂળ મોહ વિસ્મય આદિ સંસારી ગુણ સમુહો નથી જ, તે બ્રહ્મમાં સદા નિજ સુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે. (૩૦૦)

જિનસંમત્ત મુકિતમાં અને મુકત જીવમાં અમે કયાંય પણ મુકિતથી કે આગમથી ભેદ જાણતા નથી. વળી આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ સર્વ કર્મને નિર્મૂળ કરે છે, તો તે પરમ શ્રીરૂપ મુકિતલક્ષ્મીનો સ્વામી બને છે. (૩૦૩)

ગતિહેતુના અભાવને કારણે જીવ અને પુદ્ગલોનું બન્નેનું કદાપિ ત્રિલોકના શિખરથી ઊંચે ગમન થતું જ નથી. (૩૦૪)

દુર્લભ યોગ અમૂલ્ય આ, ચિંતામણિ સમાન;
બોધિ જયોત પ્રગટાવવા, સદ્ગુરુ બોધિ નિધાન. ૧
બોધિ જયોત તુજ જળહળે, ત્રિભુવનમાં ઉદ્યોત;
મુજ ઉર તિમિર સદા હરી, પ્રગટાવે પ્રદ્યોત. ૨
સંસારતારક યોગ દુર્લભ, ભાગ્યયોગે જો લહયો;
તો એકનિષ્ઠ અનન્ય આશ્રયથી સફળ કરવો રહ્યો. ૩
મિથ્યામતિ, નિજકલ્પના સ્વચ્છંદ આગ્રહ સૌ તજો;
સદ્ગુરુ વચને જીવનરંગી શુધ્ધાત્મા (સહજાત્મા) ભજો. ૪

## પ્રકરણ :-૫

# આત્માની ૪૭ શકિતઓ

## ૧. જીવત્વ શકિત

આત્માની અનંત શકિતઓ છે. તેમાંથી કેટલીક વિષે વિચાર કરીએ. આત્મા શકિતઓ-ગુણોનો સાગર એક ચૈતન્ય પદાર્થ છે. તેમાં અનંત શકિત-ગુણો છે.

આત્મ દ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ છે અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશકિત છે.

આ લોકાલોકમાં વ્યાપ્ત આકાશ નામનો એક અરુપી પદાર્થ છે. આ આકાશ નામના પદાર્થના ત્રણ કાળના સમયોથી અનંતગુણા અનંતા પ્રદેશ છે. અને તેનાં કરતાં અનંતગુણી અધિક એક જીવદ્રવ્યમાં શકિતઓ છે. ભગવાન આત્મા એક ચૈતન્ય પદાર્થ છે, તો તે જાણતો કેમ નથી ? તે ઈન્દ્રિયગમ્ય પદાર્થ નથી, તે સ્વાનુભવગમ્ય અતીન્દ્રિય પદાર્થ છે. ઉપયોગને અંતર્મુખ કરવાથી જ જણાય એવો સૂક્ષ્મ પદાર્થ છે.

**તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.**
**તેમ મિથ્યાભાવની ઓથે આતમ રે, આતમ કોઈ દેખે નહિ.**

હે ભાઈ! તારે એ ચૈતન્ય પદાર્થ જોવો હોય તો ઈન્દ્રિય અને રાગથી પર અંતરમાં તારી વસ્તુ છે ત્યાં ઉપયોગને લગાવી દે તો જણાશે.

તું એક અનંત શકિત-ગુણોવંત દ્રવ્યરૂપે છો. તારામાં જીવત્વ, ચિત્તિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્યાદિ અનંત શકિતઓ છે તે બધા ગુણો અક્રમ-યુગપત્ રહેલા છે અને તે ગુણોનું જે પરિણમન થાય છે તે ક્રમે થાય છે. અનંત ગુણની એક સમયમાં અનંત પર્યાયો થાય છે.

આત્મા અસંખ્યાત પ્રદેશોનો સમુહ છે, તે અસંખ્યાત પ્રદેશી ક્ષેત્રમાં સર્વત્ર જ્ઞાનાદિ ગુણો વ્યાપીને રહેલા છે. આમ યુગપત્ ગુણો અને ક્રમવર્તી પર્યાયોનો સમુહ તે આત્મદ્રવ્ય છે. હે જીવ ! તને મનુષ્યપણું મળ્યું છે અને પોતાના ચૈતન્ય પદાર્થને ન જાણ્યો તો ભવનો અંત કયારે આવશે તે ખબર નથી ? માટે નિજ ચૈતન્ય તત્વનો નિર્ણય કર; હમણાં નહિ કરે તો કયારે કરીશ ?

જળમાં જેમ તરંગ ઊઠે છે તેમ દ્રવ્યમાંથી પર્યાય દ્રવે છે. અંતરમાં અનંતગુણનો પિંડ અભેદ એક ચૈતન્ય વસ્તુ જેવી છે તેવી અંતરમાં-અંતર્મુખ ઉપયોગમાં દેખતાં જાણતાં મિથ્યાત્વભાવનો નાશ થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે; તેને જૈન કહેવાય છે.

અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્યરૂપ-જે શકિતરૂપ ભાવ પ્રાણ તેને ધારણ કરવા તે જ જીવત્વશકિત-સ્વરૂપ છે ચૈતન્યમાત્ર ભાવરૂપ પ્રાણને ધારણ કરી રાખવા તે જીવત્વ શકિતનું સ્વરૂપ છે. અનંત શકિતનો ધરનારો શકિતવાન જે એક જ્ઞાનમાત્ર આત્મા છે તેના ઉપર દષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે ને જીવત્વ સહિતની અનંત શકિતઓરૂપ નિર્મળ પરિણમનની દશા પ્રગટ થાય છે. હે ભાઈ ! તું પોતાના શુધ્ધ ચૈતન્ય પ્રાણો વડે જ ત્રિકાળ જીવે અને શુધ્ધ ચૈતન્ય વસ્તુના આશ્રયે સિધ્ધપદને સાધીને આદિ-અનંત પૂરણ આનંદમય જીવન જીવે એ જ જીવનું સાચું જીવન છે. તે માટે તું તારા જ્ઞાનમાત્ર આત્મામાં દષ્ટિ કર અને ત્યાં જ લીન થા.

ભગવાન કેવળી જે પૂરણ આનંદમય, પૂર્ણ આનંદમય, પૂર્ણ વીતરાગતામય જીવન જીવે છે તે ખરું-સત્ય જીવન છે. બાકી અજ્ઞાનમય-રાગાદિમય જીવન જીવે એ તો ભયંકર ભાવમરણ છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે :-"**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?**" દેહથી ને રાગથી જીવન માને છે તેને તો સાચું જીવન જીવતાં જ નથી આવડતું. તેને તો નિરંતર ભાવમરણ જ થયા કરે છે. પાંચ ઈન્દ્રિય મન-વચન-કાયા, બળ, આયુષ્ય અને શ્વાસોચ્છવાસ એ દશ અશુધ્ધિ ભાવપ્રાણ સંસારી જીવોને હોય છે તે અશુધ્ધ નિશ્ચયનયથી છે. જયારે જીવ સદાય પોતાના ચૈતન્યભાવપ્રાણથી જ જીવે છે. એ જ તેની જીવત્વશકિત છે.

આવા ચૈતન્યભાવરૂપ આત્માને જે લક્ષમાં લે તેને અનંતગુણ એક સાથે જ નિર્મળ પરિણમી જાય છે. તેને શુધ્ધ જીવત્વની ક્રમવર્તી દશા પ્રગટ થાય છે અર્થાત્ શુધ્ધ-પવિત્ર જીવનનો ક્રમ શરૂ થાય છે.

જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય એ ચૈતન્યના ભાવપ્રાણ છે. ચૈતન્ય ભાવ પ્રાણને ધારી રાખવા તે જીવત્વશકિતનું સ્વરૂપ છે.

જ્ઞાનમાત્ર આત્મા ચૈતન્ય પરમેશ્વર તું પોતે જ પોતાનું શરણ છો એમ જાણી તેમાં એકાગ્ર થા ને ત્યાં જ લીન થા, તો સત્ય આનંદમયરૂપ

જીવન પ્રાપ્ત થશે. એક જ્ઞાનમાત્ર ભાવનું લક્ષ અંતરમાં થતાં જ તારી જીવનશકિત પ્રગટ થાય છે. આમ થતાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જીવત્વશકિત પ્રગટ થાય છે અર્થાત્ જીવનશકિત ક્રમે ક્રમે નિર્મળ પરિણમે છે. તું જો :-

આ શરીરાદિ આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય એકેયમાં વ્યાપતા નથી. પુણ્યપાપ આદિ વિકાર આત્માના દ્રવ્ય-ગુણમાં વ્યાપતા નથી. બાહ્ય પર્યાયમાં વ્યાપે છે. તથાપિ સર્વ પર્યાયમાં વ્યાપતા નથી. જ્યારે દૃષ્ટિવંતને આ જીવત્વ શકિત દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે.

તેથી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયમાં વ્યાપક એવી જીવત્વશકિતથી તું જીવે તે યથાર્થ જીવન છે, ઉજ્જવળ અને સુખમય જીવન છે.

હું જ્ઞાનમાત્ર આત્મા છું એવો જ્યાં અંતર્લક્ષે અનુભવ થયો કે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થઈ જાય છે. અને અનંત ગુણની ક્રમવર્તી નિર્મળ પર્યાય અંતરમાં પ્રગટ થાય છે. જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પર પ્રકાશક છે તેનું જ્ઞાન સ્વને જાણે છે, જે શુધ્ધતા થઈ તેને જાણે છે, ને બાકી અશુધ્ધતા-રાગનું પરિણમન છે તેને પણ આ મારો અપરાધ છે એમ જાણે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :-

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.**

અરે ભાઈ ! તારું સ્વસ્વરૂપ સમજ્યા વિના તારો અનંતકાળ અનંત દુઃખમાં જ વ્યતીત થયો છે. રાગથી ભિન્ન પડી સ્વસ્વરૂપમાં દૃષ્ટિ અને અનુભવ કરતાં સુખ પ્રગટે છે એમ શ્રી સદ્‌ગુરુ ભગવંતે સ્વરૂપ બતાવ્યું છે.

દ્રવ્ય સંગ્રહની ૪૭મી ગાથામાં શ્રી નેમિચંદ્ર સિધ્ધાંત ચક્વર્તી દેવે કહ્યું છે કે :- પૂર્ણાનંદનો નાથ એક જ્ઞાયક સ્વરૂપ પ્રભુનું ધ્યાન કરતાં અંદર નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે છે, ને સાથે વ્યવહાર મોક્ષમાર્ગ પણ પ્રગટે છે. ધ્યાનદશામાં ધ્યાનકાળે જેટલી નિર્મળતા પ્રગટ થઈ એટલો તો નિર્મળ રત્નત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને જે અલ્પ રાગાંશ બાકી છે તેને ત્યાં આરોપ આપીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. તે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં એક સાથે પ્રગટ થાય છે.

ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મામાં જેમ જીવત્વ નામની શકિત છે તેમ

ષટકારકરૂપ-છ શકિતઓ છે. ભગવાન અરિહંતના જેવો જ પોતાનો દ્રવ્ય સ્વભાવ છે એમ જાણી જે નિજ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરે છે તેને શુધ્ધ જીવત્વ સહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. તે અતીન્દ્રિય આનંદની એક સમયની પર્યાયમાં ષટકારકરૂપ પરિણમન છે. આનંદ પર્યાય તે કર્તા, આનંદની પર્યાય તે ક્રિયા (કર્મ) આનંદની પર્યાય તો કરણ-સાધન, આનંદની પર્યાય તે સંપ્રદાન, તે જ અપાદાન અને તે જ અધિકરણ (આધાર) એમ આનંદની પર્યાય પોતે ષટ્કારકરૂપ પરિણમી જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે :-

**નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ.**
**એકાંતે વ્યવહાર નહિ બન્ને સાથ રહેલ.**

નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે જ હોય છે, છતાં નિશ્ચય તે વ્યવહાર નથી અને વ્યવહાર તે નિશ્ચય નથી. તેથી રાગ કર્તાને નિર્મળ પર્યાય તેનું કાર્ય એમ કદી હોઈ શકે નહિ.

આ જીવત્વ શકિત જેને સમજાઈ અને પ્રગટાવી તેને માટે એ જડીબુટ્ટીનું કાર્ય કરે છે. જે તેને હસ્તગત કરે છે તે માનો અમર બની જાય છે. શ્રીમદ્ આનંદઘનજી એક પદમાં પણ કહે છે કે :-

**અબ હમ અમર ભયેં ન મરેંગે,**
**યા કારણ મિથ્યાત્વ દિયો તજ,**
**ક્યોં કર દેહ ધરેંગે ?**
**અબ હમ અમર ભયે ન મરેંગે.**

માટે હે જીવ ! તું રાગને પુણ્યને ભલાં માનીને કેમ સૂઈ રહ્યો છે ? દેહાદિથી તું જીવન માને ને પુણ્યને ભલુ જાણે એ તો મહાવિપરીતતા છે, મિથ્યાભાવ છે. માથે કરજ છે. તું તો આમ કેમ વર્તી રહ્યો છે :-

**સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિચિંત રે;**
**મોહતણા રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે.**

સમુદ્રમાં જેમ ભરતી આવે છે તેમ ભગવાન આત્મામાં અંતર્દષ્ટિ થતાં જ વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. માટે તું ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં અંતર્દષ્ટિને અંતર-રમણતા કરે બસ એ એક જ મોક્ષનો

ઉપાય છે.

તું તો અબધ્ધ, સ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુકત-એવા પાંચ ભાવોરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી જ સનાતન જૈન ધર્મની અનુભૂતિ છે કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે; તેથી જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે. આમ વસ્તુસ્વરૂપને જાણી, પરથી હઠી સ્વસ્વરૂપ અનંતશકિતયુત જ્ઞાન માત્ર આત્મામાં લીન થાય છે તે શુધ્ધ બને છે.

## ૨. ચિત્તિશકિત - ચૈતન્યતા

જીવનશકિત છે એનું ચિત્તિશકિત લક્ષણ છે. તે ચૈતન્યમય છે. સમકિતીને જીવનશકિત સાથે ચિત્તિશકિતનું પરિણમન પણ શુધ્ધ ચૈતન્યમય-અજડસ્વરૂપ છે. આ રાગદ્વેષ-મોહ કે પુણ્યપાપના ભાવ તે આત્માની ચીજ નથી, કેમ કે એ તો જડને અનુલક્ષીને છે. જ્યારે આત્મા તો ચૈતન્યમય છે. ચિત્તિશકિત એટલે ત્રિકાળ-ટકવારૂપ-જીવવારૂપ જીવન છે તે ચૈતન્યમય છે. જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મામાં એક ચિત્તિશકિત છે. ચિત્તિ એટલે ચેતના; એમાં જ્ઞાન-દર્શન બન્ને સાથે લેવાના છે. તારા જ્ઞાનમાત્ર સ્વરૂપમાં એક ચિત્તિ શકિત છે, તે પૂરણ ચૈતન્યસ્વરૂપ છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે. દ્રવ્ય શુધ્ધ ચૈતન્યમય, ગુણ શુધ્ધ ચૈતન્યમય ને ક્રમે પ્રગટતી પર્યાય પણ શુધ્ધ ચૈતન્યમય છે. એટલે કે ચિત્તિ ક્રમે કરીને નિર્મળ ચૈતન્યમય પરિણમે છે. જેમ લોઢાની છીણીથી લોઢું કપાય તેમ અંદર પ્રજ્ઞા છીણીને પટકવાથી જ્ઞાનથી રાગ છુટો પડી જાય છે. આનું નામ ધર્મ છે. શ્રીમદ્જી પણ કહે છે કે :- સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ સત્‌ને પ્રાપ્ત કરાવનાર 'સત્' મળવા દુર્લભ છે.

ગુરુનો ઉપદેશ સાંભળી અંતર્મુખ થઈ જ્ઞાયકતત્ત્વનો અનુભવ કરે તો ગુરુ મળ્યા સાર્થક કહેવાય. ગુરુ ઉપદેશથી સ્વયં સ્વસ્વરૂપમાં અંતર્દષ્ટિ કરી ભગવાન આત્માના આનંદનો અનુભવ કરે તે મુખ્ય છે; સ્વાનુભવ-આત્માનુભવ ધર્મ છે કહ્યું છે કે :-

**અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોખકો, અનુભવ મોખસ્વરૂપ.**

જડ કર્મની પર્યાય થાય છે તે પરમાણુના ષટકારકથી થાય છે, ને આત્માની પર્યાયમાં વિકાર થાય છે તે પોતાના ષટકારકથી થાય છે. વિકાર

થાય છે તેમાં કર્મ નિમિત્ત અવશ્ય હોય છે, પણ તેને લઈને વિકાર થાય છે એમ નથી.

હવે આત્મામાં શાશ્વત દર્શન-જ્ઞાનમય ચેતનાશકિત છે, તો જ્ઞાનની નિર્મળદશાનું કોઈ અન્ય-પરદ્રવ્ય-પરભાવ કારણ નહિ ને કાર્ય પણ નહિ. પૂર્વે કદીયે જીવે આ અપૂર્વ માર્ગ પ્રગટ કર્યો નથી; અનંતકાળથી ચાર ગતિરૂપ પરિભ્રમણ કરી રહ્યો છે.

આ ચિત્તિશકિત તેનું કાર્ય શું ? શુધ્ધ ચેતનારૂપ પરિણામ તે એનું કાર્ય છે, વિકાર-કર્મ ચેતના તે એનું કાર્ય નથી. એક ચિન્માત્ર આત્માની દૃષ્ટિ કરવા વડે શકિતનું કાર્ય જે જ્ઞાનચેતના-જ્ઞાનદર્શનરૂપ પરિણામ તે પ્રગટ થાય છે. તે પરિણામનું કોઈ પરદ્રવ્ય કારણ નથી.

દ્રવ્ય સ્વભાવની અંતઃદૃષ્ટિપૂર્વક જે જ્ઞાન થાય તે જ વાસ્તવિક-સત્યાર્થ જ્ઞાન છે. જે ચેતના પોતાને જાણે નહિ, તેને ચેતના કોણ કહે ? જે સ્વને જાણે તે જ પરને યથાર્થ જાણે છે અને તે જ ચિત્તિશકિતનું કાર્ય છે.

સમુદ્રમાં જેમ કાંઠે ભરતી આવે તેમ ચૈતન્ય રત્નાકર આત્મામાં જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન થતાં સર્વ શકિતઓ આનંદના હિલોળે નિર્મળપણે પ્રગટે છે. તેમાં આનંદની ભરતી આવે છે. આવું આત્માનું અનેકાંત સ્વરૂપ છે. આત્માના અનંત ગુણ બધા ભિન્ન ભિન્ન છે; અનંત ગુણ પ્રત્યેક ભિન્ન હોવા છતાં, બધા મળી અખંડ અભેદ એક આત્મા છે. આવું અનેકાંત સ્વરૂપ છે.

આ માર્ગ વીતરાગનો માર્ગ છે. અંતર-અનુભવના મહાન પુરુષાર્થ વડે પ્રાપ્ત થાય એવો છે. અને તે ભવનો અંત કરી શકે તેવો છે. આત્મામાં એક વીર્યનો (પુરુષાર્થ) ગુણ છે એટલે કે આત્મબળ નામનો એક ગુણ છે. તે સ્ફુરાયમાન થવાથી ચેતના ગુણના પરિણમન સાથે બીજા અનંતા ગુણની નિર્મળ પરિણતી પ્રગટે છે. આત્મદ્રવ્યને કારણભૂત પહેલાં જીવત્વશકિત કહીને તેના ચાર દર્શન, જ્ઞાન, આનંદ ને વીર્ય (પુરુષાર્થ)-એ ચૈતન્ય ભાવ પ્રાણ કહ્યાં. આવા ચૈતન્યભાવ પ્રાણ વડે જીવ અનાદિથી જીવે છે, જીવતો હતો અને તે અનંતકાળ જીવશે.

આવી ભાવપ્રાણરૂપ પોતાની નિજ જીવનશકિતને ઓળખી અંતર્મુખ નિરાકુળ જીવન જીવે તે યથાર્થ જીવન છે. આવું જીવન 'પોતે જીવો ને સૌ

કોઈ જીવો-એવો ભગવાન મહાવીરનો સંદેશ છે, ઉપદેશ છે.

ચૈતન્યનું નિધાન ધ્રુવધામ પ્રભુ આત્મા છે. આવા પોતાના ધ્રુવ ધામને ધ્યેય બનાવી ધીરજથી ધ્યાનની ધધકતી ધૂણી ધખાવી ધર્મી જીવ જીવન જીવે તેને ધન્ય છે. સૌ આવું જીવન જીવો એવો ભગવાન મહાવીરનો સંદેશ છે.

## ૩. દશિ શકિત - દર્શન શકિત

અનાકાર દશિશકિત એટલે દર્શન ઉપયોગમયી દરેક પદાર્થની મૂળ સત્તાને જોનાર. દેખવારૂપ આ શકિત તે આત્મદ્રવ્યને દેખે છે, (પોતાને દેખે છે), પરને દેખે છે; ગુણને દેખે છે, પર્યાયને દેખે છે; અને તે બધાને ભેદ પાડયા વિના દેખે છે એટલે કે સામાન્ય સત્તામાત્ર વસ્તુને ગ્રહણ કરે છે, દેખે છે.

અનાકાર ઉપયોગમયી દર્શનશકિત એ ભગવાન આત્માનું જે અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે તે જ એનું ક્ષેત્ર છે. સર્વ અનંત ગુણનું આ એક જ ક્ષેત્ર છે. દર્શનને અનાકાર કહ્યું છે, એ તો એનો વિષય સામાન્ય સત્તામાત્ર જ છે એ અપેક્ષાએ વાત છે. આ ચીજ આત્મા છે, આ ચીજ જડ છે, આ સ્વ છે, આ પર છે : આ જીવ છે, આ જ્ઞાન છે-એમ ભેદરૂપ આકારનું ગ્રહણ દર્શનશકિતમાં નથી, બધું સામાન્ય સત્પણે ગ્રહણ છે. તેનું ક્ષેત્ર તો અસંખ્યાત પ્રદેશી જ છે, પણ આખા લોકાલોકને દેખી શકનારા કેવળદર્શનરૂપ થાય એવું એનું અપરિમિતિ સામર્થ્ય છે.

આત્મા કારણ પરમાત્મા છે. ત્રિકાળી ધ્રુવ ચિન્માત્ર દ્રવ્યને કારણ પરમાત્મા કહેવાય છે, અને કેવળદર્શન, કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તેને કાર્ય પરમાત્મા કહે છે વસ્તુરૂપે કારણ પરમાત્મા તો પૂર્ણાનંદ સ્વરૂપે નિત્ય વિરાજમાન છે; પણ તેની દૃષ્ટિ અને તેમાં રમણતા-લીનતા કરે તેને પર્યાયમાં કાર્ય પરમાત્મા પ્રગટ થાય છે.

આત્મા પૂર્ણાનંદ અનંત શકિતનો પિંડ એકરૂપ દ્રવ્ય છે. શકિત અને શકિતવાનનો ભેદ પણ જેમાં નથી એવા આ અભેદ એકરૂપ સામાન્યને વિષય બનાવી તેની પ્રતીતિ અને અનુભવ કરે તેનું નામ સમ્યગ્દર્શન છે. જેમાં સત્તામાત્ર પદાર્થનો પ્રતિભાસ થાય છે એવી સામાન્ય અવલોકનમાત્ર દશિશકિત (દર્શન-ઉપયોગ) છે. જ્યારે ગુણી એવા આત્મદ્રવ્યનો અંતરમાં

સ્વીકાર થાય ત્યારે દર્શન શકિત પર્યાયમાં જણાય છે. એટલે કે દેખવારૂપ પર્યાય પ્રગટ થાય છે.

આપણો આત્મા અંતરમાં વિકલ્પના વસ્ત્રરહિત-નિર્વિકલ્પ-અનંત શકિતઓનો સમુહ છે તે સ્થિતિમાં તેને દિગંબર કહ્યો છે. જ્યારે આવા આત્માના ભાન સહિત અંતરંગ દશામાં મુનિપણું પ્રગટ થાય ત્યારે બાહ્યમાં પંચમહાવ્રતને નગ્નદશા નિમિત્તપણે હોય છે તેનું નામ દિગંબર ધર્મ છે.

આ દશિશકિત-દર્શન ઉપયોગ છે તે પારિણામિકભાવે છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક-આ ચાર ભાવ પર્યાયરૂપ છે અને દ્રવ્ય-ગુણ છે તે પારિણામિકભાવ છે. તેમાંથી મોક્ષનું કારણ કોણ ?

(૧) પારિણામિકભાવ છે તે મોક્ષનું કારણ નથી, કેમકે તે અક્રિય છે, તેમાં કાર્ય થતું નથી. (૨) ઔદયિકભાવ પણ મોક્ષનું કારણ નથી. કેમકે રાગાદિ ઔદયિકભાવ તે બંધના કારણરૂપ છે. (૩) ઉપશમ, ક્ષયોપશમિક અને ક્ષાયિક એ ત્રણ ભાવ મોક્ષનું કારણ થાય કેમ કે તે શકિતના નિર્મળ કાર્યરૂપ છે. (સમયસાર ગાથા-૩૩૦)

દર્શનશકિતમાં-અંશે નિર્મળપરિણમન તે ક્ષાયોપશમિક ભાવ છે, કેવળદર્શન ક્ષાયિકભાવરૂપ છે ને દર્શનમાં ઉપશમ ભાવ હોતો નથી.

ચોથા ગુણસ્થાનકે ક્ષાયિક સમકિત તે ક્ષાયિક ભાવ છે. દા.ત. શ્રેણિક રાજાને અનાથી મુનિનો સમાગમ થતાં સમકિત પામ્યાં. ત્યારબાદ ભગવાન મહાવીરના સાનિધ્યમાં આવ્યા ત્યાં ક્ષાયિક સમકિત પામ્યા; સમકિત થયા પહેલાં નરકગતિના આયુષ્યનો બંધ પડી ગયો હતો. તેથી વર્તમાનમાં પ્રથમ નરકમાં છે. નરકમાંય તેમને ચોથે ગુણસ્થાને શીલ છે. અહીં શીલ એટલે બહારમાં બ્રહ્મચર્ય હોય એ વાત નથી. આ તો સ્વરૂપનાં શ્રધ્ધાન-જ્ઞાનને લીનતારૂપ પરિણામ તેને શીલ કહે છે. ત્યાં અનંતાનુબંધી કષાયનો અભાવ હોવાથી આ શીલ રહે છે.

આત્માની પ્રતીતિરૂપ-સમ્યગ્દર્શનરૂપ જેનું કાર્ય છે, તે શ્રધ્ધા શકિતની આ વાત નથી. આ તો નિર્મળ દેખવાના ઉપયોગરૂપ દર્શન શકિતની વાત છે. દર્શન ઉપયોગ તો સ્વને, પરને-સર્વને ભેદ પાડયા વિના સામાન્યપણે દેખે છે. દશિ-શકિત તેની સાથે અનંતા ગુણો અને એકરૂપ દ્રવ્ય એ બધું દર્શન ઉપયોગમાં સામાન્ય સત્તામાત્ર દેખવામાં આવે છે.

અદ્ભુત અનંત આશ્ચર્યોનું નિધાન ચૈતન્ય વસ્તુ તું છો. તો અંતરમાં માહાત્મ્ય લાવી અંતરદષ્ટિ કરી પરિણમી જા; એથી સુખનું નિધાન એવો ધર્મ પ્રગટશે. અને અનાદિકાળથી સંસારની રઝળપાટ કરી રહ્યો છે તે મટી જશે. આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે એવી દર્શન શકિતના ઉપયોગ વડે તું દેખે તે યર્થાથ દેખવું છે. કેમકે તેમાં પરાવલંબન નથી.

## ૪. જ્ઞાન શકિત

જે જ્ઞેય પદાર્થોના વિશેષરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાન ઉપયોગમયી જ્ઞાનશકિત.

જે સમયે દર્શનશકિત છે તે જ સમયે આત્મામાં સાકાર ઉપયોગમયી જ્ઞાનશકિત છે. જ્ઞાનશકિત સાકાર છે એટલે શું ? તે જ્ઞેય પદાર્થોને-સ્વ અને પર, જીવ અને અજીવ, સર્વ પદાર્થોને વિશેષપણે ભિન્ન ભિન્ન કરીને જાણે છે અને ભેદને પણ જાણે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયને-સર્વને જાણે છે. જ્ઞાન છે તે સર્વને સર્વભાવોને ભેદરૂપ પણ જાણે છે.

એક સમયની જ્ઞાનની પર્યાય સંર્વને ભિન્ન ભિન્ના જાણે અને તે જ સમયે દર્શનશકિતની પર્યાય સર્વને અભિન્ન પણ દેખે.

જ્ઞાન અરુપી-અનાકાર-નિરાકાર જ છે. પણ જ્ઞાનમાં સ્વ-પર સહિત ચેતન-અચેતન સમસ્ત પદાર્થોને વિશેષપણે આકારો સહિત જાણવાનું વિશેષ અસાધારણ સામર્થ્ય છે તેથી તે સાકાર છે. આ પ્રમાણે :-

(૧) પુદ્ગલની જેમ રૂપી નહિ હોવાથી જ્ઞાન નિરંજન-નિરાકાર-અનાકાર છે. (૨) અરુપી આકાર ક્ષેત્ર સહિત હોવાથી સાકાર છે. પણ એ વાત અહીં નથી. (૩) સ્વ-પરને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત સમસ્ત પદાર્થોને વિશેષપણે ભિન્ન ભિન્ન જાણવાના અસાધારણ સામર્થ્ય સહિત છે. માટે જ્ઞાન સાકાર છે એમ અહીં વાત છે. ભેદને વિષય નહિ કરતી હોવાથી દર્શનશકિત અનાકાર ઉપયોગમયી છે, અને ભેદ-અભેદ સર્વને જાણી લેતું હોવાથી જ્ઞાન સાકાર છે.

જ્ઞાન પોતે પોતામાં જ સ્થિત રહીને સર્વને જાણી લે છે. આવી શકિત સાકાર જીવમાં (ઉપયોગવાળા જીવમાં) કાયમ રહેલી છે. આવી શકિતવાળા શકિતમાન આત્માનો મહિમા લાવી અંતરમાં રુચિ કરે તેને કેવળજ્ઞાનની શંકા રહે નહિ.

આપણો આત્મા તો અક્ષય અપરિમિત જ્ઞાન-સ્વભાવનો સમુદ્ર છે. આ જ્ઞાન શકિતનું પરિણમન કયાંય બહારથી નથી આવતું. જે અંતરમાં અવલંબે તે જાણે છે.

અભવિને જ્ઞાનનો ક્ષયોપશમ છે, પણ અભવ્યત્વરૂપ અયોગ્યતા છે, મિથ્યાદષ્ટિ છે, તેથી તેને જ્ઞાનની પરિણતિ નથી. કારણ કે તેને શુધ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન-શ્રધ્ધાન ઉદય પામતું નથી. જ્ઞાનની પરિણતિ તો શુધ્ધ સમ્યગ્દષ્ટિને જ હોય છે. જાણવાની પર્યાયમાં અજ્ઞાનીને પણ સ્વદ્રવ્ય જાણવામાં આવે છે, પણ તેની દષ્ટિ દ્રવ્ય ઉપર નથી, તેની પર્યાય અને રાગ ઉપર દષ્ટિ છે. તેથી પર્યાયને હું છું એમ તે જાણે છે, માને છે, આથી અજ્ઞાન હટતું નથી.

સાકાર ઉપયોગમયી જ્ઞાનશકિત છે. ઉપયોગમયી એમ કહીને ઉપયોગનું જ્ઞાનગુણ સાથે અભેદપણું હોવાનું સિધ્ધ કર્યું છે. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાનસ્વભાવી સ્વદ્રવ્યની સન્મુખ થઈ તેમાં તન્મયપણે પ્રવર્તે ત્યારે 'આ હું જ્ઞાન સ્વભાવી સ્વદ્રવ્ય છું-એમ જ્ઞાન-શ્રધ્ધાન પ્રગટ થાય છે; આ જ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. ઉપયોગ નિજસ્વરૂપમાં એકાકાર-અભેદ થઈ પ્રવર્તે તે જ હિતની દશા છે, તે મોક્ષમાર્ગ છે.

આ જ્ઞાનશકિત છે તે સહજ સ્વભાવરૂપ-પારિણામિક ભાવરૂપ છે. સ્વસ્વરૂપમાં એકાગ્ર થઈ એની સત્તાનો સ્વીકાર કરે ત્યારે પારિણામિકભાવ છે એમ જણાય.

જ્ઞાન જેમ સ્વદ્રવ્યને જાણે તેમ પુદ્ગલાદિ પરદ્રવ્યને જાણે છે ને પર્યાયમાં વિકાર-રાગ છે તેને ય જાણે છે, પણ તેથી કાંઈ જ્ઞાન પુદ્ગલાદિ પરદ્રવ્યરૂપ કે રાગરૂપ થઈ જતું નથી. જ્ઞાન સ્વદ્રવ્યને જાણે તેમ તેનાં અનંતગુણને પણ ભિન્ન ભિન્ન જાણે છે, છતાં જ્ઞાન કાંઈ બીજા અનંત ગુણરૂપ થઈ જતું નથી. તેમજ અનંત ગુણો પોતાના એક દ્રવ્યમાં અભેદપણે વ્યાપક છે. આવી અભેદદષ્ટિ જેની થાય તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આ જ ધર્મ છે. જયારે અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે પરદ્રવ્યમાંથી મારૂં જ્ઞાન અને સુખ આવે છે, એવા મિથ્યાભિમાનનો નાશ થઈ જાય છે. અને જ્ઞાનની નિર્મળ પરિણમન ધારાનો ક્રમ શરૂ થાય છે. આ જ્ઞાનશકિત દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. માટે જ્ઞાનસ્વરૂપી ભગવાન

આત્માને તું જાણ.

સાકાર ઉપયોગમયી જ્ઞાનશકિત-શકિતમાં વ્યાપક-તન્મય થઈ પ્રગટ કરતી જ્ઞાનની ક્રમવર્તી પર્યાયને પોતાનાં કર્તા, કર્મ આદિ ષટ્કારક સ્વાધીન છે. કાંઈ પરના કે રાગના આશ્રયે જ્ઞાન પરિણમે છે એમ નથી. જ્ઞાનશકિતમાં ષટ્કારક શકિતઓનું રૂપ છે. તેથી જ્ઞાન સ્વયં જ કર્તા થઈને, સાધન થઈને પોતામાં સ્વતંત્ર જ્ઞાનનું કાર્ય કરે છે.

હે આત્મન્ ! સુખ એ તો આત્માનો સ્વભાવ છે. માટે તેમાં એકાગ્ર થા ને તેમાં જ સમાઈ જા; તો અનંત સુખ મળશે કારણ ચૈતન્યરૂપ ઉપયોગમયી આત્માની એક અસાધારણ જ્ઞાનશકિત રહેલી છે. આ જ્ઞાનશકિત પ્રગટ થતાં જ શ્રધ્ધા ચારિત્ર, આનંદ આદિ અનંત શકિતઓ પ્રગટ થાય છે અને આત્મા અચિંત્ય એવા આનંદને પ્રાપ્ત કરે છે.

## ૫. સુખ શકિત-(અવ્યાબાધ)

અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખ શકિત. 'કાંઈક હું કરું'-એવી વૃત્તિ ઉઠે તે આકુળતા છે. શુભાશુભ વિકલ્પ ઉઠે તે આકુળતા છે. પણ મારે કાંઈ જ કરવું નથી-આવી વિકલ્પ રહિત, કાંઈપણ કરવાના બોજા રહિત નિર્ભરતા તે અનાકુળતા છે. તેનું કાર્ય પણ અનાકુળ આનંદમય છે; એનો સ્વાદ સિધ્ધ ભગવાનના સુખ જેવો હોય છે.

શ્રધ્ધા અને ચારિત્ર-આ બન્નેને સુખશકિતમાં સમાવેલા છે. સમ્યગ્દર્શન પ્રગટતાંની સાથે, તે જ સમયે નિયમથી અનાકુળ આનંદનું સંવેદન પ્રગટ થાય છે. આત્મામાં શ્રધ્ધા અને ચારિત્રશકિત સદાય રહેલા છે. સ્વરૂપાચરણ-સ્વરૂપ સ્થિરતાની ક્રમે વિશેષતા થવી તે ચારિત્રશકિત છે. આવી ચારિત્રની ક્રમવર્તી વીતરાગીદશા પ્રગટ થાય છે ત્યારે તેની સાથે નિયમથી અનાકુળ આનંદની પ્રચુરતરદશા અનુભવાય છે. સ્વસ્વરૂપના આશ્રયે સ્વરૂપમણતાની આત્માઅનુભવની દશા થતાં મહા વૈરાગ્ય અને ચારિત્રની દશા પ્રગટ થાય છે. આ દશામાં અનુપમ અનાકુળ આનંદ ભેગો જ હોય છે. આત્માનુભવ થતાં મહાહિતકારી વીતરાગતા સહિત અનાકુળ આલ્હાદજનક સુખની દશા પ્રગટ થાય છે. અજ્ઞાની જીવ આવી ચારિત્ર દશાને કષ્ટદાયક માને છે. છ ઢાળામાં કહ્યું છે કે :-'આતમહિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખૈ આપકો કષ્ટદાન."

હે આત્મન્ ! સમ્યગ્દર્શન થાય, સમ્યક્ ચારિત્ર પ્રગટે અને સાથે આનંદ ન આવે એવી વસ્તુ સ્થિતિ નથી કેમ કે જ્ઞાનમાત્ર ભાવના પરિણમનમાં સર્વ અનંતી શકિતઓ એક સાથે જણાય છે; એટલે તો કહ્યું છે કે "સર્વગુણાંશ સમ્યક્ત્વ."

સુખશકિત સ્વાનુભવદશામાં પ્રગટ થાય છે. કહ્યું છે કે :-

**તીન લોક તિહુંકાલ માંહિ નહિ દર્શન સો સુખકારી,**
**સકલ ધરમકો મૂળ યહી, ઈસ બિન કરની દુઃખકારી.**

સમ્યગ્દર્શન આવી અલૌકિક વસ્તુ છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને સમ્યગ્દર્શન સહિત જે અંતરાત્મા છે તેને શિવમગચારી કહ્યો છે. છઢાળામાં કહ્યું છે કે :-

**મધ્યમ અંતર આતમ હૈ જે, દેશવ્રતી અનગારી,**
**જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનો શિવમગચારી.**

અહીં મોક્ષમાર્ગમાં ગમન શરૂ કર્યું છે તો ચોથે અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ શિવમગચારી કહ્યો છે. ચારિત્રની પૂર્ણતા ચૌદમા ગુણસ્થાનના અંતસમયમાં થાય છે; છતાં છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં સ્વસ્વરૂપની દૃષ્ટિ સહિત સ્વરૂપમાં રમણતાની વિશેષ દશા પ્રગટ થાય છે. ચોથા ગુણસ્થાનથી મોક્ષમાર્ગ ખૂલે છે.

જેમ સમકિતની પ્રાપ્તિમાં અંતર્મુખ દૃષ્ટિનો અપૂર્વ પુરુષાર્થ જોઈએ છે, તેમ ચારિત્રદશાની પ્રાપ્તિમાં પણ સ્વરૂપ રમણતાનો અપૂર્વ પુરુષાર્થ જરૂરી છે. સ્વરૂપ લીનતા વગર :-

**મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવેક ઉપજાયો.**
**પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.**

માત્ર ક્રિયાઓ દ્વારા શુકલ પરિણામ પણ જીવે અનંતવાર કર્યા છે અને છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન વિના તે લેશ પણ સુખ પામ્યો નથી, અર્થાત્ દુઃખ જ પામ્યો છે.

જેમ જાણવું એ જ્ઞાનનું લક્ષણ છે તેમ અનાકુળતા સુખશકિતનું લક્ષણ છે. રાગાદિ વિકાર તો આકુળતા છે, દુઃખરૂપ છે. બાહ્યભાવોની ઈચ્છામાત્ર દુઃખરૂપ છે, દુઃખનું મૂળ છે. પ.કૃ.દેવ શ્રીમદ્જી કહે છે કે :-

"હે જીવ ! કયા ઈચ્છત હવે ? હે ઈચ્છા દુઃખમૂલ."
જબ ઈચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."

માટે ઈચ્છામાત્રથી વિરામ પામી સુખના ભંડાર એવા સ્વસ્વરૂપમાં ગુપ્ત થઈ જા. સમયસાર કળશમાં-મંગળાચરણમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે કે

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતો ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે ॥**

સમયસારરૂપ સ્વાનુભૂતિરૂપ એટલે રાગરહિત જ્ઞાન અને આનંદથી ભરેલું મારૂં સ્વરૂપ છે તેને હું નમન કરું છું. સત્તાસ્વરૂપ આત્મપદાર્થ ચિત્સ્વભાવમય છે એટલે કે જ્ઞાનદર્શનમય છે એવો સર્વજ્ઞસ્વભાવ મારો છે. સર્વજ્ઞ સ્વભાવ સ્વાનુભૂતિ દ્વારા પ્રાપ્ત થાય છે.

સુખશકિતથી ભરેલા આત્મામાં એકાગ્ર થતાં સુખના સંવેદનની દશા પ્રગટ થાય છે. સુખનિધાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે. પ્રમાદ છોડીને, વિષયો તરફનું વલણ છોડીને પોતાના ભગવાન આત્માને એકાગ્ર થઈ નીરખવો, ભજવો તે સુખનો ઉપાય છે.

## ૬. વીર્યશકિત - પુરૂષાર્થ

પોતાના (સ્વભાવના) સ્વરૂપની રચના કરે, સ્વરૂપને ધારી રાખે એવો જે આત્માનો સ્વભાવ તે વીર્યશકિત છે.

અનંતગુણનો સ્વામી આત્મા અનંતનાથ ભગવાન છે. તેની સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર, અનાકુળતા, અતીન્દ્રિય આનંદ, સમ્યક્‌વીર્ય ઈત્યાદિ નિર્મળ પર્યાય રચે તે વીર્યશકિત છે. આત્મામાં જે વીર્યશકિત છે તે નિર્મળસ્વરૂપની રચના કરવાના સામર્થ્યરૂપ છે. શકિતમાન દ્રવ્યમાં અંતર્દષ્ટિ કરી કે તત્કાલ સ્વરૂપને પ્રગટાવનાર વીર્ય પર્યાયમાં પ્રગટ થયું. આમ દ્રવ્યમાં વીર્ય, ગુણમાં વીર્ય અને પર્યાયમાં વીર્ય-એમ દ્રવ્ય-ગુણ-પર્યાય-ત્રણેમાં વીર્યશકિત વ્યાપક થાય છે.

સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે કે :- ભગવાન આત્મા શુધ્ધ, બુધ્ધ, નિર્વિકલ્પ અને ઉદાસીન છે. શ્રીમદ્‌ રાજચંદ્રજી પણ કહે છે કે :-

**શુધ્ધ, બુધ્ધ, ચૈતન્યધન, સ્વયંજયોતિ, સુખધામ,**
**બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.**

આ વીર્યશકિત આત્માના અસંખ્યાત પ્રદેશમાં વ્યાપક છે. અને આત્માનો અસંખ્યાત પ્રદેશ તે સ્વદેશ છે તેમાં સર્વત્ર વીર્યશકિત વ્યાપેલી છે.

ભગવાન આત્માનું સ્વક્ષેત્ર સ્વભાવથી વીર્યશકિતથી ભરપૂર છે જેના વડે અતીન્દ્રિયજ્ઞાન, આનંદરૂપ જ્ઞાન અને આનંદનો પાક ઉપજે છે.

જ્યારે આત્મા સ્વસ્વરૂપનો અંતરંગમાં અંતર્મુખ થઈ સ્વીકાર કરે ત્યારે સ્વસ્વરૂપની પ્રગટતા કરનારું વીર્ય સહજ સ્ફૂરાયમાન થાય છે અને તેની સાથે નિજ જ્ઞાનાનંદ સ્વભાવનાં જ્ઞાન-શ્રધ્ધાન ઉદય પામે છે. તે સમયે પ્રગટ થતાં અતીન્દ્રિય ઉપજે છે તે વચનાતીત અને ઉપમારહિત હોય છે.

આત્માનું વીર્ય તો તેને કહીએ જે પર્યાયમાં પોતાના અનંત ગુણ-સ્વભાવોના સ્વરૂપની રચના કરે, અનંત ગુણોની નિર્મળ પર્યાયો પ્રગટ કરે તે આત્માનું વીર્ય છે. સ્વસ્વરૂપની રચના કરનાર વીર્યશકિતનાં ધારક આત્માને જે દેખતો નથી અને પુણ્યપાપની રચના થાય તેને જ આત્માપણે દેખે છે તે મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. રાગભાવ ગમે તેવો મંદ હોય તો ય તે બંધભાવ છે, ચૈતન્યની વિરુધ્ધ જાતિનો છે.

આત્મા પોતે જ પોતાના સ્વવીર્યથી કર્તાદિ ષટ્કારક રૂપ થઈને પોતાની સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ પર્યાયને રચનારો પોતે જ અનંત શકિતમાન ભગવાન છે. જેમ પરમાણુ ૧ સમયમાં ૧૪ રજ્જુલોક પ્રમાણ ગમન કરે એ પરમાણુની ગતિનું વીર્ય છે, તેમ ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળવર્તી સર્વ લોકાલોકને સાક્ષાત્ જાણી લે એવું એની સર્વજ્ઞ શકિતનું વીર્ય છે. આ વીર્ય ગુણ સ્વભાવથી જ એવો છે કે આત્મા કોઈ પરની કે વિકારની રચના કરી શકે નહિ. આત્મા પોતે જ પોતાની પર્યાયની રચના વીર્યશકિત વડે કરે છે. પોતાની વીર્યશકિત જાણી અભેદ ચિન્માત્ર નિત્ય આનંદસ્વરૂપ આત્મવસ્તુમાં તન્મય થઈ પ્રવર્તવું તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

આત્માનું અસંખ્યપ્રદેશ વીર્ય સુખસ્વરૂપ છે. અસંખ્ય પ્રદેશમાં જેનો નિવાસ છે, તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પોતાનું કામ કરે તે પોતાનું વીર્ય છે.

**પ્રભુ તુમ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ;**
**નિજ સત્તાએ શુધ્ધ, સહુને લેખતા હો લાલ.**

આથી જ વિવેકી પુરૂષો પુણ્યભાવથી પણ વિરકત થઈ નિજ આત્મવીર્યને સ્વરૂપની રચના પ્રતિ જાગૃત કરે છે. આનું નામ પુરૂષાર્થ છે, વીર્યશકિત છે અને આ જ માર્ગ છે.

## ૭. પ્રભુત્વ શકિત - સ્વાધીનતા શકિત

જેનો પ્રતાપ અખંડિત છે. એવી સ્વાધીનતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશકિત.

વીતરાગ સર્વજ્ઞ સાચા પરમેશ્વર છે, તેમને જોઈને પોતાના ચૈતન્યને -આત્માને યાદ કરી લે છે, જાણી લે છે, તેને ભવના અભાવના બીજરૂપ સમ્યગ્દર્શનાદિ પ્રગટ થાય છે. જેણે પોતાના પ્રભુને-ચૈતન્ય મહાપ્રભુને અંતરમાં દીઠા તે તે પર્યાયમાં પ્રભુતા પ્રગટ થાય છે. આ પ્રભુત્વશકિત ષટકારકમાં વ્યાપક છે. દ્રવ્યમાં વ્યાપક છે, ગુણ અને પર્યાયમાં પણ વ્યાપક થાય છે. આ પોતાના સ્વાધીન શુધ્ધ આત્માની શકિત છે.

પ્રભુત્વશકિત એટલે (૧) પ્રતાપ-જયવંત તેજ. (૨) અખંડિતતા. (૩) સ્વાતંત્ર્ય-સ્વાધીનપણું (૪) શોભાયમાંનપણું. આ પ્રમાણે ભગવાન આત્મા ચૈતન્ય પ્રભુ સ્વાધીનપણે પોતાના અખંડિત પ્રતાપ વડે નિત્ય શોભાયમાન છે તે તેનું પ્રભુત્વ છે એટલે કે

(૧) આપણું આત્મદ્રવ્ય અખંડિત પ્રતાપથી સ્વાધીન શોભાયમાન છે. (૨) આત્માના ગુણ અખંડિત પ્રતાપથી સ્વાધીન શોભાયમાન છે અને (૩) સ્વ-આશ્રયે પ્રગટ થયેલી આપણી પર્યાય પણ અખંડિત પ્રતાપથી સ્વાધીન શોભાયમાન છે.

આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રભુતામાં અશુધ્ધતાનો અભાવ છે, કેમકે અશુધ્ધતા તો બહારને બહાર છે એટલે કે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપક એવી પ્રભુત્વ શકિત વડે જીવ ચૈતન્યના અખંડિત પ્રતાપથી સ્વાધીન શોભાયમાન થાય તે જ જીવનનીા વાસ્તવિક શોભા છે. ઉજ્જવળતા છે. વર્તમાન સમ્યક્જ્ઞાનની દશા કેવળજ્ઞાનના સ્વરૂપને જાણે-ઓળખે છે અને તે જ વધતી વધતી કેવળજ્ઞાનરૂપ થઈ જશે.

માટે આવા નિજસ્વરૂપનો મહિમા લાવી અંતર્મુખ થા. તેમ કરતાં જ અખંડિત તેજ વડે આત્મા પ્રભુતાથી શોભી ઉઠશે.

## ૮. વિભુત્વ શકિત - નિજ વૈભવ શકિત

સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશકિત-જેમકે જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે. આત્મવસ્તુમાં જે જ્ઞાનદર્શન, ચિત્તિ, જીવત્વ, પ્રભુત્વ આદિ શકિતઓ છે તેને અહીં ભાવ કહેલ છે. ભાવ શબ્દ ચાર અર્થમાં કહેવાય છે. (૧) દ્રવ્યને ભાવ કહે છે. (૨) ગુણને ભાવ કહે છે. (૩) પર્યાયને ભાવ કહે છે અને (૪) રાગને વિકારી પર્યાયને પણ ભાવ કહે છે.

જે જીવાત્મા વિભુ એવા પોતાના શુધ્ધ ચૈતન્ય સ્વરૂપનો વિશ્વાસ પ્રતીતિ કરી તેમાં જ સ્થિર થાય છે તે અનંત ગુણોની વિભૂતિ-અનંત ચતુષ્ટયાદિ નિજવૈભવને પ્રાપ્ત કરે છે આ જ વિભુત્વશકિત છે.

## ૯. સર્વદર્શિત્વ શકિત - કેવળ દર્શન

સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે પરિણમતા એવા આત્મદર્શનથી સર્વદશિત્વ શકિત (કેવળદર્શનરૂપ શકિત) પ્રગટે છે.

સ્વને દેખતાં જ આખા વિશ્વને દેખી લે છે-એ જે આત્મદર્શનમયી પરિણામ છે તે જ સર્વદર્શિત્વશકિત છે.

આત્મામાં જો દર્શન ગુણ નં હોય તો આત્મા વસ્તુ તરીકે અસ્તિત્વ ન ધરાવી શકે. આત્માનું અસ્તિત્વ ન હોય તો સર્વ વસ્તુ અદ્રશ્ય થાય એમ થતાં સર્વ જ્ઞેય વસ્તુનો અભાવ કરે, માટે દર્શન ગુણ પ્રધાન છે, એટલે કે સર્વદર્શિત્વ પ્રધાનપણે છે.

સર્વદર્શિત્વ શકિત દેખવારૂપ પરિણમે છે તે તેની શકિતની નિર્મળ પ્રગટતાની વાત છે. તે પ્રગટતા આત્મા દર્શનમય છે. શુકલ લેશ્યા જુદી વસ્તુ છે, ને શુકલ ધ્યાન જુદી વસ્તુ છે. શુકલ ધ્યાન તો ભાવલિંગી મુનિ શ્રેણીએ ચઢે ત્યારે હોય છે, સમ્યગ્દર્શનપૂર્વક હોય છે. જ્યારે શુકલલેશ્યારૂપ પરિણામ તો અભવિને પણ થાય છે. બહુ ઉજળા અતિ મંદકષાયરૂપ પરિણામ તે શુકલલેશ્યા છે.

સર્વદર્શિત્વશકિતના વર્ણનમાં બે વાત મુખ્યપણે સમજવા જેવી છે. શકિતને પરિણત કરી છે તે (૧) આત્મદર્શનમયી છે. (૨) પરદર્શનમયી નથી.

## ૧૦. સર્વજ્ઞત્વશકિત :- કેવળજ્ઞાનરૂપ

સમસ્ત વિશ્વના વિશેષભાવોને જાણવારૂપે પરિણમતી એવી આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વ શકિત-કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. એક સમયમાં સર્વને ભેદ પડયા વિના અસ્તિત્વરૂપે દેખવું તે સર્વદર્શિત્વશકિત છે અને તે જ સમયમાં સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને ભિન્ન ભિન્ન ભેદ પાડીને જાણવું તે સર્વજ્ઞત્વ શકિતનું (કેવળજ્ઞાનનું) કાર્ય છે એટલે કે બન્ને પર્યાય એક સમયમાં એક સાથે છે. દેવચંદ્રજી એક સ્તવનમાં કહે છે કે :-

**પ્રભુ તુમ જણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ;**
**નિજ સત્તાએ શુધ્ધ, સહુને લેખતા હો લાલ.**

પરમપદની પ્રાપ્તિની ભાવના કરતાં શ્રીમદ્જી કહે છે કે :-

**સાદિ અનંત અનંત સમાધિ સુખમાં**
**અનંત દર્શન, જ્ઞાન, અનંત સહિત જો - અપૂર્વ અવસર**

આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશકિત તે નિશ્ચયથી છે અને લોકાલોકને જાણે એમ વિવક્ષાભેદ કરવો તે વ્યવહાર છે.

**વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ.**

આ અનુભવ સંપૂર્ણ થાય ત્યારે સર્વદર્શિત્વ અને સર્વજ્ઞત્વ શકિત એક સાથે જ પરિણમી જાય છે. આ સર્વજ્ઞત્વ શકિત આપણા આત્મામાં પડી છે તેને આવરણ રહિત કરવાની છે. એ જ પુરૂષાર્થ જ્ઞાનીના આશ્રયે કરવાનો છે. જેથી કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ સ્થિતિ પ્રગટે છે.

## ૧૧. સ્વચ્છત્વ શકિત

જેમ દર્પણ સ્વચ્છ હોય તો તેમાં ઘટપટાદિ યથાવત્ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છશકિત (ઘાતી કર્મો અને અઘાતી કર્મોથી રહિત) થી તેના ઉપયોગમાં (જ્ઞાન અને દર્શનમાં) લોકાલોકના આકારો પ્રકાશે છે અને ઓળખાય છે. એટલે કે આત્મા સર્વ પદાર્થોને કોઈ પરની અપેક્ષા વિના જ પોતાના ઉપયોગમાં (કેવળજ્ઞાન-દર્શનમાં) જણી લે એવો જ તેની સ્વચ્છત્વશકિતનો સ્વભાવ છે.

જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા છે, તેની સન્મુખ થઈ પરિણમતાં

સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સાથે સ્વચ્છત્વશકિત પણ પરિણમી જાય છે (પ્રગટ થઈ જાય છે), સ્વચ્છત્વશકિત પરિણમતાં આત્માના ઉપયોગનું એવું સામર્થ્ય પ્રગટે છે કે ઉપયોગ અનેક પદાર્થોને જાણે છતાં તે મલિન થતો નથી, પણ અરુપી, સ્વચ્છ અને નિરુપાધિક નિર્વિકાર જ રહે છે.

આ સ્વચ્છત્વશકિત દ્રવ્યના અનંત ભાવોમાં વ્યાપક છે, જેથી દ્રવ્ય્ સ્વચ્છ, ગુણ સ્વચ્છ અને સ્વાભિમુખ થયેલી પર્યાય પણ સ્વચ્છ છે. બધું સ્વચ્છ-જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય ઈત્યાદિ અનંત સ્વભાવો સ્વચ્છ છે. નિર્મળ છે. આ સ્વચ્છત્વશકિત પ્રગટતાં જ દ્રવ્ય સ્વભાવમાં વિકાર સમાઈ શકતો નથી. આવી અદ્ભૂત સ્વચ્છત્વ શકિત છે.

## ૧૨. પ્રકાશ શકિત - (સ્વપ્રકાશક)

સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ એવી સ્વાનુભવમયી પ્રકાશ શકિત છે. જે સ્વયં એટલે પોતાથી જ પ્રકાશમાન છે અને સ્પષ્ટ સંવેદનમયી છે. એટલે કે આત્માનો પ્રકાશ સ્વભાવ.

(૧) પોતે પોતાથી જ પ્રકાશમાન છે એને કોઈ પરની અપેક્ષા નથી. (૨) સ્પષ્ટ સ્વસંવેદનમયી છે. સ્વાનુભવમાં આત્મા પ્રત્યક્ષ સ્પષ્ટ જણાય એવો આત્માનો પ્રકાશ સ્વભાવ છે.

પ્રકાશશકિતનું કાર્ય શું ? સ્વસંવેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય તે તેનું કાર્ય છે. સમ્યગ્દર્શન થતાં મતિ-શ્રુતજ્ઞાનમાં સ્વસંવેદન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય-અનુભવાય તે આ શકિતનું કાર્ય છે. આ અનુભવ ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી, સ્વરૂપ પ્રત્યક્ષ-સ્વસંવેદન પ્રત્યક્ષ છે. આ પ્રકાશશકિતથી પોતાનો જ્ઞાનનો અને આનંદનો સ્વભાવ છે તેનું સ્વયં પ્રત્યક્ષ સંવેદન થાય અને અનુક્રમે અનંતગુણોનું પ્રત્યક્ષ વેદન થાય.

સમકિતીને આત્મસ્વભાવનું અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન પ્રગટ થયું હોય છે. તેને સાધકદશામાં પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ થયું નથી ને પરોક્ષજ્ઞાન પણ વર્તે છે, સ્વરૂપના તીવ્ર આલંબન વડે જેમ જેમ તેને આત્માનું પ્રત્યક્ષ સંવેદન વધતું જાય છે તેમ તેમ પરોક્ષપણું છૂટતું જાય છે ને અંતે પરોક્ષપણાનો સર્વથા અભાવ થઈ પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ પ્રકાશશકિતની પરિપૂર્ણ પ્રગટતા છે. જેમાં એકલી પૂર્ણ પ્રત્યક્ષતા જ છે.

## ૧૩. અસંકુચિત વિકાસત્વ શકિત

ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્‌વિલાસરૂપચૈતન્યના વિલાસરૂપ-અસંકુચિત વિકાસત્વ શકિત એટલે કે ચૈતન્યમાં સંકોચ વિના વિકાસ થઈ તે પૂર્ણ વિકસે-વિલસે એવો એનો સ્વભાવ છે.

આ અસંકુચિત વિકાસત્વશકિત દ્રવ્ય-ગુણમાં તો ત્રિકાળ વ્યાપક છે, અને સ્વસન્મુખતા વડે તેનો સ્વીકાર કરતાં જ તે પર્યાયમાં વ્યાપક થાય છે.

જ્ઞાન, દર્શન, સુખ વીર્ય આદિ અનંતી શકિતઓ અસંકુચિત વિકાસને પ્રાપ્ત થાય એવો આત્માનો સ્વભાવ છે અને તે સ્વસન્મુખતારૂપ અંતર્પુરૂષાર્થ વડે સિધ્ધ થાય છે.

## ૧૪. અકાર્ય - અકારણત્વ શકિત

જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વ શકિત છે.

આ શકિત કેવી છે તો કહે છે કે :- જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક એક દ્રવ્યસ્વરૂપ અકાર્ય-કારણત્વશકિત છે. જેમ કે આત્માના દ્રવ્ય ગુણ-પર્યાયને કોઈ પર વસ્તુ કરે નહિ તેથી આત્મા અકાર્ય છે, ને પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા કરે નહિ તેથી આત્મા અકારણ છે એટલે કે પરદ્રવ્ય સાથે કાર્ય કારણ ભાવરહિત આત્માનો આ અલૌકિક અકાર્ય-અકારણત્વ સ્વભાવ છે.

જેમ દ્રવ્ય-ગુણ કોઈનું કારણ નથી અને કોઈનું કાર્ય પણ નથી તેમ તેની જ પર્યાય પ્રગટ થાય છે તે પર્યાય પણ કોઈ પરનું કારણ નથી ને કોઈ પરનું કાર્ય પણ નથી. આ અકાર્ય-અકારણત્વ શકિત છે, જે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્ત થાય છે.

આ અકાર્યકારણ સ્વભાવ જેના અંતરમાં બેસી જાય તે એમ જાણી જાય છે કે :- હું પરનું શું કરૂં ? કાંઈપણ ન કરી શકું. આમ જાણીને પરથી-પરને કરવાપણાના ભાવથી હટી જાય છે અને સ્વમાં વળી જાય છે અને સ્વસ્વરૂપમાં લીન-સ્થિર થાય છે. આમ તેને પોતાના ગુણો પ્રગટાવવા માટે કોઈની ઓશિયાળ-અપેક્ષા નથી એવી નિર્મળ પ્રતીતિ થઈ જાય છે અને

સ્વ-કાર્ય-સ્વભાવને પૂર્ણતા તરફ લઈ જવા માટે પોતાના જ પુરૂષાર્થની જ જરૂર છે તેમ જણાય છે.

## ૧૫. પરિણમ્ય - પરિણામકત્વ શકિત

પરજ્ઞેયોને ગ્રહણ કરવાના સ્વભાવરૂપ જે શકિત છે તે પ્રમાણ નામ પરિણમ્ય શકિત છે અને જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ જે શકિત છે તે પ્રમેય નામની પરિણામકત્વ શકિત છે.

સામે જેવા પરજ્ઞેયો છે તેવું જ્ઞાનનું સહજ જ પરિણમન પોતાના સ્વભાવથી થાય છે. સ્વભાવથી જ પરને જાણવારૂપ પરિણમવાની આત્માની શકિતને પરિણમ્ય શકિત રહે છે. તેમજ પોતે સહજ જ જ્ઞેયપણે સામા જીવના પ્રમાણજ્ઞાનમાં ઝળકે એવો આત્માનો પરિણામકત્વ સ્વભાવ છે. આત્મા પરને જાણે અને પરના જ્ઞાનમાં પોતે જણાય. આવા બન્ને પ્રકારના સ્વભાવ એકી સાથે રહેલા છે. તેને પરિણમ્ય-પરિણામકત્વ શકિત કહી છે.

જગતની સઘળી ચીજો જ્ઞેય તરીકે તારા જ્ઞાનમાં જાણવામાં આવે એવો તારા જ્ઞાનનો સ્વભાવ છે, પણ તું તે ચીજોનો માલિક નથી. પરજ્ઞેયોને ગ્રહણ કરવારૂપ જે પ્રમાણજ્ઞાન તેનો તું માલિક છો, પણ પરજ્ઞેયોનો માલિક નથી. વળી જ્ઞાનાનંદ સ્વભાવે પરિણમેલા હોય એવા જીવના પ્રમાણ જ્ઞાનમાં પ્રમેય થઈને તેમાં જાણવા લાયક તું છો, પણ પરનો તું થા એવી આત્માની લાયકાત નથી.

જેવું પદાર્થોનું સ્વરૂપ છે તેવું જ્ઞાન કરવું તે ન્યાય છે; તેવી તેની પ્રીતિ કરવી તે સમ્યગ્દર્શન છે અને તે ધર્મ છે. પર જ્ઞેયાકારો પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે અને પોતાના જ્ઞાનાકારો પરના જ્ઞાનમાં નિમિત્ત છે બસ આવો જ આત્માનો પરિણમ્ય-પરિણામકત્વ સ્વભાવ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને અંતરમાં એવી પ્રતીતિ થઈ છે કે સર્વ પરજ્ઞેયો શરીર-મન-વાણી, કર્મ, ભાવકર્મ, રાગાદિ બધા મારા જ્ઞાનમાં જાણવાલાયક છે, પણ તેમાં સ્વામીત્વની બુધ્ધિ કરવાની નથી.

જ્ઞાન વડે જાણે તેવો ભેદ પણ જેમાં નથી એવો ત્રિકાળી ભૂતાર્થ એક જ્ઞાયક આત્મા છે અને તે સમ્યગ્દર્શન વિષય છે. આ પરિણમ્ય-પરિણામકત્વ શકિત છે.

## ૧૬. ત્યાગ - ઉપાદાનશૂન્યત્વ શકિત

જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ-નિશ્ચિત પણે જેમનું તેમ રહેવારૂપ ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શકિત. જ્ઞાયક આત્મા જે ધ્રુવ નિત્યાનંદ-પૂર્ણાનંદ છે, તેમાં ઘટાડો કે વધારો થતો નથી અર્થાત્ પરિપૂર્ણ અવસ્થિત છે.

શુધ્ધ આત્મદ્રવ્ય છે એ તો ત્રણે કાળ માટે ત્યાગ-ઉપાદાન શૂન્ય રહિત છે. પરનું ગ્રહણ કે પરનો ત્યાગ એ તો મૂળ જીવના સ્વરૂપમાં જ નથી. વધ-ઘટ રહિત નિયતત્વરૂપ શકિત છે તેનું પર્યાયમાં પરિણમન થાય છે. તેથી પર્યાયમાં શકિત વ્યાપક થતાં દ્રવ્યની નિર્મળ પર્યાયમાં પણ ઘટ-વધ થતી નથી. આ ઘટ-વધ ન થવી એને જ ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ સ્વભાવ કહે છે.

બંધભાવનો નાશ કરવા માટે આમ ભાવના ભાવવી કે :- "હું નિર્વિકલ્પ છું, હું ભરિતાવસ્થ એટલે નિશ્ચયશકિતથી પરિપૂર્ણ ભરેલો અવસ્થિત છું." આમ ઘટ-વધ રહિત અનંત શકિતથી ભરપૂર સહજ શુધ્ધ જ્ઞાનાનંદ સ્વભાવી એવો આત્મા છું.

નિજ ત્રિકાળી દ્રવ્યની સન્મુખ થઈ પરિણમતાં જ ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ ગુણનું પરિણમન પણ થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય હોય તો પણ તે પર્યાયપૂર્ણ દ્રવ્યને સિધ્ધ કરે છે.

**જિન સોહી હૈ આતમા, અન્ય સોહી હૈ કર્મ;**
**યહી વચનસે સમજ લે, જિન પ્રવચન કા મર્મ.**

દરેક ગુણની પર્યાયમાં આ શકિત રહેલી છે. જેથી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયના ગ્રહણ ત્યાગથી શૂન્ય છે. શ્રધ્ધાની પર્યાય મિથ્યાત્વના ગ્રહણ ત્યાગથી શૂન્ય છે. સંપૂર્ણ દ્રવ્ય છે તે ગુણી છે, તેમાં શકિતઓ તે ગુણ છે. ગુણ કહીએ કે સ્વભાવ કહીએ કે સત્ત્વનું સત્ત્વ કહીએ બધાનો એક જ અર્થ છે. પૂર્ણ ભરિતાવસ્થ કેવળજ્ઞાન સ્વભાવી આત્મા છે, તે ઘટ-વધ રહિત સદાય એવો ને એવો જ છે એમ સ્વીકારી તેના આશ્રયે પરિણમવું તે ધર્મ છે. આ ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શકિત છે.

## ૧૭. અગુરુલઘુત્વ શક્તિ

ષટ્સ્થાનપતિત વૃધ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપના કારણરૂપ-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ એવો જે વિશિષ્ટ-ખાસ ગુણ તે સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટસ્થાનોમાં પડતી-સમાવેશ પામતી વસ્તુ સ્વભાવની વૃધ્ધિ હાનિ જેનાથી થાય છે અને જે ગુણ વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે, એવો ગુણ આત્મામાં પણ છે; તેને અગુરુલઘુત્વ ગુણ કહેવામાં આવે છે. આ શક્તિ દ્રવ્ય્ ગુણ પર્યાયમાં-ત્રણેમાં વ્યાપે છે. યથાર્થ રીતે અગુરુલઘુત્વશક્તિનું સૂક્ષ્મ સ્વરૂપ તો કેવળજ્ઞાનગમ્ય રહેલું છે.

એક સમયની પર્યાયમાં ષટગુણ હાનિવૃધ્ધિ થાય છે તે આપ્રમાણે છે :- ૧. અનંતગુણવુધ્ધિ. ૨. અસંખ્યાતગુણવુધ્ધિ. ૩. સંખ્યાતગુણવુધ્ધિ. ૪. અનંતગુણહાનિ. ૫. અસંખ્યાત ગુણહાનિ. ૬. સંખ્યાતગુણહાનિ. ૧. અનંતભાગવૃધ્ધિ. ૨. અસંખ્યાત્ભાગવૃધ્ધિ. ૩. સંખ્યાતભાગવૃધ્ધિ. ૪. અનંતભાગહાનિ. ૫. અસંખ્યાતભાગ હાનિ. ૬. સંખ્યાતભાગ હાનિ.

આમ થવા છતાં ભગવાન આત્મા અનંત ગુણનો ભંડાર સદાય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે તેનો કોઈપણ ગુણ અન્યગુણ રૂપ થઈ જતો નથી તથા તેના અનંતગુણ દ્રવ્યથી છુટા પડી વિખરાઈ જતા નથી. આત્માની કોઈપણ પર્યાય અન્ય પર્યાયરૂપે થઈ જતી નથી. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અગુરુલઘુ સ્વભાવી ભગવાન આત્માને ઓળખી દષ્ટિગત કરતાં પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે અને આ જ ધર્મ છે.

આકાશના પ્રદેશની શ્રેણિ સમ છે. વિષમમાત્ર એક પ્રદેશ વિદિશાની શ્રેણિ છે. સમશ્રેણિ છ છે, અને તે બે પ્રદેશી છે. પદાર્થમાત્રનું ગમન સમશ્રેણિએ થાય છે, વિષમ શ્રેણિએ થતું નથી, કારણ કે આકાશના પ્રદેશની સમશ્રેણિ છે. તેમજ પદાર્થમાત્રમાં અગુરુલઘુધર્મ છે. તે ધર્મે કરીને પદાર્થ વિષમ શ્રેણિએ ગમન નથી કરી શકતા.

દરેક પદાર્થમાં સમય સમય ખટચક્ર ઊઠે છે; તે એ કે ૧. સંખ્યાતગુણ વુધ્ધિ. ૨. અસંખ્યાતાગુણ વુધ્ધિ. ૩. અનંતગુણવુધ્ધિ. ૪. સંખ્યાતગુણ હાનિ. ૫. અસંખ્યાતગુણ હાનિ અને ૬. અનંતગુણ હાનિ. જેનું સ્વરૂપ શ્રી વીતરાગદેવ અવાક્ગોચર કહે છે. (વ્યા.સા.૧/૨૧૩,૨૧૨)

## ૧૮. ઉત્પાદન - વ્યય - ધ્રુવત્વ શકિત

વસ્તુને સમજાવવા માટે અમુક (વ્યવહાર) નયથી ભેદરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. વાસ્તવિક રીતે વસ્તુ, તેના ગુણ અને પર્યાય એમ ત્રણ જુદા જુદા નથી, એક જ છે. ગુણ અને પર્યાયને લઈને વસ્તુનું સ્વરૂપ સમજાય છે. જેમ સાકર એ વસ્તુ, મીઠાશ એ ગુણ, ખડબચડો આકાર એ પર્યાય છે. એ ત્રણેને લઈને સાકર છે. આ ઠેકાણે પદાર્થની પ્રતીતિ જ્ઞાન-ગુણને લઈને થાય છે. એ પ્રમાણે ગુણી અને ગુણ જુદા નથી. છતાં અમુક કારણને લઈને પદાર્થનું સ્વરૂપ (વ્યવહારથી) સમજાવવા માટે જુદા જુદા કહેવામાં આવે છે. ગુણ અને પર્યાયને લઈને પદાર્થ છે. જો તે બે ન હોય તો પછી પદાર્થ છે તે ન હોવા બરાબર છે કારણ કે તે શા કામનો છે ? એકબીજાથી વિરુધ્ધપદવાળી એવી ત્રિપદી પદાર્થ માત્રને વિષે રહી છે. ધ્રુવ અર્થાત્ સત્તા, હોવાપણું પદાર્થનું હંમેશા છે. તે છતાં તે પદાર્થમાં ઉત્પાદ અને વ્યય એવાં બે પદ વર્તે છે. તે પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ થયા કરે છે. (વ્યા.સા.૧/૨૦૮,૨૦૯,૨૧૦)

ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષ છે એવી ઉત્પાદવ્યય ધ્રુવત્વ શકિત (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.)

પર્યાયમાં ક્રમવર્તીપણું તો જ્ઞાની અજ્ઞાની બન્નેને છે; ત્યાં અજ્ઞાનીને પરાશ્રયે પરિણમવાને લીધે ક્રમવર્તી અશુધ્ધ-ભૂલવાળી મલિન પર્યાયો થાય છે, જયારે જ્ઞાનીને સ્વાશ્રયે પરિણમવાને લીધે ક્રમવર્તી નિર્મળ-નિર્મળ સમકિતાદિ મોક્ષમાર્ગની પર્યાયો થાય છે. આ પર્યાયમાં ભૂલ હોવાનું ને ભૂલ મટાડવાનું સંક્ષેપમાં રહસ્ય છે.

આ ક્રમ-અક્રમપણે વર્તવાનો સ્વભાવ આત્માની એકેક શકિતમાં વ્યાપક છે. દરેક શકિત-સત્તાનું ઉત્પાદ વ્યયપણે ક્રમે પ્રવર્તવું અને અક્રમપણે ધ્રુવ રહેવું તે સ્વરૂપ છે.

જ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય, પરની અપેક્ષા વિના જ પોતાથી થાય છે. આત્માની એકેક સત્તા (શકિત) પારિણામિક ભાવે રહેલી છે.

મોક્ષમાર્ગ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવરૂપ છે. આત્મામાં

ઉત્પાદ વ્યય-ધ્રુવત્વ શકિત (સત્તા) છે તે પારિણામિકભાવે છે. આ શકિતના નિમિત્તકારણે જે ઉત્પાદ વ્યયરૂપ ક્રમવર્તી પર્યાયો થાય છે તે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય છે અને તે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવસ્વરૂપે છે. આ નિર્મળ પર્યાયોમાં ઉદયભાવનો અભાવ છે. તે ધ્રુવશકિત અને શકિતવાન દ્રવ્યના ભેદનું લક્ષ છોડી અભેદ દૃષ્ટિ કરવાથી અભેદ શુધ્ધ ચૈતન્યનો સ્પર્શ કરવાથી કે સ્પર્શવાથી એટલે કે ધ્રુવની સન્મુખ થઈ પરિણમવાથી નિર્મળ પર્યાયનો સહજ જ પોતાના કારણે ઉત્પાદ થાય છે. ત્યારે પૂર્વ પર્યાયનો વ્યય પણ સ્વતંત્રપણે થઈ જાય છે.

પંચાસ્તિકાય ગાથા-૧૫૫માં કહ્યું છે કે :- વસ્તુપણે આત્માનો સ્વભાવ નિર્મળ જ છે. ગુણ અને પર્યાય પર-સમય પરિણામીપણે અનાદિથી પરિણમ્યા છે તે દૃષ્ટિથી અનિર્મળ છે. જો તે આત્મા સ્વસયમને પ્રાપ્ત થાય તો કર્મબંધથી રહિત થાય. તેમજ ગાથા-૧૫૬માં કહ્યું છે કે :- જે પરદ્રવ્યને વિષે શુભ અથવા અશુભ રાગ કરે છે તે જીવ સ્વચારિત્રથી ભ્રષ્ટ છે અને પરચારિત્ર આચરે છે એમ જાણવું-સમજવું.

જે સર્વસંગ માત્રથી મુકત થઈ, અનન્યમયપણે આત્મસ્વભાવમાં સ્થિત છે, નિર્મળ જ્ઞાતા-દૃષ્ટા છે તે 'સ્વચારિત્ર' આચરનાર જીવછે. (૧૫૮) પર દ્રવ્ય પ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ જ્ઞાનદર્શનમય પરિણામી આત્મા છે તે સ્વચારિત્રાચરણ છે એટલે કે સ્વસમયમાં સ્થિત છે. તે સ્વસમયનો ઉત્પાદ છે અને પરસમયનો વ્યય છે. તથા આત્મા તો ધ્રુવપણે રહેલો છે.

૧૫૫મી ગાથામાં સ્વસમય અને પરસમયની વ્યાખ્યા કરવામાં આવી છે. ત્યાં સ્વભાવલીન પરિણામને નિયત કહેલ છે અને વિભાવ પરિણામને અનિયત કહેલ છે. અનિયત એટલે સ્વભાવમાં લીન નહિ.

સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ આત્મામાં એક વીર્યશકિત ત્રિકાળ છે. સ્વરૂપ સ્થિત દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ ઈત્યાદિ ગુણોની નિર્મળ પર્યાયની રચના કરવી તે તેનું કાર્ય છે. આત્મા પોતે સ્વવીર્યથી અંતઃપુરુષાર્થ વડે પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટાવે છે, તે માટે કોઈ પણ વસ્તુ કારણ નથી. ઉત્પાદ વ્યય ધ્રુવત્વ શકિત વિષે થોડી વિચારણા કરી.

## ૧૯. પરિણામ શકિત

આત્મામાં ધ્રુવ-ઉત્પાદ-વ્યયરૂપ અસ્તિત્વમયી પરિણામ શકિત છે. ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યયરૂપે પર્યાયમાં પરિણમે છે. તેમાં ધ્રુવ છે તે સદશ એકરૂપ છે અને ઉત્પાદ-વ્યય છે તે વિસદશ કહેલ છે એટલે કે દ્રવ્યના સ્વભાવભૂત ધ્રુવ-વ્યય-ઉત્પાદથી સ્પર્શિત સદશ અને વિસદશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વ માત્રમયી પરિણામ શકિત છે.

અસ્થાનના રાગથી ને અશુભથી બચવા માટે જ્ઞાનીને દયા, દાન, વ્રત આદિનો શુભરાગ આવે છે, પણ તેઓ તેને હેય માને છે. તેને ધર્મ કે ધર્મનું સાધન માનતા નથી. જ્ઞાનીની પરિણતિમાં વ્રતાદિ વ્યવહાર ભલે હોય, છતાં પણ એનાથી જુદું શુધ્ધતાનું પરિણમન તેને અંતરંગમાં વર્તે છે, તે શુધ્ધતામાં તન્મય છે, ને રાગમાં તન્મય હોતા નથી. તેઓને સ્વભાવ સન્મુખ ઉત્પાદ-વ્યયમાં નિર્મળતા થઈ છે ને તેમાં રાગનો પ્રવેશ હોતો નથી, રાગ તો ભિન્ન જ્ઞેયપણે રહી જાય છે, ને તેનું જ્ઞાન સ્વકાળમાં સમાય છે. રાગ એ ચૈતન્યનો સ્વકાળ નથી, પર કાળ છે.' પર પરિણતિ છે. જ્ઞાન ને રાગ બંને સમકાળે ને સમક્ષેત્રે હોવા છતાં જ્ઞાન સ્વકાળ અને રાગ પરકાળ છે. આવું અલૌકિક વીતરાગી જ્ઞાન જ્ઞાનીને પ્રગટ થયું છે. જ્યારે અજ્ઞાની તો રાગને ઉપાદેય માને છે. આમ ધ્રુવ-વ્યય, ઉત્પાદરૂપ પરિણામ શકિત આત્મામાં રહેલી છે.

## ૨૦. અમૂર્તત્વ શકિત - અરુપીપણું

કર્મબંધના અભાવથી વ્યકત કરવામાં આવતા સહજ સ્પર્શાદિશૂન્ય એવા આત્મપ્રદેશો સ્વરૂપ અમૂર્તત્વ શકિત ! જ્યારે સમસ્ત કર્મોનો અભાવ થઈને સિધ્ધદશા પ્રગટે છે, ત્યારે સાક્ષાત્ પૂર્ણ અમૂર્તપણું (અરુપીપણું) વ્યકત-પ્રગટ થાય છે. ચોથા ગુણસ્થાનથી શરૂઆત કરી જેટલો કર્મબંધનો અભાવ થતો જાય તેટલા પ્રમાણમાં અમૂર્તત્વશકિતનું પરિણમન થાય છે. સમસ્ત કર્મોનો અભાવ થઈ સિધ્ધદશા પ્રગટે છે ત્યારે સાક્ષાત્ પૂર્ણ અમૂર્તપણું (અરૂપીપણું) વ્યકત પ્રગટ થાય છે.

હે આત્મા ! ભવથી છૂટવું હોય, અશરીરી થવું હોય તો ધ્યાન વડે તારા અંતરમાં અશરીરી જ્ઞાન સ્વભાવને જો; તેને ધ્યાતાં પરમ સુખમય અશરીરી સિધ્ધ દશા થશે પછી ફરીવાર જન્મવું નહીં પડે. આ

અમૂર્તત્વશકિત છે.

## ૨૧. અકર્તૃત્વ શકિત

જે શકિતથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની શકિત આત્મામાં છે.

સમકિતીને જે સ્વરૂપનાં નિર્મળ જ્ઞાન-શ્રધ્ધાન પ્રગટ થયાં છે તેના ભેગું રાગાદિ રૂપ પરભાવનું અકર્તૃત્વ પણ પ્રગટેલું જ હોય છે. જેથી જ્ઞાની જીવ રાગાદિનો કર્તા થતો નથી. આવો આત્માનો અકર્તા સ્વભાવ છે. અકર્તૃત્વશકિતના પ્રગટપણાથી આ પ્રમાણે નિશ્ચય થાય છે.

૧. પૃથક્ભૂત પર દ્રવ્યનું કર્તૃત્વ આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કોઈ પ્રકારે નથી. ૨. સ્વભાવથી તો વિકારનું આત્માને અકર્તૃત્વ જ છે. હું કરું છું-એવી મિથ્યા માન્યતાને કારણે અજ્ઞાની પર્યાયમાં વિકારનો કર્તા થાય છે. ૩. સ્વસ્વરૂપની સંભાળ કરીને જે સ્વસન્મુખ થઈ નિર્મળપણે પરિણમે છે તે જ્ઞાની વિકારનો સાક્ષાત્ અકર્તા થઈને જ્ઞાન-સ્વભાવમાં જ્ઞાતાદૃષ્ટાપણે પરિણામે છે. હે આત્મા ! વિકાર કાંઈ તારી ચીજ નથી એમ જાણી વિકારથી ભિન્ન નિજ જ્ઞાયકભાવની દૃષ્ટિ કર, ને તેમાં જ ઠરી જા; તેમાં જ રમણતા કર, જેથી આત્માનો અકર્તા સ્વભાવ અંતરમાં પ્રગટ થશે. ભવભ્રમણનો નાશ કરવાની આ રીત છે.

## ૨૨. અભોકતૃત્વ શકિત

આત્મા કર્મથી ઊભા થયેલા સમસ્ત વિકારી ભાવનો ભોકતા નથી. આ જ અભોકતૃત્વ શકિત છે. જો ૧. આત્મા જો જડનો ભોગવે તો તેને જડપણું આવી પડે. ૨. આત્મા જો રાગને તન્મયપણે ભોગવે તો તેને બહિરાત્મપણું આવી પડે તેથી. ૩. આત્મજ્ઞાની નિજસ્વભાવથી પોતાના જ્ઞાનાનંદમય નિર્મળ ભાવને ભોગવે છે અને તે જ શોભાસ્પદ છે. તેમાં આત્માની આત્માપણે પ્રસિધ્ધિ છે. ને તેમાં સર્વ પરભવોનું અભોકતાપણું છે.

જ્ઞાનીને કિંચિત્ આસકિતના પરિણામ થાય છે, પણ તેની રુચિ *નથી, તેમાં તેને સુખબુધ્ધિ નથી. જ્ઞાનીને નિજ* ચૈતન્યસ્વભાવનું ભાન થવાથી રાગના અભાવ જે અભોકતૃત્વ શકિત છે તેનું પરિણમન થયું છે અને તેથી તે આસકિતના પરિણામનો ભોકતા થતો નથી. ચૈતન્ય

ચિદાનંદમય એક જ્ઞાયકભાવનો સ્પર્શ થવાથી જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પ્રગટ થયેલા છે. તેથી જ્ઞાની વિકારના આસકિતરૂપ્ર પરિણામના ભોગવટાથી નિવૃત્તસ્વરૂપ છે.

સમ્યગ્દૃષ્ટિની પરિણતિ અટપટી છે. શ્રેણિક રાજાનો જીવ નરકમાં હોવા છતાં નિરાકુળ આનંદરૂપ પરિણામનો જ ભોકતા છે ને જે દુઃખ છે, પ્રતિકૂળતા છે તેને બહારની ચીજ જાણી તેના ભોગવટાના ઉપરામસ્વરૂપ જ તેઓ પરિણામી રહ્યા છે. આ છે અભોકતૃત્વ શકિત.

## ૨૩. નિષ્ક્રિયત્વ શકિત

સમસ્ત કર્મના ઉપરામથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ-અકંપતાસ્વરૂપ નિષ્ક્રિયત્વ શકિત પ્રગટ થાય છે.

આત્મપ્રદેશોનું કંપન થવું એ તો કર્મના નિમિત્તે થયેલો ઔદયિકભાવ છે, તે સ્વભાવભાવ નથી. સ્વરૂપના આશ્રયે સર્વ કર્મોનો અભાવ થતાં ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્થિર અક્રિય થાય છે અને તે અક્રિયત્વ-નિષ્ક્રિયત્વ આત્માનો સ્વભાવ છે. સમકિતીને આ સ્વભાવની એકદેશ વ્યકતતા થાય છે. તેની દૃષ્ટિમાં કર્મ નિમિત્તના સંબંધથી રહિત એક અકંપ ચિદાનંદ સ્વભાવ જ વર્તે છે અને તેથી તેને કર્મ તરફના કંપન સહિતના બધા ભાવોનો દૃષ્ટિ અપેક્ષાએ અભાવ છે. સંપૂર્ણ નિષ્ક્રિયત્વ તો ચૌદમા ગુણસ્થાનકમાં પ્રગટ થાય છે.

ખરેખર તો પોતાનું પૂર્ણાનંદસ્વરૂપ ત્રિકાળી દ્રવ્ય જયાં પ્રતીતિ થઈને અનુભવમાં આવ્યું ત્યાં દરેક સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથા ગુણસ્થાને પર્યાયમાં એક દેશ નિષ્પંદતારૂપ-નિષ્ક્રિયત્વરૂપ પરિણમન થાય છે. પ.કૃ.દેવે પણ કહ્યું છે કે :- "સર્વ ગુણાંશ તે સમ્યકૃત્વ" એટલે કે સમ્યગ્દર્શન થતાં અવિનાભાવપણે સર્વ અનંતગુણનો અંશ પ્રગટ થાય છે.

પં. શ્રી ટોડરમલજી પણ કહે છે :- "એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિ ગુણો એક દેશ પ્રગટ થયા છે તથા તેરમા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિ ગુણો સર્વથા પ્રગટ થાય છે." આ વાત પણ ઉપરોકતવાત સાબિત કરે છે.

માટે હે જીવ ! આત્માના ત્રિકાળી એક નિષ્ક્રિયત્વ જ્ઞાન સ્વભાવ સામે જો. તો તારી અનંત શકિતઓનું નિર્મળ-નિર્મળ પરિણમન થઈ,

પર્યાયમાંથી કંપ છુટી તારી સાદિ અનંત એવી અકંપ-નિષ્ક્રિયત્વ શકિત પૂર્ણપણે પ્રગટશે એટલે કે સિધ્ધદશા પ્રગટશે.

## ૨૪. નિયતપ્રદેશત્વ શકિત-અસંખ્યાત પ્રદેશીપણાં રૂપ શકિત

જે અનાદિ સંસારથી માંડી સંકોચ વિસ્તારવાળો છે અને ચરમ શરીરના પરિણામથી ૧/૩ પ્રમાણ ઊણા પરિમણે અવસ્થિત થાય છે એવું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયત પ્રદેશત્વ શકિત આત્માની છે.

આત્માનું ક્ષેત્ર શરીર પ્રમાણ છે, પણ તેનું સામર્થ્ય અપરિમિત અને અનંત છે.

નિયત પ્રદેશત્વ શકિત એટલે આત્મા અસંખ્યાત પ્રદેશી છે, અને સમસ્ત સંસાર પર્યાયમાં તેની સંખ્યામા વધઘટ થતી નથી. એટલા જ પ્રદેશો સિધ્ધ અવસ્થામાં પણ રહે છે. તેને સમતા-સમપણાના લક્ષણરૂપ પણ કહેલ છે.

જીવ સિધ્ધદશાને પ્રાપ્ત થતાં તે સંકોચ વિસ્તારનું ભાજન મટી જાય છે, પણ સંસાર અવસ્થામાં અસંખ્યાત પ્રદેશો સંકોચ વિસ્તાર શરીરના લક્ષે પામે છે. પ્રદેશમાં સંકોચ કે વિસ્તાર નથી પણ અસંખ્યાત પ્રદેશો નાના શરીરમાં સંકોચાઈને રહે છે અને મોટું શરીર મળતાં વિસ્તાર પામે છે.

લોકાકાશના જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા એક જીવનાં પ્રદેશો છે. આત્મા અવયવી છે અને પ્રદેશ તેના અવયવ છે.

આત્માના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં એક પ્રદેશે અનંત ગુણ વ્યાપકપણે રહેલા છે તેને તિયક્પ્રચય કહે છે. તેના એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. આત્માના અસંખ્યપ્રદેશો સર્વત્ર અનંત ગુણોથી વ્યાપક છે તેમાં એમ નથી કે ગુણનો અમુક અંશ એક પ્રદેશમાં ને અમુક અંશ બીજા પ્રદેશમાં હોય. આત્માના પ્રદેશોમાં કોઈ પ્રદેશ ગુણથી હીન કે અધિક નથી. જે કાંઈ છે તે સર્વસ્વ નિયત અસંખ્ય પ્રદેશમાં જ છે, અસંખ્યાત પ્રદેશની બહાર તારું અસ્તિત્વ જ નથી. માટે પરદ્રવ્યથી વિરામ પામી અનંતગુણ સ્વભાવમય એક સ્વદ્રવ્યને જ જો. તેથી તને જ્ઞાન, સુખ અને શાંતિની પ્રાપ્તિ થશે.

## ૨૫. સ્વધર્મવ્યાપકત્વ શકિત

પોતાના અનંત ગુણો અને પોતાની નિર્મળ પર્યાયોમાં આત્મા વ્યાપે એવો એનો સવર્ધમવ્યાપકત્વ ગુણ છે. શા માટે મૂઢ અજ્ઞાની જીવ તું નિજ

ચિદાનંદમય ચૈતન્ય વસ્તુ છોડીને જડ દેહમાં ને વિકારમાં પોતાનો વાસ માની રહ્યો છે. હે જીવ ! તે તારો સાચો વાસ નથી. જડ દેહમાં ને વિકારમાં વસવાનો તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ તો તારા શ્રધ્ધા, જ્ઞાન-આનંદ ઈત્યાદિ અનંત સ્વધર્મોમાં વસવાનો છે. માટે તારા આવા સ્વભાવને ઓળખીને તેમાં વાસ કર, તેમાં શ્રધ્ધા, જ્ઞાન-રમણતા કર; ને વિકારની વાસના છોડી દે. દેહ અને વિકારની વાસના છોડી, અનંત ધર્મસ્વરૂપ એક સ્વરૂપાત્મક-એકાકાર નિજ આત્માને ઓળખવો તે અનેકાંત છે. અને તેનું ફળ પરમ અમૃત છે, પરમ સુખની પ્રાપ્તિરૂપ પરમામૃત છે. આમ કરીને આત્માને સ્વધર્મમાં રહેલો અનુભવ. એમ કરતાં શરીરથી સંબંધ છૂટીને તને અશરીરી મુકતદશાની પ્રાપ્તિ થશે. આ સ્વધર્મવ્યાપકત્વ શકિત છે.

## ૨૬. સાધારણ - અસાધારણ (સાધારણાસાધારણ) / ધર્મત્વ શકિત

સ્વપરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણ સ્વરૂપ આ શકિત રહેલી છે.

આત્મામાં અનંત ધર્મો છે. તેમાં જે કોઈ સ્વ-પરના સમાન ધર્મો છે તે સાધારણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વાદિ ધર્મો સાધારણ છે, કેમકે તે ધર્મો જેમ આત્મામાં છે તેમ આત્મા સિવાયના બીજા અન્ય દ્રવ્યોમાં પણ છે. આવા સમાન-સાધારણ ધર્મો આત્મામાં એકી સાથે રહેલા અનંત છે. સ્વમાં અને પરમાં હોય એવા સાધારણ ધર્મો અનંત છે.

આત્મામાં અનંત ધર્મો છે તેમાં એકલા સ્વમાં-આત્મામાં જ હોય છે તે આત્માના અસમાન-અસાધારણ ધર્મ કહેવાય છે. જ્ઞાનાદિ આત્માના અસાધારણ ધર્મો છે તે પણ અનંત છે. તેમાં જ્ઞાન આત્માનો સ્વ પરને જાણવારૂપ ધર્મ હોવાથી તે આત્માની અસાધારણ ધર્મત્વ શકિત છે.

વળી આત્મામાં કોઈ એવા ધર્મો છે કે, કોઈ પરદ્રવ્ય સાથે સમાન હોય તો કોઈ પરદ્રવ્ય સાથે અસમાન હોય તેવા ધર્મો સાધારણાસાધારણ કહેવાય છે જેમ કે અરૂપીપણું એ આત્માનો સાધારણા-સાધારણ ધર્મ છે કેમકે આ ધર્મ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાયમાં પણ છે પણ પુદ્ગલમાં નથી એટલે કે ધર્માસ્તિકાયાદિની અપેક્ષાએ જીવનો અરૂપીપણાનો ધર્મ સાધારણ છે ને પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ જીવનો તે અસાધારણ ધર્મ છે.

આમ ત્રણ પ્રકારના ધર્મો (ગુણો) આત્મામાં એકી સમયે રહેલા છે.

જ્ઞાન તે આત્મા-એમ જ્ઞાન લક્ષણને અનુસરી શોધતાં, તે પરથી ને વિકારોથી જાુદોને, પોતાના અનંત સ્વભાવોથી એકમેક એવો ભગવાન આત્મા પ્રાપ્ત થાય છે. આ જ સમ્યગ્દર્શન અને આત્મ-ઉપલબ્ધિની રીત છે.

સમાન, અસમાન ને સમાનાસમાન-એમ ત્રિવિધ ધર્મોનો ધારક ભગવાન આત્મા છે; આવા નિજસ્વરૂપને ઓળખી, પરથી ને વિકારોથી ભેદજ્ઞાન કરી, અંતર્દષ્ટિ વડે શુધ્ધ આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે અને તે જ કર્તવ્ય છે.

આ સાધારણ, અસાધારણ, સાધારણાસાધારણ ધર્મત્વ શકિત ઓળખી તેનો ઉપયોગ કરી આત્મત્વને પ્રગટ કરવા પુરૂષાર્થી બનીએ.

## ૨૭. અનંત ધર્મત્વ શકિત

વિલક્ષણ-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત ધર્મત્વ શકિત છે.

આત્મદ્રવ્ય જે અનંત ગુણ-સ્વભાવને ધારણ કરે છે તે ધર્મ છે. અહીંયા ધર્મ એટલે ત્રિકાળપણે ગુણ-સ્વભાવ શકિતની વાત છે: અનંતસ્વભાવરૂપ ગુણોથી ભરપૂર આત્મા ત્રિકાળ એકરૂપ છે. આવો જ અનંત ધર્મત્વ સ્વભાવ છે. આવા નિજ આત્મદ્રવ્યને દષ્ટિમાં લઈ પરિણમતાં તેનું નિર્મળ પરિણમન થાય છે. અને ત્યારે સાથે આનંદનો અનુભવ થાય છે તથા આત્મજ્ઞાન પ્રગટે છે.

**અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસરૂપ.**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. તે આનંદસ્વરૂપ છે, તેથી આનંદની પર્યાયથી તે પ્રાપ્ત થાય છે. પ્રભુત્વશકિતથી આત્મા ભર્યો પડ્યો છે તો પ્રભુત્વની પર્યાયથી તેની પ્રભુતાનું ભાન થાય છે. આત્મા અકર્તૃત્વશકિતથી ભર્યો છે, તેથી પર્યાયમાં રાગના અકર્તાપણે ને જ્ઞાનના કર્તાપણે તે અનુભવાય છે. અભોકતૃત્વ નામનો આત્માનો ગુણ છે, તો રાગનું અભોકતૃત્વ અને આનંદના ભોગવટાથી આખુંય દ્રવ્ય અભોકતાસ્વરૂપ અનુભવાય છે.

સ્વાભિમુખ પરિણમન થતાં જીવના અનંતધર્મત્વ સ્વભાવનું ભેગું જ નિર્મળ પરિણમન થાય છે અને ત્યારે અનંત ધર્મોનું ભેગું જ પરિણમન

થાય છે. બધા જ ગુણો એક સાથે પરિણમે છે. પર્યાયમાં એક સાથે પરિણત થાય છે. ને તેમાં રાગનો-વિકારનો અભાવ છે. વ્યવહારનો અભાવ ને નિશ્ચયનો સદ્ભાવ-એનું નામ સમ્યક્ અનેકાંત છે. આ અનંતધર્મત્વ શકિત છે.

## ૨૮. વિરુધ્ધ ધર્મત્વ શકિત

આત્મા જ્ઞાનસ્વરૂપથી 'તત્' છે કેમકે આત્મા જ્ઞાનથી તદ્રૂપમય છે, પણ આત્મા રાગાદિથી-જ્ઞેયોથી અતત્ છે, કેમકે આત્માને રાગાદિથી-પરજ્ઞેયોથી અતદ્રૂપમયતા છે. આ રીતે તત્પણું અને અતત્પણું એવા બન્ને વિરુધ્ધધર્મો એકી સાથે જેમાં રહેલા છે એવા આત્માનો વિરુધ્ધ ધર્મત્વ સ્વભાવ છે.

આત્મામાં એક સાથે બે વિરુધ્ધ શકિતઓ રહે છે એવી એની અનંત વિરુધ્ધ ધર્મત્વશકિત છે. આ શકિત તેના સ્વભાવગુણથી રહેલી છે.

પોતાના જ્ઞાનપણે જ્ઞાન રહે છે, અજ્ઞાનપણે થતું નથી. વીતરાગતા વીતરાગતાપણે રહે છે, રાગપણે થતી નથી. આનંદની દશા આનંદપણે રહે છે, દુઃખપણે થતી નથી. આમ તત્-અતત્પણે વસ્તુ પરિણમે છે એવો આત્માનો વિરુધ્ધ ધર્મત્વ સ્વભાવ છે.

કર્મનો ઉદય અને વિકાર બન્નેથી આત્મા અતદ્રૂપમય છે; આત્મામાં અનંતા ગુણો-ધર્મો છે તે બધા નિર્મળ-પવિત્ર છે, ને તે પોતાની નિર્મળ પરિણતિમાં તદ્રૂપ-તન્મય છે અને રાગાદિ વિકારમાં ને પરદ્રવ્યમાં અતદ્રૂપ-અતન્મય છે.

## ૨૯. તત્ત્વ શકિત

તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશકિત છે. આ શકિતથી ચેતન ચેતનપણે રહે છે-પરિણમે છે.

ધ્રુવ દ્રવ્યને ધ્યેય બનાવી ધ્રુવના આશ્રયે નિર્વિકલ્પ ધ્યાનની દશામાં આનંદનો અનુભવ પ્રગટ કરવો તે મોક્ષમાર્ગ છે, તેનું નામ ધર્મ છે. આ ધ્યાનની દશા તે નિશ્ચલ એકાગ્રતાની સ્વરૂપ રમણતાની દશા છે. સચ્ચિદાનંદ સહજાત્મસ્વરૂપ ભગવાન આત્મા છે. તે પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તદ્રૂપ છે. આવો આત્મતત્ત્વનો સ્વભાવ છે ત્યાં :-

૧. ત્રિકાળ એક જ્ઞાયક ભાવરૂપ નિર્વિકલ્પ વસ્તુ તે સ્વદ્રવ્ય. ૨. અસંખ્યપ્રદેશી વસ્તુના આધારમાત્ર પોતાનો પ્રદેશ તે સ્વક્ષેત્ર. (૩) ત્રિકાળ

વસ્તુમાત્રની મૂળ અવસ્થા સ્થિતિ તે સ્વકાળ અને. (૪) વસ્તુની મૂળ સહજ શકિત તે સ્વભાવ.

આવી પોતાની અભેદ અખંડ નિર્વિકલ્પ ચીજનું વલણ કરીને તદ્રૂપ પરિણમવું તે ધર્મ છે એ જ તત્ત્વશકિત છે.

વસ્તુ (આત્મા)માં એક તત્વશકિત રહેલી છે. તેનું તદ્રૂપ પરિણમન થાય તે ભવના અંતનો ઉપાય છે. પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપમાં એકાગ્ર થઈ તેના આશ્રયે પરિણમતાં જ્ઞાનસ્વરૂપ, આનંદ-સ્વરૂપ એવું તદ્રૂપ પરિણમન થાય તે ભવના અંતનો ઉપાય છે. શકિત (સત્તા)નું તદ્રૂપ પરિણમન થાય તેને જ આત્મા કહ્યો છે.

નિજ ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્યનો આશ્રય કરી અંતરમાં નિર્વિકલ્પ આનંદની અનુભવદશા પ્રગટ કરે ત્યારે તારી સમજણ સાચી થઈ ગણાય. બાહ્યમાં રાગને મંદ કરી લાખોના દાન આપવામાં આવે તોપણ શું ? એથી પુણ્ય બંધાય, સંસાર મળે પણ તદ્રૂપ ચૈતન્યની નિરાકુળ આનંદની પરિણતિ ન થાય.

તારા આત્મામાં તદ્રૂપ તત્ત્વશકિત છે; તેને ઓળખી અંતર્મુખ થતાં જ તેનું તદ્રુપ પરિણમન થાય છે અને આ જ ધર્મ છે, આ જ મોક્ષમાર્ગ છે.

## ૩૦. અતત્ત્વ શકિત

તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશકિત આત્મામાં છે આ શકિતથી ચેતન જડરૂપ થઈ જતો નથી.

રાગરૂપે ન થવું, પુણ્યભાવપણે ન થવું, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે ન થવું એની અતત્ત્વ નામની જીવમાં શકિત છે. પોતાના સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે રહેવું, નિર્મળ થવું-તે તત્ત્વશકિત છે. અને અહીં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે ન પરિણમવું તે અતત્ત્વ નામની શકિત છે.

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તે આત્મામાં અતદ્રૂપ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિરૂપ છે તે અતત્ત્વશકિત છે. સ્વપણે હોવું ને પરપણે ન હોવું એવી જીવનમાં એક વિરુધ્ધ ધર્મત્વ શકિત છે. આથી પરસ્પર વિરોધી પ્રતીતા થતા ધર્મો એક સાથે એક દ્રવ્યમાં અવિરોધપણે રહે છે. આ તત્ત્વશકિત અને અતત્ત્વશકિતના પરિણમનમાં વીતરાગતાનું વેદન થાય છે. રાગના અભાવરૂપ અને વીતરાગ ભાવના સદ્ભાવરૂપ પરિણમન ત્યાં થાય

છે. આનુ નામ ધર્મ છે.

સ્વસ્વરૂપ એક જ્ઞાયકસ્વરૂપના અવલંબને પરિણમે એવી તત્ત્વશક્તિ અને વિકારરૂપ ન પરિણમે એવી અતત્ત્વશક્તિ ભગવાન આત્મામાં છે; તેને યથાર્થ ઓળખી સ્વ-અવલંબન કરવું તે હિતરૂપ છે.

તત્ત્વ શક્તિથી આત્મા ચેતનરૂપે રહે છે. અતત્ત્વશક્તિથી જડરૂપ થઈ જતો નથી. એ રૂપ પરિણમતો નથી.

## ૩૧. એકત્વ શક્તિ

અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વ શક્તિ છે.

ભગવાન આત્મા પોતાની એકત્વશક્તિથી સર્વ પર્યાયોમાં વ્યાપે તો પણ તે એક દ્રવ્યમય વસ્તુ જ છે. *આપણો આત્મા પોતાના સર્વ ગુણ-પર્યાયોમાં વ્યાપે પણ પરમાં વ્યાપક થતો નથી.* ક્રોધાદિ વિકારમાં વ્યાપક *થતો નથી તેમજ નિર્મળ-ગુણ પર્યાયમાં વ્યાપીને રહે છે.* અને અનેકરૂપ કે ભેદરૂપ થતો નથી. માટે અનેકનું-ભેદનું લક્ષ છોડીને એક જ્ઞાયક એવા આત્માનું લક્ષ કરવાનું છે. એમ કરવાથી સ્વભાવ સાથે એકમેક એવી *સમ્યક્ત્વાદિ નિર્મળ પર્યાયો પ્રગટ થશે. એટલે કે આમ વિચારવું કે :-* મારો આત્મા મારી પર્યાયોમાં જ વ્યાપક છે, બીજે નહિ. અને મારી પર્યાયોમાં એક શુધ્ધ આત્મા વ્યાપક છે બીજો નહિ-એવો નિર્ણય કરવાથી દૃષ્ટિ જ બદલાઈ જાય છે. આવો નિશ્ચય થતાં તેને પરાશ્રયપણાની બુધ્ધિ મટી જાય છે, ને સ્વ-આશ્રયની ભાવના જાગૃત થાય છે. દરેક પર્યાયમાં પછી તેને એકત્વસ્વરૂપ નિજ આત્મદ્રવ્યનું જ આલંબન વર્તે છે, ને શુધ્ધ આત્મદ્રવ્યના આલંબને પ્રગટે થતી પર્યાયો તેને નિર્મળ જ થાય છે. આ મોક્ષનો પંથ છે. આ એકત્વશક્તિ છે.

## ૩૨. અનેકત્વ શક્તિ

દ્રવ્યપણે આત્મા એક હોવા છતાં અનેક પર્યાયોપણે પોતે જ થાય છે એવી તેની અનેકત્વશક્તિ છે. આમ એકત્વની જેમ અનેકત્વ પણ આત્માનો ગુણ-સ્વભાવ છે.

આત્માની સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયોમાં કોણ વ્યાપે છે ? પર દ્રવ્ય નહિ પણ શુધ્ધ ચૈતન્યમૂર્તિ એવો આત્મા જ પોતે પરિણમીને સમ્યગ્દર્શનાદિ પર્યાયોમાં વ્યાપે તે રૂપ થાય એવી અનેકત્વશક્તિ છે. માટે

સમ્યગ્દર્શન- આદિ નિર્મળ પર્યાયની સિધ્ધિ માટે તું સિધ્ધ સમાન નિજ આત્મદ્રવ્યમાં જો; શુધ્ધ એક સ્વરૂપનું જ આલંબન કર. એક આત્મા જ બધી નિર્મળ પર્યાયોમાં પ્રસરી જાય છે એવી તારી અનેકત્વશકિત જાણી, નિમિત્ત અને ભેદનું લક્ષ રાખી શકિતવાન ધ્રુવ એવા એક આત્મદ્રવ્યનો આશ્રય કર; સ્વ-સન્મુખતા કર; તેમ કરતાં જ પર્યાયો ક્રમે નિર્મળપણે પ્રગટ થાય છે. આ જ ધર્મ છે, આ જ માર્ગ છે.

એકત્વ અને અનેકત્વ-બન્ને સ્વભાવરૂપ આત્મા પોતે જ અનેક પર્યાયરૂપ થાય છે એવી એની એકત્વ અનેકત્વ શકિત છે.

## ૩૩. ભાવશકિત

આત્મામાં એક ભાવશકિત એવી છે કે તેની કોઈ એક નિર્મળ પર્યાય વર્તમાનમાં વિદ્યમાન હોય જ છે. જે સમયમાં ભાવશકિતનું પરિણમન થાય છે તે સમયે નિર્મળ પર્યાય વિદ્યમાન હોય છે. અનંત ગુણોની નિર્મળતારૂપ પર્યાય વર્તમાન વિદ્યમાન હોય જ છે. એવું આ શકિતનું સ્વરૂપ છે. અહીંયા શકિતનું જેને પરિણમન થયું છે એવા સમ્યક્દ્રષ્ટિની વાત છે જેને ભગવાન આત્માની અંતર પ્રતીતિ થઈ, જ્ઞાનમાં નિજ જ્ઞાયક જણાયો, નિર્મળજ્ઞાન સાથે અનાકુળ આનંદ પ્રગટ થયો તેને ભાવશકિતનું પરિણમન થયું છે. જેથી તેને વર્તમાન નિર્મળ અવસ્થા વિદ્યમાન જ છે.

ભાવશકિત છે તે પારિણામિકભાવે છે. તેનું પરિણમન થાય છે, તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ત્રણ ભાવરૂપ હોય છે. દ્રવ્ય સ્વભાવની દ્રષ્ટિપૂર્વક જેને ભાવશકિતની પ્રતીતિ થઈ છે તેને ભાવશકિતના કાર્યરૂપ નિયમથી નિશ્ચિત નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય છે.

દરેક શકિત વીતરાગ સ્વરૂપ છે. શકિત અને શકિતવાનને ઓળખી જ્યાં દ્રવ્યદ્રષ્ટિ કરે ત્યાં વીતરાગી પર્યાય પણ વિદ્યમાન થાય છે; રાગ એમાં વિદ્યમાનપણે છે જ નહીં. પોતાને પણ જાણે ને રાગને-પરનેય જાણે એવા સહજ જ એનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, તે જ્ઞાનની દશાથી પ્રગટ થઈ છે, રાગને લીધે નહિ, તેમાં રાગનો તો અભાવ જ છે. **આ વર્તમાન નિર્મળ અવસ્થા હોવારૂપે ભાવશકિત છે.**

## ૩૪. અભાવ શકિત

અવિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ અભાવશકિત-જેમાં અમુક અવસ્થા અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવ શકિત.

ભાવશકિતની જેમ આત્મામાં અભાવશકિત ત્રિકાળ છે. **જેને અંતર્દષ્ટિ-આત્મદષ્ટિ થઈ તેને ભાવશકિતનું પરિણમન થયું અને અભાવશકિતનું પણ પરિણમન થયું એટલે કે વર્તમાન નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા થઈ તેમાં આઠ કર્મની અવસ્થાનું અવિદ્યામાનપણું-શૂન્યપણું છે એટલે કે ભાવકર્મની અવસ્થા અવિદ્યમાન છે (સંવરપણું). વર્તમાન વિદ્યમાન પર્યાયનું વર્તવાપણું તે 'ભાવ' ને ત્યારે બીજી પર્યાયનું નહિ વર્તવાપણું** તે **'અભાવ'** આવી બન્ને શકિતઓ આત્મામાં ત્રિકાળ વર્તે છે. હે જીવ ! તારો સ્વભાવ વિભાવના અભાવવાળો છે. તારું જ્ઞાન અજ્ઞાનના અભાવવાળું છે. તારી શ્રધ્ધા વિપરીતતાના અભાવવાળી છે, તારું ચારિત્ર કષાયના અભાવવાળું છે. તારો આનંદ આકુળતાના અભાવવાળો છે. આમ તારી બધી જ શકિતઓ વિભાવના અભાવવાંળી છે. આવા નિજ સ્વભાવનો સ્વિકાર કરતાં જ પર્યાયમાં પણ સ્વભાવના તદ્રુપ પરિણામ થઈ જાય છે. શુધ્ધ ચૈતન્ય સ્વભાવને પ્રતીતિમાં લઈને તેના આશ્રયે પરિણમન કર્યા વિના ધર્મનો બીજો કોઈ ઉપાય નથી.

વર્તમાન સાધક દશાનું વિદ્યમાન સ્વભાવવાળાપણું છે તેમાં અન્ય અવસ્થાઓનો અભવા જ છે એમ જાણી શુધ્ધ ચૈતન્યના લક્ષમાં દક્ષ-પ્રવીણ થા, કેમકે ચૈતન્યના લક્ષમાં દક્ષ થતાં આત્મા પોતાની નિર્મળ અવસ્થાપણે વિદ્યમાન વર્તે છે. આવો વીતરાગનો માર્ગ છે.

## ૩૫. ભાવ - અભાવશકિત

**અનંત ગુણની જે નિર્મળ પર્યાય વર્તમાન વિદ્યમાન છે તે ભાવનો-પરિણામનો બીજે સમયે વ્યય થાય એવી આત્માની ભાવ-અભાવ શકિત છે.** આ વર્તમાન પર્યાયનો અભાવ કરું એમ નથી તેમજ તેને પકડી રાખું એમ પણ નથી, કારણ કે વર્તમાનભાવનો બીજે સમયે અભાવ થાય જ એવો આત્માનો ભાવ-અભાવ સ્વભાવ છે.

સાધકને નિર્મળ વર્તમાન પર્યાયનો વ્યય થઈ નવી નવી અપૂર્વ નિર્મળદશા પ્રગટે છે, ત્યાં વર્તમાન પર્યાયનો વ્યય થાય જ, તે લંબાઈને

બીજા સમયે-ન રહે એવો આત્માનો આ ભાવ-અભાવ સ્વભાવ છે. આવો અદ્‌ભૂત દ્રવ્યનો સ્વભાવ છે.

વર્તમાનમાં જીવને સંસાર દશાનો સદ્‌ભાવ છે; પણ તે 'ભાવ' નો અભાવ કરી નાખે એવું સામર્થ્ય અંદર એના દ્રવ્યમાં પડયું છે. સાધક તેને પ્રતીતિમાં લઈ દ્રવ્યના આશ્રયે અપૂર્વ અપૂર્વ નિર્મળ દશાઓને પ્રાપ્ત થઈ સંસારનો અભાવ કરી ક્રમે મોક્ષદશાને પ્રાપ્ત થાય છે. આવો માર્ગ છે. સાધકની દૃષ્ટિમાં દ્રવ્યનું જ અવલંબન છે. નિજ દ્રવ્યની સન્મુખ થઈને તેની સેવના-ઉપાસના-લીનતા રમણતા કરીને તે પૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થઈ સિધ્ધદશાને પામે છે. આ પ્રમાણે ભાવ-અભાવ શકિતને સમજીને આચરવાની છે.

## ૩૬. અભાવભાવ શકિત

**વર્તમાન વિદ્યમાન અવસ્થાનો બીજે સમયે અભાવ થાય છે. તે ભાવ-અભાવ શકિત કહી. બીજે સમયે તે પર્યાય રહી નહિ. બીજે સમયે જે વર્તમાન પર્યાયમાં અભાવરૂપ છે, તે પર્યાયનો ઉદય થાય તે રૂપ આત્મામાં અભાવભાવ શકિત છે.**

**વર્તમાનમાં જે ઉદયરૂપ નથી. અભાવરૂપ છે તે પર્યાયનો બીજે સમયે ભાવ ઉત્પાદ થઈ જાય તે રૂપ અભાવભાવશકિત જીવમાં ત્રિકાળ રહેલી છે.** દા.ત. જેમ વર્તમાનમાં ક્ષયોપશમ સમકિત છે, તેમાં ક્ષાયિક સમકિતનો અભાવ છે. ભલે વર્તમાન ક્ષાયિકનો અભાવ હોય પણ ક્ષયોપશમ સમકિતનો અભાવ થઈને પછી જે અભાવરૂપ છે તે ક્ષાયિક સમકિતનો ભાવ ઉત્પાદ થઈ જશે. તે અભાવભાવ શકિત છે. આમ **વર્તમાન પર્યાયનો અભાવ તે ભાવનો અભાવ અને બીજે સમયે જે અભાવનો ભાવ થાય તે અભાવભાવ છે. આ રીતે ભાવ-અભાવ અને અભાવ-ભાવ એ આત્માની બન્ને શકિતઓ એક સાથે વર્તે છે.** આત્માનો આ એવો ગુણ છે કે વર્તમાન પર્યાયમાં જેનો અભાવ છે તેનો બીજે સમયે ઉદય થાય છે.

અત્યારે પર્યાયમાં જે અલ્પજ્ઞાન પ્રગટ છે, તેનો અભાવ થઈને વર્તમાન જે અભાવ છે તે વિશેષજ્ઞાનનો ભાવ થાય છે એવું આત્માની અભાવ-ભાવ શકિતનું સામર્થ્ય છે.

## ૩૭. ભાવભાવ શકિત

ભગવાન આત્મામાં એક ભાવભાવ શકિત છે તેનું સ્વરૂપ શું છે ? - **આત્મામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જ્ઞાન છે તે ભાવરૂપ છે. દ્રવ્યમાં ભાવ છે, ગુણમાં ભાવ છે ને તદ્રુપ પરિણમતા પર્યાયમાં પણ સમયે સમયે ભાવ છે. આનું નામ ભાવભાવશકિત છે.** દા.ત. જ્ઞાનની પર્યાય વર્તમાન છે, એવી ને એવી પર્યાય બીજે બીજે સમયે પણ રહેશે એટલે કે જ્ઞાનની એની એ પર્યાય ન રહે, પણ જ્ઞાનની જાતિ એવી ને એવી રહેશે. વર્તમાનમાં મતિ શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાય છે, તે ભાવ-ભાવશકિતના કારણથી એવી ને એવી ભાવભાવરૂપે નિર્મળ જ્ઞાનરૂપે રહેશે. દ્રવ્યગુણમાં તો નિર્મળતા છે, પર્યાયમાં પણ જ્ઞાનની દશા એવા ને એવા નિર્મળભાવે રહેશે. જેમ જ્ઞાનની તેમ સમકિતની, ચારિત્રની વર્તમાન નિર્મળ પર્યાય, નિર્મળ સમકિત અને ચારિત્રરૂપે રહેશે. આવી ભાવભાવ શકિત છે. તેનું ભાવભાસન થયા વિના ધર્મ થઈ જાય એમ કદી બનતું નથી.

જેમ કે :- જ્ઞાનની પર્યાય વર્તમાન ભાવરૂપ છે તે ભાવરૂપ જ્ઞાન....જ્ઞાનરૂપ રહેશે, તે અજ્ઞાનરૂપ નહિ થાય, ને તે અન્યરૂપ પણ નહિ થાય. જ્ઞાનની પર્યાય અજ્ઞાનરૂપ થઈ જાય અથવા અન્ય શ્રધ્ધાનાદિરૂપ થઈ જાય એમ ત્રણે કાળમાં બનતું નથી. આવી ભાવભાવશકિત છે. શુધ્ધ ચૈતન્યની દૃષ્ટિ થાય એટલે જે જ્ઞાનની જાત છે તે જ્ઞાન ભાવરૂપ રહેશે. સમકિત સદા નિર્મળ શ્રધ્ધારૂપ રહેશે ને ચારિત્રની સ્થિરતારૂપ જ રહેશે. તેને કોઈને કરવી પડતી નથી. એ તો દ્રવ્યનો એવો જ ભાવભાવ સ્વભાવ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન અને વીતરાગી ચારિત્રદશા થાય તે સાધકદશા છે. પહેલાં સ્વરૂપસ્થિરતાના ભાવ હતા તે વૃધ્ધિગત થઈ વિશેષ ચારિત્રદશા પ્રગટ થઈ તે મુનિદશા છે. ત્યાં જે જાત પ્રગટી તેમજ તે પૂર્ણ શુધ્ધ અવસ્થામાં પણ રહેશે.

પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમી તો પર્યાય દ્રવ્યમાં તન્મય થઈ ગઈ એટલે શું ? પર્યાય દ્રવ્ય રૂપ થઈ જાય, કે દ્રવ્ય પર્યાયરૂપ થઈ જાય એમ નહિ પણ પરસન્મુખતા હતી તે સ્વસન્મુખતા થઈ. પરમાં એકત્વ માન્યું હતું તે સ્વમાં એકત્વ માની પ્રગટ થઈ-આને તન્મય થઈ એમ કહેવાય છે. પર્યાય તો પર્યાયરૂપ રહીને દ્રવ્યનું જ્ઞાન શ્રધ્ધાન કરે છે. જે જ્ઞાન શ્રધ્ધાનરૂપ

ભાવ પ્રગટ્યા તે હવે કાયમ રહેશે, પલટીને અજ્ઞાન-અશ્રધ્ધાનરૂપ નહિ થાય. આવું દ્રવ્યનું ભાવભાવરૂપ સામર્થ્ય છે.

## ૩૮. અભાવ - અભાવશકિત

આત્મામાં અનંત શકિતઓ-ગુણો છે. અને તે બધી આત્મામાં એક સાથે વ્યાપેલી છે. તે તેનો સ્વભાવ છે. શુધ્ધ એક ચૈતન્યમાત્ર જ્ઞાયકસ્વરૂપી હું છું-એમ જેને અંતરમાં દૃષ્ટિ થાય તેને તે દૃષ્ટિમાં અનંત શકિતઓની પ્રતીતિ સમાઈ જાય છે. પ્રથમ કહ્યું છે કે :- આત્મામાં વર્તમાન નિર્મળ વિદ્યમાન અવસ્થા હોય છે તે રૂપ ભાવશકિત છે. ત્યારબાદ કહ્યું કે-આત્મામાં વર્તમાન વિદ્યમાના અવસ્થા છે તેમાં પૂર્વોતર અવસ્થાઓ અવિદ્યમાન છે, તથા રાગના પરિણમનરૂપ અવસ્થા અવિદ્યમાન છે એવી અભાવશકિત છે. વળી ત્રીજી ભાવ અભાવ શકિત છે તેના કારણે વર્તમાન જે નિર્મળ અવસ્થા વિદ્યમાન છે તેનો વ્યય થઈને ભાવનો અભાવ થાય છે. ચોથી અભાવભાવ શકિતને લીધે વર્તમાન વિદ્યમાન અવસ્થા છે, તેમાં પછીની નિર્મળ અવસ્થાનો અભાવ છે તો તેનો પછીના સમયે ભાવ ઉત્પાદ થઈ જશે. પાંચમામાં ભાવભાવ શકિત કહી. ભાવભાવશકિતને કારણે પ્રત્યેક ગુણની વર્તમાન પર્યાય જે નિર્મળ ભાવરૂપ છે તે નિર્મળભાવરૂપ જ રહેશે.

ધર્મના સાધકને વર્તમાનમાં વિકારના અભાવરૂપ જે પરિણમન થયું છે તે વિકારના અભાવરૂપ જ રહે છે એમ કહ્યું. વ્યવહાર રત્નત્રય રાગ વિકાર છે, તેના અભાવ સ્વભાવરૂપ સાધકનું વર્તમાન પરિણમન છે તે હવે પછી પણ અભાવરૂપ રહેશે. વર્તમાનમાં જેવું છે તેવું જ ભવિષ્યમાં રહેશે.

સિધ્ધની જેમ વસ્તુ-ચૈતન્ય ચિદાનંદ પ્રભુ પરથીને રાગથી ઉદાસ છે. એટલે કે વસ્તુ પરથી અભાવ સ્વભાવે છે. જેથી શ્રધ્ધાજ્ઞાનની દશામાં વિપરીતતાનો અભાવ છે. જ્ઞાનની પર્યાય જે નિર્મળ ભાવરૂપ છે તે નિર્મળભાવરૂપ સદાય જ રહેશે. જેને દ્રવ્યદૃષ્ટિ ખીલી છે તેને પછી પડવાની-ખસવાની વાત જ નથી એટલે કે સ્વભાવદૃષ્ટિવંત છે તેને વિપરીત પરિણમનનો તેની પર્યાયમાં અભાવ છે, ને નિર્મળ પરિણતિનો સદ્ભાવ છે. આ સ્યાત્ અસ્તિ!-નાસ્તિ કહેવાય.

ભાવભાવ શકિતના કારણે નિર્મળ પરિણતિનો ભાવ-ભાવ રહેશે અને અભાવ-અભાવ શકિતના કારણે તેની પર્યાયમાં વિપરીતતાનો

મલિનતાનો અભાવ રહેશે.

ઉપશમ તો થોડો કાળ છે, બાકી ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ હોય છે. ક્ષયોપશમ ને ક્ષાયિક તે પરિણતિ છે. અંતરમાં ઉતરે એટલે પારિણામિક ભાવરૂપે થઈ જાય છે. શકિતનો પિંડ એક અભેદ ચૈતન્યદ્રવ્ય ત્રિકાળ છે તેની દૃષ્ટિ કર, તેમ કરતાં સર્વ કાર્ય સિધ્ધ થઈ જાય છે, અભેદરૂપે પરિણમવું એ જ ધર્મ છે.

## ૩૯. ભાવ શકિત

**ભાવશકિત કહી છે ત્યાં વર્તમાન નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા હોવારૂપ શકિતની વાત હતી. અહીંયા જુદી વાત છે. ષટકારકો (કર્તા, ક્રિયા, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર અથવા અધિકરણ) અનુસાર જે ક્રિયા તેનાથી રહિત થવા માત્રમયી ભાવશકિત. સમ્યક્‌દૃષ્ટિ જીવને વિકારી કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત પરિણમન હોય છે. આ ભાવશકિત છે. આ ભાવશકિતનું કાર્ય છે. (જ્ઞાનભાવમય ભાવનું ભાવન)**

**પર્યાયદૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિને પર્યાયના ષટકારકથી વિકૃતદશા હોય છે અને સાધકને પણ હોય છે. પરંતુ જેની પર્યાયદૃષ્ટિ મટી શુધ્ધ દ્રવ્યની દૃષ્ટિ થઈ છે તેને વિકૃત અવસ્થાથી રહિત પરિણમન કરવા પણે ભાવશકિત પ્રગટ થઈ છે. આ ભાવ ગુણના કારણે વિકારભાવથી અભાવરૂપ પરિણમન થાય છે.**

**જેને પર્યાયદૃષ્ટિ છે. તેને તો ષટ્કારકના પરિણમન પામરતારૂપ વિકૃતદશા છે. પણ જેની દૃષ્ટિ દ્રવ્ય દૃષ્ટિ થઈ છે એવા સમ્યક્‌દૃષ્ટિને તેની પર્યાયમાં જો કે કિંચિત્ વિકૃતદશા છે તોપણ તે સમયે જે નિર્વિકલ્પ અવસ્થા દ્રવ્ય પ્રતિ ઝૂકી છે તે આ પ્રભુતામય ભાવશકિતનું કાર્ય છે.**

ત્રિકાળી એક જ્ઞાયકભાવ ભૂતાર્થ-સત્યાર્થ પ્રભુ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તે નિશ્ચય છે. પણ તેને વ્યવહાર છે કે નહિ ? રાગ થાય તેને જાણવો એવો વ્યવહાર નય છે. પણ રાગ ભાવ મારો છે, અથવા ભલો છે એમ જાણવું, માનવું એ વ્યવહારનય નથી. કારક જે રીતે પરિણમે તે અનુસાર સંસાર કે અસંસારરૂપ પરિણામ થાય છે.

સમ્યગ્દૃષ્ટિને આ ષટ્કારક વિકારરૂપ પરિણમવાનું છોડીને મોક્ષ પ્રત્યેના છ કારકનું પરિણમન શરૂ થાય છે. આ ભાવશકિત એટલે આત્માના

ગુણ સ્વભાવરૂપ પરિણમન થવું તે છે. કારકો અનુસાર જે ક્રિયા વિકૃતરૂપે ન થાય એવો આત્માનો સ્વભાવ છે તે ભાવશકિત છે.

સ્વઆશ્રયે આત્માની જે પવિત્ર, નિર્મળ, નિર્વિકાર પરિણતિ થઈ તેમાં જ્ઞાનની શ્રધ્ધા, આનંદની પરિણતિનું જ્ઞાન સમાઈ જાય છે ને પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનના કારણે પરનું જ્ઞાન પણ તેમાં આવી જાય છે. જ્ઞાનની નિર્મળ, નિર્વિકાર, પરિણતિ પ્રગટ થઈ તે પોતાના ગુણનું કાર્ય છે આ ભાવશકિત છે.

## ૪૦. ક્રિયાશકિત

ષટકારકો અનુસાર થવાપણારૂપ-પરિણમવારૂપ જે ભાવ તે-મયી ક્રિયાશકિત. **આગળની શકિતમાં વિકૃત અવસ્થારૂપ ક્રિયા તેનાથી રહિત પરિણમવું એ રૂપ ભાવશકિત હતી. અહીં નિર્મળ અભેદ કારકો અનુસાર અવિકૃત-નિર્મળ ક્રિયાથી સહિત પરિણમવાની વાત છે. કર્તા, કર્મ, કરણ સંપ્રદાન, અપાદાન, આધાર (અધિકરણ) નિર્મળ અભેદ કારકો અનુસાર થવારૂપ જે ભાવ-નિર્મળ પરિણતિ થવારૂપ જે ભાવ-તે મયી ક્રિયાશકિત છે. અંતરમાં ત્રિકાળ નિર્મળ ષટકારક અનુસાર નિર્મળ પરિણતિ થવી એવો ભગવાન આત્માનો ક્રિયાગુણ-ક્રિયાશકિત છે.** કહ્યું છે કે :-

"જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ':"- એટલે કે સ્વસંવેદન જ્ઞાન, આત્માનું સંવેદન તે જ્ઞાન અને રાગરહિત વીતરાગીભાવ તે ક્રિયા-આમ જ્ઞાન અને ક્રિયા મળીને મોક્ષ છે. નિર્મળ ષટકારકો અનુસાર નિર્મળ શુધ્ધ રત્નત્રયની પરિણતિ થવી તે મોક્ષનું કારણ છે. આ નિર્મળ પરિણતિરૂપે પરિણમવારૂપ ક્રિયાશકિત છે.

પર્યાયમાં પર્યાયના અશુધ્ધ ષટકારકો અનુસાર વિકાર થાય છે, તેમાં પરની અપેક્ષા નથી, ને દ્રવ્ય, ગુણ પણ કારણ નથી. એક સમયની રાગની પર્યાયમાં તે પર્યાય કર્તા, તે પર્યાય કર્મ, તે પર્યાય કરણ. તે પર્યાય સંપ્રદાન, તે પર્યાય અપાદાન, ને તે પર્યાય અધિકરણ એમ એક જ પર્યાયમાં તેના ષટકારકના પરિણમનથી વિકૃત અવસ્થા ઉત્પન્ન થાય છે. જ્યારે દ્રવ્ય-ગુણના નિર્મળ કારકોની વાત છે તે અનુસાર આત્મા સ્વયં છ કારકરૂપ થઈને નિર્મળભાવપણે પરિણમે એવી એની ક્રિયાશકિત છે અને સ્વયમેવ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાનાદિરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે.

આત્માને પોતાના નિર્મળ ભાવરૂપે પરિણમવા કોઈ પર-કારકોની અપેક્ષા નથી તેમજ આત્મા કારક થઈને જડની ક્રિયા કરે કે વિકારને કરે એવો પણ એનો સ્વભાવ નથી. પોતાના જ નિર્મળ કારકોને અનુસરીને પોતાના વીતરાગભાવરૂપે પરિણમવાની ક્રિયા કરે એવો આત્માનો સ્વભાવ છે. આ ક્રિયાશકિત છે.

## ૪૧. કર્મશકિત :- (ષટ્કારક-૧)

પ્રાપ્ત કરાતો એવો જે સિધ્ધરૂપ ભાવ તે-મયી કર્મશકિત છે. સિધ્ધરૂપ ભાવ એટલે શું ? **આત્માના નિર્મળ ભાવ પર્યાય પ્રગટ થવારૂપ જે શકિત છે તે તેની કર્મશકિત છે. અહીં સિધ્ધ પર્યાયની વાત નથી પણ** નિર્મળ પર્યાયરૂપ જે ભાવ પ્રગટ થાય તેને અહીં સિધ્ધરૂપ ભાવ કહેલ છે. સ્વદ્રવ્યના આશ્રયે પ્રાપ્ત કરાતો જે ભાવ તે સિધ્ધરૂપભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્ચારિત્રની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એમ ક્રમવર્તી પ્રગટેલી નિશ્ચિતા નિર્મળ પર્યાય તે સિધ્ધરૂપ ભાવ છે.

**કર્મ નામની જીવમાં એક શકિત છે જેથી દ્રવ્યના આશ્રયે સહજ જ નિર્મળ પર્યાયની પ્રાપ્ત થાય છે. 'કર્મ' શબ્દ ચાર અર્થમાં વપરાય છે.**

**(૧) જ્ઞાનાવરણાદિ જડ દ્રવ્યકર્મને કર્મ કહે છે.-જે આત્માનો મૂળ સ્વભાવ નથી. (૨) રાગ, દ્વેષ, મોહ, આદિ વિકારી ભાવકર્મને પણ કર્મ કહે છે.-જે આત્માના મૂળ સ્વભાવરૂપ નથી. ઉછીનો લીધેલો પારિણામિક ભાવ છે. (૩) સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણતિને કર્મ કહે છે.-તે આત્માનું વાસ્તવિક કર્મ છે. (૪) અહીં જેનું વર્ણન છે તે જીવની કર્મશકિતને કર્મ કહે છે.-પ્રાપ્ત કરાતો એવો જે સિધ્ધરૂપ ભાવ-તે મય કર્મશકિત.**

**આત્માના આવા સ્વભાવને જાણીને અંતર્મુખ પ્રતીતિ કરે છે તેને દ્રવ્યકર્મ, ભાવકર્મ બંધનો સંબંધ છૂટી જાય છે.**

આત્માની એકેક શકિત છે તે પારિણામિકભાવે છે. અને તેનું કાર્ય છે તે ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયકિભાવે છે, ઉદયભાવ તે શકિતનું કાર્ય નથી.

સમયસાર એટલે શું ? દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરહિત શુધ્ધ ચૈતન્યઘન આત્મા. તે ભગવાન સમયસાર છે. આ સમયસાર સ્થિતિ અંતર્દષ્ટિ કરવાથી શુધ્ધ કર્મની પ્રાપ્તિ રૂપ કાર્ય-સમયસાર પ્રગટ થાય છે.

અનંતગુણના ભંડાર આત્મામાં એક કર્મ નામનો ગુણ છે. આ ગુણના કારણે દ્રવ્ય દષ્ટિવંતને પોતાનું સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ કર્મ પ્રાપ્ત થાય છે.

**આમ કર્મશકિત સ્વઆશ્રયે પરિણમતાં નિર્મળ પર્યાય રૂપ કર્મ જે નીપજે તે પ્રાપ્ત કરાતો સિધ્ધરૂપ ભાવ છે.** તે ભાવના કારણરૂપ કર્મશકિત છે એમ જાણી દ્રવ્યદષ્ટિ કરતાં પર્યાયમાં નિર્મળતારૂપ સુધારો થાય છે આ મોક્ષમાર્ગ છે. તે સિવાય ઉન્માર્ગ છે.

## ૪૨. કર્તૃશકિત (કર્તાપણું) (ષટકારક-૨)

આત્મામાં કર્તાપણાનો ગુણ છે. વર્તમાન સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળભાવ પ્રગટ થાય તે થવાપણારૂપ અને સિધ્ધરૂપ ભાવ છે. તે ભાવનો કર્તા આત્મા છે. પોતાના કર્તાપણાની શકિતથી આત્મા પોતે જ સ્વાધીનપણે પોતાના સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવને કરે છે. સાધકની સમ્યગદર્શનથી માંડી સિધ્ધપદ પર્યંતની નિર્મળ પર્યાય જે ક્રમે પ્રાપ્ત થવા યોગ્ય થાય છે તેને અહીં સિધ્ધરૂપ ભાવ કહ્યો છે. **સાધક આત્માનાં જ્ઞાન-શ્રધ્ધાન-આચરણરૂપ કર્મ પ્રગટ થયું તેનો કર્તા આત્મા જ છે અને કર્તાપણાને ગ્રહણ કરીને નિર્મળ જ્ઞાન-શ્રધ્ધાન-આચરણરૂપ નિજ કર્મને પ્રગટ કરે છે. આત્માની આ કર્તૃ-શકિત છે. આત્માની આ કર્તૃશકિતને કારણે આત્મા પોતે સર્વ ગુણના કર્તાપણે થઈને પોતાની નિર્મળ શુધ્ધ પર્યાયને પ્રગટ કરે છે.**

આત્મામાં આનંદ શકિત છે. જેમ જ્ઞાન આત્માનો સ્વભાવ છે. તેમ આનંદ આત્માનો સ્વભાવ છે. વર્તમાનમાં જે અતીન્દ્રિય આનંદની અનુભૂતિરૂપ કાર્ય પ્રગટ થાય તેનો કર્તા આનંદગુણ છે. તે જ કર્તૃશકિત છે.

**આ કર્તૃશકિત દ્વારા અમૃતસ્વરૂપ અનંત શકિતવાન નિજ આત્મ દ્રવ્યને જાણી તેની દષ્ટિ-જ્ઞાન રમણતાં કરવાં તે કરવા યોગ્ય કાર્ય છે અને તે પરમહિત છે.**

## ૪૩. કરણ શકિત (ષટકારક-૩)

**આત્માની કરણ શકિત એટલે આત્માની સાધન શકિત. આ શકિત દ્વારા આત્મા પોતે જ પોતાના નિર્મળ ભાવ-વર્તમાન સમ્યગ્દર્શન આદિ નિર્મળભાવ ઉત્પન્ન થાય છે. તે કાર્ય છે. તે કાર્ય થવાનું ઉત્કૃષ્ટા સાધન આત્મા પોતે જ છે નિયમરૂપ અબાધિત સાધન આ આત્મા પોતે જ છે.**

અનંતગુણ મહિમાવાન શુધ્ધ દ્રવ્ય જ સિધ્ધરૂપ ભાવોને સિધ્ધ કરવાનું સાધન છે કેમકે તે ભાવોમાં આત્મા તન્મય છે. સર્વજ્ઞ આત્માને કેવો જુએ છે. કહે છે કે :-

**પ્રભુ તુમ જાણંગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ;**

**નિજ સત્તાએ શુધ્ધ, સહુને લેખતા હો લાલ.**

→ સર્વ જગતને દેખી રહેલા પ્રભુ ! આપ સંપૂર્ણ જ્ઞાયક છો, આત્માનું નિજ સત્તાથી જ હોવાપણું શુધ્ધ, પવિત્ર છે એમ આપે જ્ઞાનમાં જોયું છે, આપ પરભાવને પણ જાણી, દેખી રહ્યા છો તે વખતે પણ નિજનું હોવાપણું તો આપ શુધ્ધપણે દેખો છો.

ભગવતી પ્રજ્ઞા જ સ્વાભિમુખા ઢળેલી જ્ઞાનની દશા જ છેદનાત્મક કારણ છે. પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધ જુદા કરાય છે.

**જે ચૈતન્યભાવમાં લીન થઈને શોધ કરે છે તેને પોતાના આત્મામાં જ પોતાનું સાધન (કરણ) જણાય છે. પોતે જ સાધનરૂપ થઈને સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવોને પ્રાપ્ત કરે છે.**

**કરણ :- જેને સંસારના પરિભ્રમણનો થાક લાગ્યો હોય એવો કોઈ જીવ પાત્ર થઈને સ્વદ્રવ્ય સન્મુખ થઈ સ્વભાવના ગ્રહણ વડેં સમકિત પ્રગટ કરી લે છે. આત્માનો આશ્રય લેવો એ જ ઔષધ છે.** પ.કૃ. દેવ કહે છે :-

**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણઃ**

**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

## ૪૪. સંપ્રદાન શકિત (ષટકારક-૪)

**પોતામાં ઉત્પન્ન થયેલો ભાવ પોતે પોતાને દીધો, ને પોતે જ પોતા માટે તે લીધો-આમ આત્માની સંપ્રદાન શકિત છે.**

સમ્યગ્દર્શનનો વિષય અનંતગુણનો ભંડાર આત્મા છે. જેવો તેમ વિષય દૃષ્ટિમાં આવ્યો, પોતે જ પૂર્ણાનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ કે તેના સમ્યક્ શ્રધ્ધાનરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ સમ્યગ્દર્શનની પર્યાય તે પોતાથી દેવામાં આવતો ભાવ છે. એટલે કે પોતે જ પોતાને સમ્યગ્દર્શનનો દાતા છે, ને પોતે જ પાત્રરૂપે તેનો લેનારો છે.

ગુરુથી જ્ઞાન થતું નથી, ગુરુ જ્ઞાનના દાતા નથી-એ તો સત્ય જ

છે. પણ શ્રીગુરુ વસ્તુના સ્વભાવને ઉપદેશરૂપે પ્રસન્નતાથી શિષ્યને બતાવે છે. તેનો પાત્રતાવાળો શિષ્ય ઝીલીને ઉત્કટ અંર્તપુરૂષાર્થ કરી અંતર્નિમગ્ન થઈ સાધકભાવના અંકુરારૂપ એવા સમકિતને ને આનંદને પ્રગટ કરી લે છે. પણ શુભભાવમાં શિષ્યને શ્રી ગુરુ પ્રતિ બહુમાન અને વિનય ભકિત હૃદયમાં પ્રગટે છે. અને તે રીતે વર્તે છે. અંતરમાં લોકોત્તર આનંદની દશા થઈ તેને બહારમાં દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રતિ વિનયભકિતયુકત પ્રવર્તન હોય જ છે.

જેઓ આ વાતને સમજે નહિ તે 'ગુરુથી જ્ઞાન થતું નથી, ગુરુ જ્ઞાનના દાતા નથી'-એમ વિચારી શ્રી ગુરુ પ્રતિ ઉપેક્ષા સેવે છે તે નિશ્ચયાભાસી સ્વચ્છંદી છે. આનંદને ઝીલવાની તેની પાત્રતા જાગી નથી. નિશ્ચયવ્યવહારના સંધિપૂર્વકનો અદ્‌ભૂત લોકોત્તર માર્ગ છે. જેને ગુણની-ધર્મની પ્રીતિ છે તેને ગુણવાન સાધક પ્રતિ આદર, પ્રમોદ ને પ્રીતિનો ભાવ થયા વિના રહેતો નથી. અંતર્બાહ્ય વિવેકનો આવો માર્ગ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્‌જી કહે છે કે "સમ્યગ્‌દષ્ટિ ધર્મનું પાત્ર છે. એટલે કે ઉત્તમ વસ્તુનું દાન ઝીલવાનું પાત્ર પણ ઉત્તમ હોય છે. જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે, તેમ ઉત્તમ એવા રત્નત્રયને ઝીલવાનું પાત્ર પણ ઉત્તમ એવો સમ્યગ્‌દષ્ટિ જીવ જ હોય છે. આત્મામાં જ એવી ઉત્તમ પાત્રશકિત છે કે પોતે પરિણમીને પોતાના અતીન્દ્રિય આનંદને પોતામાં ઝીલે છે. ગુણની અવસ્થાન યોગ્યતા તે પાત્ર અને ગુણની તે અવસ્થા જ દાતા છે જેણે દ્રવ્ય સ્વભાવનો આશ્રય લીધો, તેને સમ્યગ્‌દર્શનની પર્યાય પ્રગટ થઈ, તે પર્યાય પોતાથી જ દેવામાં આવે છે, તેથી દાતા છે અને તેને લેવાને યોગ્ય પાત્રતા પણ એ જ પર્યાયમાં હોવાથી તે સુપાત્ર છે. આ જ સંપ્રદાન શકિત છે.

## ૪૫. અપાદાન શકિત (ષટકારક-૫)

**ઉત્પાદ-વ્યયરૂપ ભાવો એટલે પર્યાયો ક્ષણિક છે, તેનો સમયે સમયે ઉત્પાદા-વ્યય થઈ રહ્યો છે. છતાં આત્મા ચૈતન્ય-ધ્રુવપણે રહે છે, નાશ પામતો નથી. ધ્રુવ આત્મસ્વભાવ તો એવો ને એવો ત્રિકાળ ટકી રહે છે. આ ધ્રુવ ભાવમાંથી જ નવું નવું કાર્ય ઉપજે છે. આમ ધ્રુવપણે રહીને નવું નવું કાર્ય કરવાની આત્માની અપાદાન શકિત છે.** આ શકિતને જાણીને જે કોઈ એક ધ્રુવ સ્વભાવને અવલંબે છે તેને સમયે સમયે નિર્મળ નિર્મળ કાર્ય

થાય છે.

"સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ" એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે. અર્થાત્ જીવમાં જેટલા ગુણ સંખ્યા પ્રમાણે છે તે બધા અનંત ગુણની નિર્મળ પર્યાયનો સમ્યગ્દર્શનમાં એક એક અંશ વ્યકત થાય છે. ઉત્પાદ વ્યયથી સ્પર્શિત જે ભાવ છે તેનો નાશ થાય છે, પણ દ્રવ્યનો ધ્રુવગુણ નાશ પામતો નથી અને તે જ અપાદાન સ્વભાવ (શકિત) છે, ગુણ છે. અપાદાન શકિતના બે ભેદ છે. જે જ્ઞાન ગુણ ધ્રુવ ત્રિકાળ છે તે ધ્રુવ ઉપાદાન છે. તેમાં અપાદાન શકિતના કારણે તે ધ્રુવ ઉપાદાન કાયમ રહીને તેની વર્તમાન પ્રગટ ઉત્પાદ-વ્યયથી સ્પર્શિત પર્યાય થાય છે તે ક્ષણિક ઉપાદાન છે.

વર્તમાન પર્યાયનો અપાય અર્થાત્ નાશ થવા છતાં હાનિને પ્રાપ્ત થતો નથી એવો જે ધ્રુવ ભાવ છે તે અપાદાન શકિત જીવમાં છે. પર્યાયની હાનિ થઈને તે અંદર ગઈ, પણ ધ્રુવ ઉપાદાન પડયું છે, માટે બીજે સમયે બીજી નવી પર્યાય ઉત્પન્ન થશે જ. આમ બીજી નવી નિર્મળી પર્યાય ઉત્પન્ન થાય એવો આત્માનો અપાદાન સ્વભાવ છે, ને ભાવ સ્વભાવ છે. ભાવ શકિતના કારણે બીજી નિર્મળ પર્યાય બીજે સમયે વિદ્યમાન હોય જ છે. આ નિશ્ચય એટલે પરમાર્થ સત્ય. આત્માનો આ અપાદાન ગુણ છે એટલે કે અપાદાન શકિત છે.

## ૪૬. અધિકરણ શકિત (ષટકારક-૬)

ભાવવામાં આવતા ભાવના આ ધારણામયી અધિકરણ શકિત છે. આત્મપદાર્થ દ્રવ્યથી એક છે અને તેના ગુણો અનેક-અનંત છે. આ અનંત ગુણનું અધિકરણ કોણ ? અધિકરણ એ પોતાનો આત્મા છે. અર્થાત્ તેનું અધિકરણ થાય એવો આત્માનો અધિકરણ (આધાર) ગુણ સ્વભાવ છે.

પોતાનો આત્મા શુધ્ધ ચૈતન્ય ઘન અનંત ગુણના સત્વરૂપ ધ્રુવ છે, તેના ગુણ પર્યાયના આધારે દ્રવ્ય સિધ્ધ થાય છે. અક્રમવર્તી ગુણને ક્રમવર્તી નિર્મળ પર્યાયોનો પિંડ તો આત્મા. વળી દ્રવ્યના આધારે ગુણ પર્યાય સિધ્ધ થાય છે. **દ્રવ્યમાં અધિકરણ (આધાર) શકિત પડી છે તો દ્રવ્યના આધારે ગુણ પર્યાય સિધ્ધ થાય છે. કેમકે ગુણ-પર્યાયોનો આધાર-અધિકરણન મૂળ દ્રવ્ય છે.**

વ્યવહારનું લક્ષ છોડીને દ્રવ્યને જ્યારે લક્ષ બનાવવામાં આવે ત્યારે

સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. તે નિર્મળ પર્યાયનું અધિકરણ આત્મા જ છે. કેમકે આત્મામાં જ તેનો અધિકરણનો ગુણ-સ્વભાવ છે.

આત્મા રાગમાં સ્થિત હતો, તે નિજ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સ્થિત થયો તે જીવ છે. તે સ્થિતિ થવાની શકિત-અધિકરણ ગુણ વડે આત્માની જ છે. સાધકે એમ સમજી લેવાનું છે કે પોતાનો આત્મા જ પોતાનો આધાર છે. જે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ ગયો તેમ સ્વસમય નિવાસ છે.

ચૈતન્યના પોતાના ભાવોને નિજ ચૈતન્યનો એકનો જ આધાર છે. એવી જ આત્માની અધિકરણ શકિત છે. જીવ પોતાની સ્વભાવદષ્ટિ વડે નિરંતર નિરાકુળ અતીન્દ્રિય સુખનો ભોગવનારો થાય છે.

એકેક પર્યાયમાં ષટકારક છે. અધિકરણ શકિત પ્રગટ થઈ તે આ ષટકારકથી જ પ્રગટ થાય છે. અધિકરણ ગુણ-શકિત જેનો છે એવા આત્માને ઉપાદેય કરતાં ગુણનું પરિણમન થાય છે, એમ અનંતાગુણનું પરિણમન થાય છે. માટે **હે જીવ ! રાગ-દ્વેષને હેય જાણી તું નિજ સ્વભાવને ઉપાદેય કર. તેથી વીતરાગતા અને સુખ પ્રગટ થશે. કેમકે આત્મસ્વભાવ જ તેનું અધિકરણ (આધાર) છે.**

## ૪૭. સંબંધ શકિત

સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધ શકિત-પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી એવા સંબંધમયી-સંબંધ શકિત છે.

દ્રવ્ય-ગુણ અને તેની નિર્મળ પરિણતિ (પર્યાય) તે સ્વભાવમાત્ર સ્વ છે. અને તેની સ્વામિત્વમયી સંબંધ શકિત છે. આ સંબંધ શકિત પરથી સંબંધ હોવાનું નિષેધીને સ્વમાં એકતા સ્થાપિત કરે છે.

ધર્મનું આરાધન કરનાર જીવ માત્ર પોતાના સ્વ-સ્વભાવમાં જ સ્વામીત્વ જાણે છે. શરીર, કર્મ કે રાગાદિ સાથે સ્વ-સ્વામીત્વ સ્વીકારતા નથી. સાધકને કદાચ વર્તમાન દશામાં કિંચિત રાગ છે, પણ તેના અભિપ્રાયમાં 'રાગ તે હું' એવી રાગની પકડ નથી; એક જ્ઞાયકભાવ જ હું'- એવી સ્વભાવની પકડ છે.

ધર્મ જેમાં પરિણમ્યો છે તેને દ્રવ્ય-પર્યાયની એકતારૂપ પરિણમન થયું છે. પોતે પોતાના સ્વભાવ સાથે જ સંબંધ રાખીને તેનાથી જ એકતારૂપે પરિણમે, તેમાં જ લીનતા કરી પરિણમે એવો આત્માનો સ્વભાવ છે અને

તે જ એની શોભા છે, સુંદરતા છે. આમ **પોતાના જ્ઞાયકભાવમાં એકત્વા પામતાં અંદર નિર્મળ રત્નત્રય પાકશે. તે જ આત્માનો સ્વભાવ છે ને તેનો તું સ્વામી છે. આ જ સંબંધશકિત છે.**

◆

**અનેક શકિતઓથી યુકત આત્મા છે. તો પણ તે જ્ઞાન માત્રપણાને છોડતો નથી.**

**ઈત્યાદ્યનેક નિજશકિત સુનિર્ભરોઽપિ;**
**યો જ્ઞાનમાત્રમયતાં ન જહાતિ ભાવઃ ।**
**એવં ક્રમાક્રમ વિવર્તિ વિવર્ત ચિત્રં,**
**તદ્ દ્રવ્યપર્યમયં ચિદહાસ્તિ વસ્તુ ॥૨૬૪॥**

**શબ્દાર્થ** :- ઈત્યાદિ અનેક નિજશકિતઓથી સારી રીતે ભરેલો હોવા છતાં જે ભાવ જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી. એવું તે પૂર્વોકત પ્રકારે ક્રમ અને અક્રમરૂપે વર્તતા પરિણમનથી અનેક પ્રકારનું દ્રવ્યપર્યાયમય ચૈતન્યાત્મા આ લોકમાં વસ્તુ છે.

**ભાવાર્થ** :- કોઈ એમ સમજે કે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તેથી તે એકસ્વરૂપ જ હશે. પરંતુ એમ નથી. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય પર્યાયમય છે. તે ચૈતન્ય અર્થાત્ આત્મા અનંત શકિતઓથી ભરપૂર છે અને ક્રમરૂપ તથા અક્રમરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમૂહરૂપ અનેકાકાર થાય છે તોપણ જ્ઞાનને-કે-જે અસાધારણભાવ છે-તેને છોડતો નથી. તેની સર્વ અવસ્થાઓ-પરિણામો-પર્યાયો જ્ઞાનમય જ છે. (૨૬૪)

**નૈકાન્તસંગતદશા સ્વયમેવ વસ્તુ,**
**તત્ત્વવ્યવસ્થિતિરિત્તિ પ્રવિલોકયન્તઃ ।**
**સ્યાદ્વાદશુધ્ધિમધિકામધિગમ્ય સન્તો;**
**જ્ઞાનીભવન્તિ જિનનીતિમલંઘયન્તઃ ॥૨૬૫॥**

**શ્લોકકાર્ય** : આવી અનેકાંતાત્મક વસ્તુ તત્વની વ્યવસ્થિતિને અનેકાંત સંગત (એટલે કે અનેકાંત સાથે સુસંગત અનેકાંત સાથે મેળવાળી) દ્રષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા સ્યાદ્વાદની અત્યંત શુધ્ધિ જાણીને જિનેશ્વરદેવના માર્ગને નહિ ઉલ્લંઘતા થકા સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.

**ભાવાર્થ** : જે સત્પુરૂષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વટે અનેકાંતમય વસ્તુ

સ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્‌વાદની શુધ્ધિ પામીને-જાણીને જિનેશ્વરના માર્ગને ન ઉલ્લંઘતા થકા જ્ઞાનસ્વરૂપ થાય છે. (૨૬૫)

આ આત્મા અનાદિકાળથી મિથ્યાદર્શન જ્ઞાન ચારિત્રને લીધે સંસારમાં ભમે છે. તે સુનિશ્ચિતપણે ગ્રહણ કરેલાં વ્યવહાર સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રની વૃધ્ધિની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપનો અનુભવ જ્યારથી કરે ત્યારથી જ્ઞાન સાધકરૂપે પરિણમે છે, કારણ કે જ્ઞાનમાં નિશ્ચય સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રરૂપ ભેદો અંતર્ભૂત છે. નિશ્ચય સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રની શરૂઆતથી માંડીને 'સ્વરૂપની-અનુભવની વૃધ્ધિ કરતાં કરતાં જ્યાં સુધી સમસ્ત કર્મનો નાશ થાય અર્થાત્ સાક્ષાત્ મોક્ષ થાય ત્યારે જ્ઞાન સિધ્ધરૂપે પરિણમે છે, કારણ કે તેનો અસ્ખલિત નિર્મળ સ્વભાવભાવ પ્રગટ દેદીપ્યમાન થયો છે આ રીતે સાધકરૂપે અને સિધ્ધરૂપે-બન્નેરૂપે પરિણમતું એક જ જ્ઞાન આત્મવસ્તુને ઉપાય-ઉપેયપણું સાધે છે.

**યે જ્ઞાનમાત્રનિજભાવમયીમકમ્પાં**
**ભૂમિં શ્રયન્તિ કથમપ્યપનીતમોહાઃ ।**
**તે સાધકત્વમધિગમ્ય ભવન્તિ સિધ્ધા;**
**મૂઢાસ્ત્વમૂમનુપલભ્ય પરિભ્રમન્તિ ॥૨૬૬॥**

**શ્લોકાર્થ :-** જે પુરૂષો કોઈપણ પ્રકારે જેમનો મોહ દૂર થયો છે એવા થયા થકા, જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ ભૂમિકાનો આશ્રય કરે છે તેઓ સાધકપણાને પામીને સિધ્ધ થાય છે, પરંતુ જેઓ મૂઢ-મોહી-અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે, તેઓ આ ભૂમિકાને નહિ પામીને સંસારમાં પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ :-** જે ભવ્યપુરૂષો ગુરૂના ઉપદેશથી અથવા સ્વયમેવ કાળલબ્ધિને પામીને મિથ્યાત્વથી રહિત થઈને, જ્ઞાનમાત્ર એવા પોતાના સ્વરૂપને પામે છે. તેનો આશ્રય કરે છે, તેઓ સાધક થયા થકા સિધ્ધ થાય છે, પરંતુ જેઓ જ્ઞાનમાત્ર એવા પોતાને પામતા નથી તેઓ સંસારમાં રખડે છે.

કોઈ શિષ્યને ગુરુએ કહ્યું-મારી સામું જોઈશ નહિ, અંદર તારામાં જો જ્યાં ચિદાનંદ પ્રભુ વિલસી રહ્યો છે, ત્યાં જ જો અને ત્યાં જ રમણતા કરી લે; ત્યાં જ ઠરી જા. તેણે એમ કર્યું તો સમકિત સહિત તેને સાધકપણું થયું તથા કોઈ સ્વયં અંદર જાગૃત થઈ અંતઃપુરૂષાર્થ કરી સાધક થયો. આમ સમકિત યુકત સાધકપણાને પામીને જીવો સિધ્ધદશાને પામે છે. આ જ માર્ગ

છે. જેઓ પોતાના સ્વભાવને પ્રગટ કરે છે તેઓ સાધક થયા થકા સિધ્ધ થાય છે. પરંતુ જેઓ શુભાશુભ ક્રિયામાં જ લીન થઈ રોકાયા છે તેઓ આત્મવસ્તુને પામતા નથી, સંસારમાં રખડયા કરે છે. (૨૬૬)

**સ્યાદ્વાદકૌશલસુનિશ્ચલ સંયમાભ્યાં;**
**યો ભાવયત્યહરહઃ સ્વમિહોપયુક્તઃ ।**
**જ્ઞાનક્રિયાનય પરસ્પરતીવ્રમૈત્રી -**
**પાત્રીકૃતઃ શ્રયતિ ભૂમિમિમાં સ એકઃ ॥૨૬૭॥**

**શ્લોકાર્થ :** જે પુરુષ સ્યાદ્‌વાદમાં પ્રવીણતા તથા સુનિશ્ચળ સંયમ-એ બન્ને વડે પોતામાં ઉપયુક્ત રહેતો થકો પ્રતિદિન પોતાને ભાવે છે તે જ એક જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો આ ભૂમિકાનો આશ્રય કરે છે.

**ભાવાર્થ :** જે જ્ઞાનનયને ગ્રહી ક્રિયાનયને છોડે છે, તે પ્રમાદી અને સ્વચ્છંદી પુરૂષને આ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે ક્રિયાનયને જ ગ્રહીને જ્ઞાનનયને જાણતો નથી તે (વ્રત-સમિતિ-ગુપ્તિરૂપ) શુભકર્મથી સંતુષ્ટ પુરૂષને પણ આ નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી. જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે-અનુભવે છે તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે, એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર એકતા સાધી છે તે જ પુરૂષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.

પંચાસ્તિકાયમાં પણ જ્ઞાન અને ક્રિયાનયના ગ્રહણ ત્યાગના સ્વરૂપ અને ફળ આ પ્રમાણે જ કહ્યા છે.

ભગવાન આત્મ જ્ઞાનસ્વરૂપ છે; તેમાં અકોગ્ર થઈને સ્થિત રહેવું તે જ્ઞાનચેતના છે, ને રાગમાં સ્થિત રહેવું તે કર્મચેતના છે. બાહ્ય વ્રતાદિમાં સ્થિત રહેવું તે કર્મચેતના છે; ને તેના ફળમાં સ્થિત રહેવું તે કર્મફળચેતના છે. સંપૂર્ણજ્ઞાનીને જ્ઞાનચેતના છે ને અજ્ઞાનીને કર્મચેતના અને કર્મફળચેતના હોય છે. (જ્ઞાન ચેતના સિધ્ધના જીવોને હોય છે. બાકીની બે ચેતના સંસારી જીવને હોય છે.)

જેણે જ્ઞાન અને ક્રિયાનયની અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ સ્થિરતાની ગાઢ મૈત્રી સાધી છે તે જ પુરૂષ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનારો છે; તે જ સાધક થઈને સિધ્ધ થાય છે. સ્વ

આશ્રયે જે જ્ઞાન અને વીતરાગી શાંતિ પ્રગટી છે તેને જ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી કહી છે. (૨૬૭)

**ચિત્ પિંડ ચંડિમવિલાસિ વિકાસહાસ :**
**શુધ્ધ પ્રકાશ ભર નિર્ભર સુપ્રભાતઃ ।**
**આનંદસુસ્થિતસદાસ્ખલિતૈકરૂપ -**
**સ્તસ્યૈવ ચાયમુદયત્યચલાર્ચિરાત્મા ।।૨૬૮।।**

**શ્લોકાર્થ :** (આગળ કહ્યા પ્રમાણે આ ભૂમિકાનો આશ્રય કરે છે.) તેને જ ચૈતન્યપિંડનો નિર્ગળ વિલસતો જે વિકાસ તે રૂપ-જેનું ખીલવું છે, શુધ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે, આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એકરૂપ છે. અચળ જેની જ્યોત છે એવો આ આત્મા ઉદય પામે છે.

**ભાવાર્થ :** અહીં 'ચિત્પિંડ' ઈત્યાદિ વિશેષણથી અનંત દર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે. 'શુધ્ધપ્રકાશ' ઈત્યાદિ વિશેષણથી અનંત જ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે. 'આનંદ સુસ્થિત' ઈત્યાદિ વિશેષણથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે અને 'અચલાર્ચિ' વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે. પૂર્વોક્ત ભૂમિકાનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે. (૨૬૮) એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો એમ કહે છે.

**સ્યાદ્વાદદીપિતલસન્મહસિ પ્રકાશે;**
**શુધ્ધસ્વભાવમહિમન્યુદિતે મયીતિ ।**
**કિં બંધમોક્ષપથપાતિભિરન્યભાવૈ -**
**ર્નિત્યોદયઃ પરમયં સ્ફુરતુ સ્વભાવઃ ।।૨૬૯)**

**શ્લોકાર્થ :** સ્યાદવાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું-ઝગઝગાટ કરતું જેનું તેજ છે અને જેમાં શુધ્ધ સ્વભાવરૂપ મહિમા છે એવો આ પ્રકાશ જ્ઞાનપ્રકાશ-જ્યાં મારામાં ઉદય પામ્યો છે ત્યાં બંધ-મોક્ષના માર્ગમાં પડનારા અન્યભાવોથી મારે શું પ્રયોજન છે ? નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો.

**ભાવાર્થ :** સ્યાદ્વાદથી યથાર્થ આત્મજ્ઞાન થયા પછી એનું ફળ પૂર્ણ આત્માનું પ્રગટ થવું તે છે. માટે મોક્ષનો ઈચ્છક પુરૂષ એ જ પ્રાર્થના કરે છે કે-મારો

પૂર્ણ સ્વભાવ આત્મા મને પ્રગટ થાઓ. બંધ-મોક્ષમાર્ગમાં પડતા અન્યભાવોનું મારે શું કામ છે ?

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ હું આત્મા છું એમ નિશ્ચય કરી નિજ સ્વરૂપમાં એકાગ્ર થાય તેને આત્મજ્ઞાનનું તેજ પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન થયા પછી તેને સ્વરૂપમાં રમણતાની જ ભાવના હોય છે. તે સ્વરૂપમાં રમણતાના પુરૂષાર્થ વડે તેનાં ફળરૂપ પૂર્ણ આત્માની પ્રાપ્તિ કરી લે છે; આ રીતે તેને પૂર્ણજ્ઞાનીને આનંદની પ્રગટતા થાય છે. આમ પૂર્ણ સ્વભાવની પ્રગટતા તે આત્મજ્ઞાનનું ફળ છે. આત્મજ્ઞાનનું ફળ મોક્ષ છે. (૨૬૯)

**ચિત્રાત્મશકિત સમુદાયમયોઽયમાત્મા;**
**સદ્યઃ પ્રણશ્યતિ નયે ક્ષણં ખંડ્યમાનઃ ।**
**તસ્માદખંડમનિરાકૃતખંડમેક -**
**મેકાન્તશાંતમચલં ચિદહં મહોઽસ્મિ ॥૨૭૦॥**

**શ્લોકાર્થ :** અનેક પ્રકારની નિજશકિતઓના સમુદાયમય આ આત્મા નયોની દ્દષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે માટે હું એમ અનુભવ છું કે-જેનાથી ખંડોને નિરાકૃત કરવામાં આવ્યા નથી છતાં જે અંખડ છે, એક છે, એકાંત શાંત છે અને અચળ છે એવું ચૈતન્ય મહાતેજ હું છું.

**ભાવાર્થ :** આત્મામાં અનેક શકિતઓ છે અને એક એક શકિતનો ગ્રાહક એક એક નય છે; માટે જો નયોની એકાંત દ્દષ્ટિથી જોવામાં આવે તો આત્મા ખંડ ખંડ થઈને આત્માનો જ નાશ થઈ જાય. આમ હોવાથી સ્યાદ્‌વાદી નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને અનેક શકિત સમુહરૂપ, સામાન્ય્ વિશેષસ્વરૂપ, સર્વશકિતમય એક જ્ઞાનમાત્ર અનુભવે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એમાં વિરોધ નથી. (૨૭૦)

શુધ્ધનયથી જોવામાં આવે તો શુધ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈપણ ભેદ દેખાતો નથી માટે જ્ઞાની અભેદજ્ઞાનરૂપ અનુભવમાં ભેદ કરતો નથી.

એક વસ્તુને દ્રવ્ય કહો તોય એ, ક્ષેત્ર કહો તોય એ, કાળ કહો તોય એ, ને ભાવ કહો તોય એ. જ્ઞાની પોતાની જ્ઞાનમાત્ર વસ્તુને એક-અભેદપણે ગ્રહણ કરે છે. ખંડખંડ કરી જોતો-અનુભવતો નથી. વસ્તુ દ્રવ્ય

કહો તોય એ દ્રવ્ય, ક્ષેત્ર કહો તોય અસંખ્યાત પ્રદેશી એ દ્રવ્ય, કાળ કહો તોય એ ત્રિકાળી દ્રવ્ય ને ભાવ કહો તોય એ જ્ઞાનમાત્ર દ્રવ્ય. એમ ચારેથી જોતાં જ્ઞાની અભેદ એક નિર્વિકલ્પ વસ્તુમાત્ર જ દેખે છે. અંતદષ્ટિમાં ભેદ નથી. એમાં તો એકલો અભેદનો જ અનુભવ છે.

**યોઽયં ભાવો જ્ઞાનમાત્રોઽહમસ્મિ;**
**જ્ઞેયો જ્ઞેયજ્ઞાનમાત્રઃ સ નૈવ ।**
**જ્ઞેયો જ્ઞેયઃજ્ઞાન કલ્લોલવલ્ગન્;**
**જ્ઞાનજ્ઞેયજ્ઞાતૃમદ્વસ્તુમાત્રઃ ॥૨૭૧॥**

**શ્લોકાર્થ** : જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્રમ જ ન જાણવો; (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે, જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતામય વસ્તુમાત્ર તે જ્ઞેય જાણવો યોગ્ય છે.

**ભાવાર્થ** : જ્ઞાનમાત્ર ભાવ જાણન ક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે. જ્ઞાનમાં પેસતાં નથી, જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનના કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાન કલ્લોલો જ જ્ઞાનવડે જણાયછે. આ રીતે પોતે પોતાથી જણાવવા યોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી પોતે જ પોતાનો જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ, જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય વિશેષરૂપ વસ્તુ છે. 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરૂષ અનુભવે છે. (૨૭૧)

**ક્વચિલ્લસતિ મેચકં ક્વચિન્મેચકામેચકં;**
**ક્વચિત્પુનરમેચકં સહજમેવ તત્ત્વં મમ ।**
**તથાપિ ન વિમોહયત્યમલમેધસાં તન્મનઃ;**
**પરસ્પરસુસંહત પ્રકટશકિતચક્રં સ્ફુરત્ ॥૨૭૨॥**

**શ્લોકાર્થ** : મારા તત્વનો એવો સ્વભાવ જ છે કે કોઈવાર તો તે આત્મતત્વ મેચક-અનેકાકાર, અશુધ્ધ-દેખાય છે, કોઈવાર મેચક-અમેચક બન્નેરૂપ દેખાય છે અને વળી કોઈવાર અમેચક-એકાકાર શુધ્ધ દેખાય છે; પરસ્પર સુસંહત-સારી રીતે ગુંથાયેલી પ્રગટ શકિતઓના સમુહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ

નિર્મળ બુધ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી.

**ભાવાર્થ :** આત્મતત્ત્વ અનેક શકિતઓવાળું હોવાથી કોઈ અવસ્થામાં કર્મના ઉદયના નિમિત્તથી અનેકાકાર અનુભવાય છે. કોઈ અવસ્થામાં શુધ્ધ-એકાકાર અનુભવાય છે અને કોઈ અવસ્થામાં શુધ્ધા-શુધ્ધ અનુભવાય છે. તોપણ યથાર્થજ્ઞાની સ્યાદ્‌વાદના બળથી ભ્રમિત થતો નથી, જેવું છે તેવું જ માને છે; જ્ઞાન માત્રથી ચ્યુત થતો નથી. (૨૭૨)

**ઈતો ગતમનેકતાં દધદિતઃ સદાપ્યેકતા -**
**મિતઃ ક્ષણવિભંગુરં ધ્રુવમિતઃ સદૈવોદયાત્ ।**
**ઈતઃ પરમવિસ્તૃતં ધૃતમિતઃ પ્રદેશૈર્નિજે -**
**રહો સહજમાત્મનસ્તદિદમદભુતં વૈભવમ્ ॥૨૭૩॥**

**શ્લોકાર્થ :** અહો ! આત્માનો તે આ સહજ અદ્‌ભૂત વૈભવ છે કે એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે. એક તરફથી જોતા પરમ વિસ્તૃત છે અને એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.

**ભાવાર્થ :** પર્યાયદષ્ટિથી જોતાં આત્મા અનેકરૂપ દેખાય છે અને દ્રવ્યદષ્ટિથી જોતાં એકરૂપ દેખાય છે. ક્રમભાવી પર્યાય દષ્ટિથી જોતાં ક્ષણભંગુર દેખાય છે અને સહભાવી ગુણદષ્ટિથી જોતાં ધ્રુવ દેખાય છે; જ્ઞાનની અપેક્ષાવાળી સર્વગત દષ્ટિથી જોતાં પરમ વિસ્તારને પામેલો દેખાય છે અને તે પ્રદેશોની અપેક્ષાવાળી દષ્ટિથી જોતાં પોતાના પ્રદેશોમાં જ વ્યાપેલો દેખાય છે. આવો દ્રવ્ય પર્યાયાત્મક અનંત ગુણધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે. તે અજ્ઞાનીઓને આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે ! જ્ઞાનીઓને જો કે વસ્તુ સ્વભાવમાં આશ્ચર્ય નથી તો પણ તેમને પૂર્વે કદી નહોતો થયો એવો અદ્‌ભૂત પરમ આનંદ થાય છે અને તેથી આશ્ચર્ય પણ થાય છે. (૨૭૩)

(૧) પર્યાયમાં અનેકતા છે (૨) પર્યાય ક્ષણભંગુર છે ક્ષેત્ર અપેક્ષાએ (૧) તે સર્વને જાણે છે તેથી સર્વગત છે અને (૨) છતાં અનાદિથી તે પોતાના પ્રદેશોમાં જ છે. આત્માનો વૈભવ કેવો છે ? પૂર્વાપર વિરોધી જેવા લાગતા છતાં પણ અવિરોધી છે. જેમ કે :- (૧) પર્યાયમાં અનેકપણું દેખાવા છતાં વસ્તુ તરીકે તે એક છે. (૨) પર્યાય ક્ષણભંગુર દેખાવા છતાં વસ્તુ તરીકે તે એકરૂપ ધ્રુવ છે. (૩) એક સમયનું જાણપણું થવાથી લોકાલોકમાં વ્યાપી

ગયો હોય તેમ જણાતાં છતાં તે પોતે નિજ અસંખ્યાત પ્રદેશોમાં જ સ્થિત છે.

**અર્થાત્**

(૧) આત્મામાં એકતા સાથે અનેકતા રહેલી છે. (૨) આત્મા વસ્તુ તરીકે કાયમ રહીને અવસ્થા તરીકે ક્રમે ક્રમે બદલાય છે. (૩) આત્મા એક જ સમયે સ્વક્ષેત્રમાં રહેલો છે એવો દેખાવા છતાં લોકાલોકને જાણવાની અપેક્ષાએ આખા લોકને ધારે છે એમ પણ દેખાય છે. આત્માને આવી રીતે જોઈએ ત્યારે આત્મા જાણ્યો કે અનુભવ્યો કહેવાય.

**કષાય કલિરેકતઃ સ્ખલતિ શાંતિરસ્ત્યેકતો;**
**ભવોપહતિરેકતઃ સ્પૃશસિ મુકિતરાપ્યેકતઃ ।**
**જગત્ત્રિયમેકતઃ સ્ફુરતિ ચિચ્ચકાસ્ત્યેકતઃ;**
**સ્વભાવમહિમાત્મનો વિજયતેઽદભૂતાદ્ભૂતઃ ॥૨૭૪॥**

**શ્લોકાર્થ :** એક તરફથી જોતાં કષાયોનો કલેશ દેખાય છે અને એક તરફથી જોતાં શાંતિ-કષાયોના અભાવરૂપ શાંતભાવ છે. એક તરફથી જોતાં સંસાર સંબંધી પીડા દેખાય છે અને એક તરફથી જોતાં મુકિત પણ સ્પર્શે છે. એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન થાય છે-દેખાય છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. આત્માનો અદ્ભૂતથી પણ અદ્ભૂત સ્વભાવમહિમા જયવંત વર્તે છે એટલે કે કોઈથી બાધા પામતો નથી.

**ભાવાર્થ :** ભાવાર્થ ૨૭૩ પ્રમાણે જ છે. આત્માનો અનેકાંતમય સ્વભાવ સાંભળીને અન્યવાદીને ભારે આશ્ચર્ય થાય છે. તેને આ વાતમાં વિરુધ્ધતા ભાસે છે. તે અનેકાંતમયા સ્વભાવની વાતને પોતાના ચિત્તમાં સમાવી કે જીરવી શકતો નથી. જો કદાચિત્ તેને શ્રધ્ધા થાય તોપણ પ્રથમ અવસ્થામાં તેને બહુ અદ્ભૂતતા લાગે છે કે "આ ભિન્ન વચનો મહા ઉપકારી છે, વસ્તુના યથાર્થસ્વરૂપને જણાવનારા છે. મે અનાદિકાળ આવા યથાર્થ સ્વરૂપના જ્ઞાન વિના જ ગુમાવ્યો-ખોયો છે.

જયંતિ સહજતેજ : પુંજમજ્જત્રિલોકી -
સ્ખલદખિલ વિકલ્પોઽપ્યેક એવ સ્વરૂપઃ ।
સ્વરસ વિસરપૂર્ણાચ્છિનનતત્વોપલંભઃ,
પ્રસભનિયમિતાર્ચિશ્ચિચ્ચમત્કાર એષઃ ॥ ૨૭૫॥

**શ્લોકાર્થ :** સહજ તેજ પુંજમાં ત્રણ લોકના પદાર્થો મગ્ન થતાં હોવાથી જેમાં અનેક ભેદો થતા દેખાય છે તોપણ જેનું એક જ સ્વરૂપ છે જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ ઉપલબ્ધિ છે અને અત્યંત નિયમિત જેની જ્યોત છે અર્થાત્ અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે એવો આ ચૈતન્ય ચમત્કાર (પ્રત્યક્ષ અનુભવગોચર) જયવંત છે. કોઈથી બાધિત કરી શકાતો નથી. આ જ મંગળ છે.

**અવિચલિત ચિદાત્મન્યાત્મનાત્માનમાત્મ -**
**ન્યવરતનિમગ્નં ધારયદ્ ધ્વસ્તમોહમ્ ।**
**ઉદિતમમૃતચન્દ્ર જ્યોતિરેતત્સમન્તા ।**
**જ્જવલતુ વિમલપૂર્ણં નિસપત્નસ્વભાવમ્ ॥૨૭૬॥**

**શ્લોકાર્થ :** જે અચળા ચેતનાસ્વરૂપ આત્મામાં આત્માને પોતાથી જ અનવરતપણે-નિરંતર-નિમગ્ન રાખે છે. જેણે મોહનો નાશ કર્યો છે, જેનો સ્વભાવ નિસપત્ન (પ્રતિલક્ષી કર્મો વિનાનો) છે. જે નિર્મળ છે અને જે પૂર્ણ છે એવી આ ઉદય પામેલી અમૃતમયા ચંદ્રમા સમાન જ્યોતિ સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.

**ભાવાર્થ :** જેનું મૃત્યુ નથી તથા જેનાથી અન્યનું મૃત્યુ નથી તે અમૃત છે; વળી જે અત્યંત સ્વાદિષ્ટ હોય તેને લોકો રૂઢિથી અમૃત કહે છે અહીં જ્ઞાનને-આત્માને અમૃતચંદ્ર જ્યોતિ કહેલ છે તેમ જાણવું.

આત્માને અમૃતમય ચંદ્રમાં સમાન કહ્યો હોંવા છતાં, આત્માને ચંદ્રમાં સાથે વ્યતિરેક પણ છે; કારણ કે 'ધ્વસ્ત મોહ' વિશેષણ અજ્ઞાનરૂપી અંધકારનું દૂર થવાનું જણાવે છે. 'વિમલપૂર્ણ' એટલે મળરહિતપણું બતાવે છે. નિઃસંપત્ન સ્વભાવ'-રાહુ બિંબથી તથા વાદળાં આદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે. 'સમંતાત્ જવલતુ' કહ્યું છે તે સર્વ ક્ષેત્ર તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે, ચંદ્રમાં આવો નથી. (૨૭૬)

અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગ-દ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો. ક્રિયાના ફળનો ભોકતા થતો હતો-ઈત્યાદિ ભાવો કરતો હતો; પરંતુ હવે જ્ઞાન દશામાં તે ભાવો કાંઈ જ નથી એમ અનુભવાય છે એમ કહે છે. (૨૭૬)

**યસ્માદ્ દ્વૈતમભૂત્પુરા સ્વપરયોર્ભૂતંયતોઽત્રાંતરં;**
**રાગદ્વેષપરિગ્રહે સતિ યતો જાતં ક્રિયાકારકૈઃ ।**
**ભુંજાના ચ યતોઽનુભૂતિરખિલં ખિન્ન ક્રિયાયાઃ ફલં,**
**તદ્વિજ્ઞાનઘનૌઘમગ્નમધુના કિંચિન્ન કિંચિત્ખલુ ॥૨૭૭॥**

**શ્લોકાર્થ :** જેનાથી પ્રથમ પોતાનું અને પરનું દ્વૈત થયું, દ્વૈતપણું થતા જેનાથી સ્વરૂપમાં અંતર પડયું. સ્વરૂપમાં અંતર પડતાં જેનાથી રાગદ્વેષનું ગ્રહણ થયું. રાગ-દ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાના કારકો ઉત્પન્ન થયા, કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ-ખેદ પામી તે અજ્ઞાન હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું અર્થાત્ જ્ઞાનરૂપે પરિણમ્યુ તેથી હવે તે બધું ખરેખર કાંઈ જ નથી.

**ભાવાર્થ :** પરસંયોગથી જ્ઞાન જ અજ્ઞાનરૂપે પરિણમ્યું હતું. અજ્ઞાન કાંઈ જુદી વસ્તુ નહોતી; માટે હવે જયાં તે જ્ઞાનરૂપે પરિણમ્યું ત્યાં તે કાંઈ જ ન રહ્યું, અજ્ઞાનના નિમિત્તે રાગ, દ્વેષ, ક્રિયાનું કર્તાપણું, ક્રિયાના ફળનું ભોકતાપણું ઈત્યાદિ ભાવો થતા હતા તે પણ વિલય પામ્યાં; એક જ્ઞાન જ રહી ગયું. **માટે હવે આત્મા સ્વ-પરના ત્રિકાળવર્તી ભાવોને જ્ઞાતાદ્રષ્ટા થઈને જાણ્યા-દેખ્યા** જ કરો. (૨૭૭)

આગળ કહ્યા પ્રમાણે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસવાથી આ સમયસારની વ્યાખ્યા કરવાની પણ ક્રિયા મારી નથી. એવા અર્થનું સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારૂં કાવ્ય હવે કહે છે :-

**સ્વશકિતસંસૂચિત વસ્તુ તત્ત્વૈઃ,**
**વ્યાખ્યા કૃતેયં સમયસ્ય શબ્દૈઃ ।**
**સ્વરૂપ ગુપ્તસ્ય ન કિંચિદસ્તિ;**
**કર્તવ્યમેવામૃતચંદ્રસૂરેઃ ॥૨૭૮॥**

**શ્લોકાર્થ :** પોતાની શકિતથી જેમણે વસ્તુનું તત્વ-યથાર્થસ્વરૂપે સારી રીતે કહ્યું છે એવા શબ્દો વડે આ સમયની વ્યાખ્યા-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા 'સમયસાર' શાસ્ત્રની ટીકા કરી છે; સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું તેમાં કાંઈ જ કર્તવ્ય નથી એટલે કે હું આત્મા એક જ્ઞાનાનંદસ્વરૂપ છું એવી દષ્ટિ થઈ

હોવાથી જ્ઞાનદશામાં શરીરની, વાણીની કે રાગની ક્રિયા પોતાની ભાસતી નથી. પર્યાય રાગથી વિમુખ થઈ સ્વભાવની સન્મુખ થઈ, પોતાનું અસ્તિત્વ પૂર્ણ સ્વરૂપ અનુભવમાં આવ્યું તો તે દશા થતાં કહે છે કે :- જ્ઞાનીને શરીરની કે વાણીની ક્રિયા કે વ્યવહારનો જે વિકલ્પ ઉઠે છે તે ક્રિયા મારી છે, હું તેનો કર્તા છું એમ ભાસતું નથી.

* * *

## આત્માનુભૂતિ

જેમ દહીં વલોવવાથી માખણ કયારેક કયારેક નીકળે છે તેમ આત્માના શુધ્ધ સ્વરૂપની ભાવના કરતાં સ્વાનુભૂતિ કયારેક થોડી ક્ષણ માટે થાય છે. સ્વાનુભવ સમયે શુધ્ધ નયનું અવલંબન પણ છુટી જાય છે. જયારે ઉપયોગ આત્મામાં સ્થિરતા પામે છે, ત્યારે ન તો ઈન્દ્રિયોના વિષયોનું ધ્યાન હોય છે કે મનની અંદર સંકલ્પ વિકલ્પ હોય છે. સ્વાનુભવમાં આત્મા એવો સ્થિર થઈ જાય છે કે સાધક-સાધ્યનો, ધ્યાતા-ધ્યેયનો, જ્ઞાતા-જ્ઞેયનો સઘળો દ્વૈતભાવ સ્વાનુભવમાં લય પામી જાય છે, કે જે દશા વચન અને મનથી અગોચર હોય છે. ત્યારે આત્મા સ્વયં અનુભવના રસાસ્વાદને પ્રત્યક્ષરૂપે વેદે છે, સ્વાનુભવ કે આત્માનુભૂતિ પ્રત્યક્ષજ્ઞાન છે. એટલે કે વેદ્યવેદક ભાવપણે આસ્વાદરૂપ છે. સ્વાનુભવ તે આત્તમાનું સામાન્યજ્ઞાન છે. જેમાં આત્મા પોતાના સ્વરૂપના આનંદને અંશે વેદે છે. સંપૂર્ણ આનંદનું વેદન તો તેરમા ગુણસ્થાને રહેલા સર્વજ્ઞને હોય છે.

આત્માનુભૂતિ ને આત્મિકભાવ, સ્વાનુભૂલ્િ, નિર્વિકલ્પ દશા, આત્મ સ્ફૂરતિ, આત્મ પરિણતિ, આદિ નામથી ઓળખવામાં આવે છે.

આત્માનુભૂતિ એટલે સમ્યગ્દર્શન. પરંતુ આ નિર્વિકલ્પ દશા અર્થાત્ ઉપયોગાત્મક આત્માનુભૂતિ સતત રહેજ એવો નિયમ નથી. તેથી સમ્યગ્દર્શન નાશ પામી જતું નથી પણ તે સ્થિતિ અંતરમાં સ્થિત રહેલી હોય છે અને આત્મા સવિકલ્પદશામાં આવી જાય છે. કારણ કે આ જ્ઞાન છદ્મસ્થ અવસ્થાનું જ્ઞાન છે. તેથી ઉપયોગ પલટાઈ શકે છે. પણ પ્રતીતિ કાયમ રહી શકે ખરી ! એટલે કે સ્વરૂપ આચરણ રહેલું હોય છે.

# નોંધ

# નોંધ

# કંડિકાઓ

(૧) આ એક સિધ્ધાંત છે કે :- સ્વભાવને સાધનારા પરિણામ સ્વભાવરૂપ હોય, વિભાવરૂપ ન હોય, વિરૂધ્ધા જાતના ભાવોમાં સાધક-સાધ્યપણું હોય નહિ. મોક્ષમાર્ગ આત્માના સ્વભાવ આશ્રિત છે, રાગને આશ્રિત નથી. આત્માનો સાધક આત્મારૂપ થઈને આત્માને સાધે છે, રાગરૂપ થઈને આત્મા નથી સધાતો.

(૨) સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો શુધ્ધ થાય-એક જાતના થઈને બન્ને તદ્રુપ થાય તો જ સ્વાનુભૂતિ થઈ શકે. શુધ્ધાત્માની વીતરાગી અનુભૂતિ રાગભાવ વડે થઈ શકે નહિ. શુધ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ રાગરૂપ ન હોય. શુધ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ શુધ્ધાત્માની જાતનો વીતરાગભાવ જ હોય. રાગભાવમાં વીતરાગભાવની અનુભૂતિ ન હોય.

(૩) માહાત્મય કરવા યોગ્ય દુનિયામાં કાંઈ હોય તો તે એકમાત્ર સર્વજ્ઞ પ્રણીત ધર્મ અને તેને ધરનારા ધર્માત્મા જ છે તેને ઓળખીને તેનું જ બહુમાન કરો. જેને પોતામાં ધર્મ પ્રિય હોય તેને ધર્માત્માઓ પ્રત્યે બહુમાન આવે જ. ધર્માત્માનું બહુમાન તે ધર્મનું જ બહુમાન છે.

(૪) શુધ્ધ વસ્તુસ્વરૂપને અનુભવનારો ભાવ તે વસ્તુમાં લીન થયેલો છે. વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી. શુધ્ધ વસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે, વિકલ્પ તેનાથી બહાર છે.

# કંડિકાઓ

(૧) અધ્યાત્મરસ એ જગતના બધા રસો કરતાં સર્વોત્કૃષ્ટ છે.

(૨) અધ્યાત્મરસના પાનથી સંસારના સંતપ્ત જીવો પરમ તૃપ્તિ અનુભવે છે.

(૩) જેઓ સ્વાનુભવરૂપે સાક્ષાત્ પરિણમ્યા છે, એવા સંતોનો સાક્ષાત્ સમાગમ મળ્યો. એમના ચરણોની સાક્ષાત્ ઉપાસના મળી અને એમની વાણીનું સાક્ષાત્ શ્રવણ મળ્યું, એનાં કેવા ધન્ય ભાગ્ય !

(૪) અધ્યાત્મતત્ત્વના જિજ્ઞાસુને અંતરમાં વૈરાગ્ય અને કષાયની મંદતા તેને જ આત્મસ્વરૂપની જિજ્ઞાસા જાગે. જો સ્વભાવની પરિણતિ પ્રગટ કરીને સાથે ન લઈ જઈશું તો આ જીવનમાં શું કર્યું ?

(૫) હે જીવ ! તારા અનંત ગુણો જ તારા સદાયના સાથીદાર છે. તે જ દુઃખથી તારી રક્ષા કરનારા અને સુખ આપનારા છે. રાગ તો તારો વિરોધી છે. એ તને સુખ આપનાર નથી, પણ દુઃખ આપનાર છે. માટે તેનો સાથ છોડ, ભેદજ્ઞાન વડે એને પારકો બનાવ; અને તારા અંતર્મુખ સ્વગુણોને પોતાના બનાવીને તેનો સંગ કર તો એ તને પરમ આનંદ આપશે.

(૬) આત્માના સ્વભાવનો જેને રંગ લાગે છે ને પરભાવની વાત પારકી લાગે છે, આવો જીવ પરભાવોથી જુદો પડી શુધ્ધ સ્વભાવને અનુભવે જ છે.

(૭) મુમુક્ષુને તો પરભાવમાં થાક લાગે ને સ્વભાવ સાધવામાં પરમ ઉત્સાહ જાગે.

(૮) શુધ્ધ વસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે, વિકલ્પક એનાથી બહાર છે.